ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ માજીદાણી
માળીયા (મીયાણા)



કોઇ ગામ વાળા મુદ્દલમદદ આપતાનથી, કોઇ ગામવાળા થોડી મદદ આપેછે તેમના માટે નીચે ત્રીજીકલમ મુજબ ઠેરાવકર્યોછે-

૩—જેજે ગામવાળા મદદ આપતાનથી અથવા ઓછી મદદ આપેછે, તે સર્વેએ આશરે ત્રીજા ભાગ જેટલી મદદ આપવી. દાખલા તરીકે જે ગામના મોઅલ્લીમને રૂ.૨૫ નો પગારછે ત્યાંવાળાએ માસીક રૂ.૮ આપવા, રૂ.૩૦નો પગારછે ત્યાંવાળાએ રૂ.૧૦ આપવા, રૂ.૩૫નો છે ત્યાં વાળાએ રૂ.૧૧ આપવા, રૂ.૪૫ છે ત્યાં વાળાએ રૂ.૧૫ આપવા. રૂ.૫૦નો પગારછે ત્યાં વાળાએ રૂ.૧૬ આપવા ઇત્યાદી.

૪—જે ગામવાળા એમુજબ ત્રીજા ભાગની મદદ નહીં આપે તો ત્યાંનો મદરેસો બંધકરીને મોઅલ્લીમને રજા આપવામાં આવશે, અથવા કોઇ ગામવાળા ત્રીજા ભાગની મદદ આપવા તય્યાર થશે તો ત્યાં મોઅલ્લીમને મોકલીને મદરેસો ચાલુ કરવામાં આવશે, અને કોઇ ગામવાળા બીજે જુવે તે ઠેકાણેથી વધની ઓછી મદદ મંગાવીને ત્રીજા ભાગની રકમ આપશે તો અમોને વાંધો નથી; પણ અમારી જાણ માટે જાહેર કરવું પડશે કે બીજેથી અટલી મદદ મંગાવીછે. અને મદદ આપનારનું નામ ખાનગી હશે તો નામને બદલે બંદે ખુદા લખશો તો પણ બસછે.

૫—ગામવાળાઓએ જમાત તરફથી કે બીજેથી મદદ મેળવવા, અને મોઅલ્લીમને બીજી નોકરી કે ધંધો શોધવામાટે દશ પંદર દીવસ બસછે છતાં અમો પુરા બેમાસની મોહલત આપીએ છીએ, કે તા-૧લી અપ્રેલથી તા-૩૦મી રબીઉલ અવ્વલ સુધી જે ગામ વાળા ત્રીજા ભાગની મદદ આપવી કબુલ કરશે ત્યાં મદરેસો જારી રાખવામાં આવશે, અને ત્યાં સુધી પણ મદદ આપવી કબુલ નહીં કરેતો તે મદરેસો બંધ કરવામાં આવશે, અને મોઅલ્લીમે એ બેમાસની અંદર પોતાનું સુજતુ કરીલેવું કેમકે તેમને પણ લાચા રીથી દીલગીરી સાથે રજા આપવામાં આવશે.

**લ૦ હીદાયત ફંડના ટ્રસ્ટીઓના હુકમથી ટ્રસ્ટી મેનેજર હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલના સલામુન અલયકુમ વરહમતુલ્લાહે વબરકાતોહ.**

## શેહઝાદી હુરનો રસીક કીસ્સો,

આની અંદર પાંચ પ્રકરણ અને તેરહીકાયતો છે જેમકે ૧—ઝુલ્મની નીય્યતથી થતા નુકશાન ૨-બગદાદનીબાનુ ઝોબેદા. ૩-શાહઝાદીમીનરકીસ. ૪-પોતાની કોમને બચાવી જાનકુરબાનકરનાર ઓરત. ૫-પથ્થરમાંથી હીરો. ૬-અજબઅદાલત ૭-એક મઝલુમની આહ. ૮-સખતીનો અજાએબ અહવાલ; ૯-એક મુલ્લાનો વીચીત્ર અહવાલ; ૧૦-બેઇમાનઅવલાદસીશે. ૧૧-એકપરહેઝગાર નવ્વાબ, ૧૨-મકરબાજબુઢી, ૧૩-એકદીનદાર, ૧૪-શાહઝાદીહુરની કેળવણી ઇમાનદારી અને શાદી, પેજ૩૦૦ કાગળ ઉંચા પુઠું પાકું છીટનું વેલ્ફુલવાળું છતાં ફકતકીંમતરૂ૧ાા પો.જુદું.

હાજી મહંમદજાફર શરીફભાઈ.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી


જવાનું થાયતો રૂ-૫૦૦ તારથી મંગાવા કહ્યું. તેમજ એક સય્યદ દખણ હયદરાબાદથી જીયારત માટે તડપતાહતા, અને જોગ નહતો ત્યાં જીંદગીના વીમાના બેહઝાર રૂપીયા મળીગયા અને તરત તે લઇને મુંબઇ આવ્યા, એ બે સય્યદ તથા ધોળેરાવાળી એક ગરીબબાઇ સંતોકબાઇ કે જેણે નોકરી કરીને નાણું ભેગું કર્યું ( શાબાશ આફરીન ) તે મળી ૧૭ જણ મશહદ જવા કુવેટા બને દોઝદાબ રસ્તે રવાના થયાછે, તેઓએ મોટરો મુંબઇથી વેચાતી લઈને પંદર દીવસ પહેલા રેલમારફત દોઝદાબ મોકલી આપી છે. અને એક પારસી ગ્રહસ્થ મોટરના કારખાનાવાળા પણ સાથેછે કે તેઓ મશહદ સુધી સાથે જઇ આવશે; જો ઠીક પડશે તો એજ મોટરો પાછા ફરતી વખતે દોઝદાબમાં ખરીદી લઇને દોઝદાબથી મશહદની અઠવાડીક લાઇન ચાલુ કરશે.

**ભાવનગર**થી કરબલાએ મોઅલ્લા જીયારત કરવા જવા માટે તા. ૨૩ મોહર્રમના શેઠ ગુલામહુસેનભાઇ મોહમ્મદઅલીભાઇ વકીલ બચ્ચાઓ સહીત, શેઠછગનભાઇ અલીભાઈ, શેઠ દેવજીભાઇ અલીભાઈ, શેઠ શીરમોહમ્મદભાઇ મેગજીભાઇ એ સર્વે જણ કુંટુંબ સહીત. શેઠનુરમો હમ્મદભાઇ વેલશીભાઇની સહોદાર તથા ફરઝંદ, ઘોઘાવાળા શેઠશરીફભાઈ રહીમભાઈ, શામપરાથી શેઠનઝરઅલીભાઇ હેમરાજભાઈ; વરતેજથી શેઠલવજીભાઇ કાસમભાઇ, આસર્વે પોત પોતાની મોહરદ સહીત, અને શેઠનાનજીભાઇ ભીમજીભાઇ; તથા બાઈ સંતોકબાઇ; મળીઆશરેત્રીસજણ મુંબઈ રવાના થયાછે; અને મુંબઇથી અવાર નવાર વીસ પચીસ બીરાદરો જાયછે જેમના નામ કાંઇ લખતુનથી તથા અમદાવાદથી શેઠરાજેમોહમ્મદભાઇ ખુશાલભાઈ પણ કરબલા ગયા છે.

**અલ્લાહ તઆલા** એ જીયારત કરી આવ્યા તેમની જીયારત કબુલ ફર માવે; અને જીયારત કરવા ગયાછે તેમને જીયારતો નસીબ કરીને સહીહ સલામત વતન પહોંચાડે આમીન, આવી હીમ્મત કરીને નાણું એવા અઝીમ સવાબના કામમાં ખર્ચ કર્યું તેનો દુન્યા તથા ખાસકરીને આખેરતમાં અજ્રએબ એવજ અતા ફરમાવે આમીન. જે **સાહેબોને** શોખ હોય કે મફતમાં નજીવી મેહનતમાં જીયારતનો સવાબ હાંસીલ કરે તો ઝવ્વારો પાછા ફરે ત્યારે તેમની સામા ઇસ્તેકબાલ માટે જાય તેમને માન આપી સલામકરે.

---

મુંબઇમાં આપણી મસજીદની સામે એક નવી મહફીલ ખોલવામાં આવી છે જે જાહેર કરવા લખેલ છે: પણ નામ લખતા ભુલી ગીએલ છે, હાલ ફાળો કરીને ચાલુ કરેલ છે, ખુદા તરક્કી કરે.

મુંબઇ—ખોજા શીઆહ ઇસ્નાઅશરી રીડીંગ રૂમ અને લાયબ્રેરી (વોલન્ટીઅર કોર હસ્તક)નો અગષ્ટમાં ૧૬૩૧ ગ્રહસ્થોએ લાભ લીધો હતો.

---

# માબાપના હક.

આ કીતાબ ખલાસ થવાથી ત્રીજી વખત છપાવી છે એ વાંચવાથી અવલાદ માબાપનિ તાબેદાર દીનદાર બનિ જાય છે, દોઆએ મશલુલ પણ દાખલ કરેલ છે; પેજ ૧૩૬ રૂ ૦ાા પો. જુદુ **વકફ** કરાવવી હોય તો સવાબ મેળવો.

## આવતા માહે રબીઉલઅવ્વલનું ઇસ્લામી પંચાંગ, સન૧૩૪૧ હીજરી.

[ બીજ વખતે વહેલી મોડી દેખાય કે સાબીત થાય તે અમલ કરનારે હીસાબ કરવો. ]

**સંવત ૧૯૭૯ ના કારતક સુદ ૨ થી માગસર સુદ ૨ સુધી.**
**ઈસ્વીસન ૧૯૨૨ તા. ૨૨મી અકટોમ્બરથી તા. ૨૦-મી નવેમ્બર સુધી.**

| વાર. | ઈંગ્રેજી તારીખ. | ગુજરાતી તારીખ. | ઇસ્લામીતારીખ. | જાણવાજોગ બાબતો. |
|---|---|---|---|---|
| રવી | ૨૨ | ૨ | ૧ | આજે હઝરતે રસુલે ખુદા સ૦ હીજરત કરી મદીનાથી મક્કા તરફ જવાનો |
| સોમ | ૨૩ | ૩ | ૨ | ઈરાદો કરીને રાતના ગારમાં છુપી ગયા અને પોતાની જગ્યોએ હ૦ અલી |
| ભોમ | ૨૪ | ૪ | ૩ | અ૦ને સુવરાવ્યા, હ૦ અલી અ૦ જાનની પરવા ન રાખતા દુશમનોનો |
| બુધ | ૨૫ | ૫ | ૪ | ખોફ હોવા છતાં બેધડક સુઇ રહયા તેથી તેઓની તાઅરીફમાં ખુદાએ |
| ગુરૂ | ૨૬ | ૬ | ૫ | આયત✻ નાઝીલ ફરમાવી, તો એ દીવસે સુન્નત રોજો રાખવો વીગેરે અઅ- |
| શુકર | ૨૭ | ૭ | ૬ | માલ છે વધુ વીગત અઅમાલની કીતાબ "ઝાદુસ્સાલેહીન"માં જુઓ. |
| શની | ૨૮ | ૮ | ૭ | |
| રવી | ૨૯ | ૯ | ૮ | આજે હઝરતે ઇમામે હસને અસકરી અલયહીસ્સલામની શહાદત છે. |
| સોમ | ૩૦ | ૧૦ | ૯ | આજેઅહલેબયતઅલયહીમુસ્સલામનો દુશમન ઉમરસાઅદ જહન્નમવાસીલ થયોછે. |
| ભોમ | ૩૧ | ૧૧ | ૧૦ | આજે હ૦ રસુલેખુદા સ૦ના નીકાહ જનાબે ખદીજતુલ કુબરાની સાથે થયાછે. |
| બુધ | ૧ | ૧૨ | ૧૧ | |
| ગુરૂ | ૨ | ૧૩ | ૧૨ | આજે મરવાનીયોની હુકુમત ખલાસ થઇ ગઇ અને તેનો અંત આવ્યો છે |
| શુકર | ૩ | ૧૪ | ૧૩ | |
| શની | ૪ | ૧૫ | ૧૪ | આજે અહલેબયત અ૦નો કાતીલ યઝીદ પલીદ જહન્નમ વાસીલ થયો છે. |
| રવી | ૫ | ૧ | ૧૫ | |
| સોમ | ૬ | ૨ | ૧૬ | |
| ભોમ | ૭ | ૩ | ૧૭ | આજે હઝરતે રસુલેખુદા સ૦ તથા હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ની |
| બુધ | ૮ | ૪ | ૧૮ | વીલાદત (જન્મ) છે તથા મેઅરાજની રાત હોવાની પણ હદીસો છે. |
| ગુરૂ | ૯ | ૫ | ૧૯ | |
| શુકર | ૧૦ | ૬ | ૨૦ | ☞ ૧૫-મી અકટોબરથી, ૧૫-ફેબરૂઆરી સુધી સરદી વધારે હોય છે, |
| શની | ૧૧ | ૭ | ૨૧ | માટે ગરમ કપડા પહેરવા, ગોશ્ત તથા પુષ્ટીકારક ખોરાક લેવો, |
| રવી | ૧૨ | ૮ | ૨૨ | છાતી તથા ગળાને ખુલ્લા રાખવા નહીં, થંડા પાણીથી નહાવુંનહીં: |
| સોમ | ૧૩ | ૯ | ૨૩ | સવારના વહેલા બાહેર જાવું નહીં, ગરમ મોજા પહેરવા, કબજીયાત |
| ભોમ | ૧૪ | ૧૦ | ૨૪ | હોય તેને દુર કરવાની દવા વાપરવી. |
| બુધ | ૧૫ | ૧૧ | ૨૫ | |
| ગુરૂ | ૧૬ | ૧૨ | ૨૬ | |
| શુકર | ૧૭ | ૧૩ | ૨૭ | |
| શની | ૧૮ | ૧૩/૧૪ | ૨૮ | |
| રવી | ૧૯ | ૧ | ૨૯ | |
| સોમ | ૨૦ | ૨ | ૩૦ | |

**પરચુરણબાબતો.**

આ મહીનાની ૪-૧૦ ૨૦ તારીખ નહસે. અકબર એટલેબહુજ ખરાબછે.

**કમરદર અકરબ,** (વીંછુડો) ૨-૩છનાછે. શુભ કામ કરવું નહી મુસાફરીએ જવું નહી.

દર મહીનાની છેલ્લી બે તારીખ નીકાહ તથા સફર માટે ખરાબ છે.


✻એ આયતની તફસીર બીજા સીપારામાં સુરએ બકરનીર૦૭મી આયતમાં અમોએ કુર્આનની ગુજરાતી તફસીર તથા તરજુમામાં ખુલાસાથી લખીછે, તે વાંચવાથી વધારે ખુલાસો મળશે.

# મુસાવાત વીશે.

(શાંતમને વાંચશોતો કાંઇનવીન જાણશો

## યદુલ્લાહ

શાહે મર્દાં　　　　　　　　લાફતા
શેરે યઝદાં　　　　　　　　ઈલ્લા અલી
કુંવતે પર-　　　　　　　　લાસૈફ ઈલ્લા
વર દીગાર　　　　　　　　ઝુલ્ફકાર.



હ૦ અલી અ૦ને હ૦ રસુલ સ૦એ ઇલ્મ તઅલીમ કરવાનો ખુલાસો.

### ઊસુલે દીનમાં તકલીદ કોઇની થઇ શકતી નથી.

### મુસાવાતઊસુલેદીનમાંહોવાથીતેમાંતકલીદ થઇશકે નહીં.

બહરૈન અલગહેં યેહ ભલા કૌન કહેગા ?!
હયદરકો પયગમ્બરસે જુદા કૌન કહેગા ?!
એઅજાઝ રકમ સબકે કુલમ હો નહીં સકતે !!
હરચોબકો મુસાકા અસા કૌન કહેગા✱ ?!

✱ આ એક શાએરે રૂબાઇ (ચોપાઇ) કહી છે, તેના અર્થ એકે ખુદાએ જે બે દર્યાને એકજ સાથે રાખ્યાછે તેને કોણ જુદા કહી શકે ?! તેમજ હ૦ મોહમ્મદ મુસ્તફા સ૦ તથા હ૦ અલી અ૦ બન્નેને એકજ "નૂર"થી પયદા કર્યા અને એકજ છે તેમને કોણ જુદા કહી શકે ?! કલમનો ઘણાની ચાલે છે પણ દરેક કલમને અજાએબ લખનાર કોણ કહી શકે ?! જેકે "અસા" (હાથમાં રાખવાની લાકડી) તો ઘણા છે; પણ હ૦મુસા અ૦ના કરામતવાળા અસા સમાન દરેક અસાછે તેમ કોણ કહી શકે ?!

**આ લખાણ**થી કોઇ સાથે વાદવીવાદમાં ઉતરવા માગતો નથી, અગરચે હું આલીમ નથી, પણ જે બે કલેમા અહલેબયત અ૦ના સદકાથી અલ્લાહે ઇનાયત ફરમાવ્યા છે, તે છુપાવું તો કાલે કયામતમાં હ૦ મોહમ્મદ મુસ્તફાસ૦ વી૦ને શું જવાબ આપું ? કે તેઓ ફરમાવે કે મેં મ્હારા ભાઇ કુવ્વતે બાઝુના ફઝાએલ બયાન કરવામાં મુનાફેકોના મ્હેણા ખાધા; ગીબત અને મઝીમ્મત સહન કરી, અને હું દરેક મવકે અલી અ૦ના ફઝાએલ જાહેર કરતો હતો તેની તને ખબર નહતી ? માટે મ્હારા દીની બીરાદરોની જાણ માટે પેશ કરૂં છુ, જેઓને મ્હારા લખાણથી ખાત્રી થાય તેમણે માન્ય રાખીને ઇમાનને કામીલ કરવું; અને જુવે તે કારણથી કોઇ માન્ય રાખે નહીં તો તેની મરજી, પણ મ્હેરબાની કરીને એ મવલા અને આકાની ફઝીલતને તોડવા અને ઘટાડવા તનતોડ મેહનત ન કરે એવી અરજ છે, છતાં દરેક જણ પોત પોતાનો મુખ્તાર છે.

મુસાવાત વીશે ચારે તરફ સુર્ય કરતા પણ વધારે રવશન થઇ ગયું, અને જ્યાં જ્યાંથી કાગળો આવે છે તેઓ સર્વે એમજ લખે છે કે અમો મુસાવાતની બાબતો વાંચીને ઘણાં ખુશી થયા કે અમારા નુરેઇમાન અને માઅરેફતે અઇમ્માહ અ૦મા વધારો થયો, અને એ વીશે છેડતી કરનાર વીશે ઘણા જણે જે સખત શબ્દો લખેલ છે તે અમો લખવા માગતા નથી.

કેટલાંક સાહેબોવધારે જાણવા માટે કેટલીક બાબતો પુછાવે છે, જેમકે "મોરીસ"ની ઇસ્નાઅશરી જમાત હસ્તે શેઠ કાસમ અલીભાઇ ઇસમાઇલભાઇ તા. ૨૭-૭-૨૨ના કાગળમાં લખે છે કે રાહેનજાત કીતાબ ૩૦ મી અંક ૭-૯-૧૦-૧૨-એ સર્વે વાંચીને અમો ઘણા ખુશી થયા છીએ, એ વાંચીને આપને આશીર્વાદ દીધા છે, અને અમો સર્વે એમુસાવાતની બાબત વાંચીને સારી પેઠે સમજીયા છીએ, પણ ખસાએસે નોબુવ્વતથી મતલબ શું થાય છે તે કેવી ફઝીલત છે તે રાહેનજાતમાં છાપીને જાહેર કરી આભારી કરશો, અને હ૦ કાસીમ અ૦ની શાદી બાબે તમારો શું મત છે તે લખશો.

કેટલાંક લખે છે કે કોઇકોઇ તમારાથી વીરૂધછે, તેઓ પણ મુસાવાતના બયાન વાંચીને ખુશી થઇને તમારી તારીફ કરે છે, અને છેડતી કરનારના દોસ્ત હોવા છતાં .... .... ... ... .... .... .... .... ... .... ....

મુંબઇથી શેઠ અલીભાઇ બાબુલભાઇ વજીર લખેછે કે મુસાવાતનો ઇન્કાર કરનાર અત્રે જુજ છે, અને તેઓનું કહેવું કે હ૦ રસુલે ખુદાએ હ૦ અલીઅ૦ને ઇલ્મ તાઅલીમ કર્યું તેનો સંપુર્ણ ખુલાસો થવો જુવે કે તેથી શું સમજવું.

તો આ સર્વેથી જાહેર થયું કે મુસાવાતનો વીષય નિર્થક અને નકામો

અને કોમને જાહેર કરવા જેવો નહતો તેમ નથીજ, બલકે ઘણુંજ સારૂ થયું, અને ઈમાન કામીલ થવાની અને અંધારામાં રહેલી બાબત રવશન થઈ, એતો આપણા ખ્યાલ મુજબ છે, પણ ખુદા અને રસુલ તથા ઇમામો કેટલાં ખુશ થયા અને થશે તે ઇન્શા અલ્લાહ કયામતમાં ખબર પડશે. ! ! !

પહેલે એક બાબત ધ્યાનમાં રહે, અને તે પણ હજુ સુધી મારી ગફલતથી આપણી કોમમાં ઘણે ભાગે અંધારામાંજ હતી, જો કે કેટલેક મવકે ટુંક લખાએલ છે, હવે ખુલાસાથી જાણો કે આપણા મઝહબમાં મુખ્ય બે બાબત છે કે તેના ઉપરજ આખા ઇસ્લામનો આધાર છે, એક "**ઊસુલેદીન**" બીજુ "**ફુરૂએદીન,**" ઉસુલેદીન એટલે દીનના મુળ, અને તે પાંચ છે. અને તે કરવાનો અમલ નથી પણ એઅતેકાદ રાખવાની બાબતો છે.

૧-તવહીદ (ખુદા એક છે) ૨-અદલ (ખુદા આદીલ છે) ૩-નોબુવ્વત (પેગમબરો હકછે) ૪-ઈમામત (ઇમામો બરહક છે) ૫-કયામત (મરવા પછી સર્વેને સજીવન કરી હીસાબ લઈ બદલો આપશે)

તો આ ઊસુલેદીનમાં કોઇ મુજતહેદની પણ તકલીદ કરવી જાએઝ નથી, કેમકે તેમાં તકલીદ કરે તો બોજે મને શેલવાનું થાય, માટે એ બાબતોને અક્કલમાં ઊતારીને તેનો એઅતેકાદ રાખવો જોઇએ, જો કે પહેલેથી આપણ સમજતા ન હઇએ એટલે આલીમોએ ખુદા રસુલ ઇમામોએ ફરમાવેલ ખુલાસા કર્યા હોય તે ઊપર વીચાર કરીને વધારે આલીમ અને વધારે પરહેઝગાર અને વધારે મોઅતબર આલીમોના ફરમાન ઊપર વીચાર કરીને પછી પોતાને વધારે દુરૂસ્ત લાગે તેવો એઅતેકાદ રાખવો, અને તેમ કરવાથી તકલીદ ઠરતી નથી પણ સમજવા માટે જાણવાનું ઠરે છે, અને દરેક કોમમાં પણ સર્વે એમજ કરે છે.

ઇસ્લામનો આધાર બે બાબત ઉપર છે, એક "**ઉસુલેદીન**" (દીનના મુળ) જે વીશે જે ટુંકમાં મેં વર્ણન કર્યું તે સમજ્યા, ત્યારે બીજી બાબત "**ફુરૂએદીન**"*જેમકે નમાઝ, રોઝા, હજ, જકાત વીગેરે તો એ સર્વે અમલ કરવાની ચીજો છે, અને તેમાં ઘણી ઝીણી ઝીણી બાબતો જાણવા જેવી છે. કે નમાઝ કેવી રીતે પડવી, કેટલી ચીજથી બાતીલ થાય છે, રોઝા કેટલા વાજીબછે, કેટલી ચીજથી ટુટેછે; તહારત કેમ રાખવી. જકાત કયારે વાજીબથાય ઇત્યાદી બાબતોમાં આલીમોના કોલ ભેગા કરવા અને સમજવા માટે એટલી

* "ઉસુલેદીન" એટલે દીનના મુળ, અને મુળનીજ વધારે જરૂરત છે, કે તે સુકાઈ જાય તો ઝાડ નાબુદ થાય: અને "ફુરૂએદીન" એટલે દીનની ડાળો, તો ડાળ કે પાંદ સુકા વાથી ઝાડ નાબુદ થતુ નથી.

તો અડચણ આવે કે જેની હદ નથી, તો એ બાબતોમાં એક આલીમ જેની તકલીદ કરવી જાએઝ હોય તેની તકલીદ કરવી લાઝીમ છે, કે તે જે કહે તેમ અમલ બજાવી લાવે તો બસ છે, કેમકે એ ચીજો કુર્આન અને હદીસથી શોધવાનું સામાન્ય લોકથી બને તેમ નથી.

જયારે સમજયા કે ઉસુલેદીનમાં તકલીદ થઇ શકતી નથી ત્યારે તેને લગતી જેટલી બાબતોછે તેમાં પણ તકલીદ થઇ શકતી નથી, જેમકે કુર્આન હક છે, પયગમબરો અને ઇમામો માઅસુમ છે, જન્નત અને જહન્નમ છે, ઈલ્મેદીન તલબ કરવું ફરઝ છે, હ૦ કાસીમ અ૦ની શાદી થઇ છે કે નહીં, હ૦ ઇમામે હુસયન અ૦નું સર મુબારક કયાં દફન થયું છે. તો આ બાબતોમાં મ્હોટા મોઅતબર આલીમોનો શો મત છે તે જાણ્યા પછી જે બાબત ઉપર વધારે ખાત્રી થાય તે બરાબર છે એમ સમજે, જોકે જેની તકલીદ કરતો હોય તે હ૦ કાસીમ અ૦ની શાદી થઇ નથી એમ કેહતો હોય; પણ મ્હોટા આલીમોના વધારે મતથી ખાત્રી થાય કે શાદી થઇ હોય તો બનવા જોગછે તો એ મુજબ સમજે.

તો **"મુસાવાત"** એટલે નોબુવ્વત અને ખસાએસે નોબુવ્વત શીવાય તમામ ફઝાએલ, કમાલાત વીગેરે જેમકે **નુર, ઇસ્મત,** અને **ઈલ્મ,** વીગેરેમાં હ૦ રસુલે ખુદા સ૦ની સાથે હ૦ અલી અ૦ મુસાવી એટલે સરખાજછે, અને એ બાબત ઊસુલે દીનમાંના ચોથા ઇમામતને લગતી બાબત છે તેથી તેમાં કોઇ આલીમની તકલીદ થઇ શકે નહીં, જોકે આપણે ફુરૂએદીન એટલે નમાઝ રોઝા ઇત્યાદીના મસાએલમાં કોઇ આલીમની તકલીદ કરતા હઇએ, પણ મુસાવાતમાં તેની તકલીદ તો કરાય નહીં, એટલુંજ નહીં પણ જેની તકલીદ કરતા હઇએ તે ઓને મ્હોટા અને મશહુર આલીમોના મુસાવાતના મતને મળતો નહોય તો તેનો મત માન્ય રાખવો લાઝીમ નથી, બલકે બીજા પ્રખ્યાત ઓલમાએ અઅલામના મતથી આપણને ખાત્રી થઇ જાય છતાં તે મુસાવાતથી વીરૂધ આલીમનો કૌલ માન્ય રાખી શકાયજ નહીં, બલકે ઓ ઓલમાએ અઅલામનાગતની ખાત્રી થાય તો ઓ માન્ય રાખવાની દરેક ઇમાનદારની ફરજ છે.

કોઇ એમ કહે કે એ તો બારીક મસાએલ છે, આપણે જાહીલો તેમાં શું સમજીયે? તો જાણવું કે જુવે તેવો ભોઠ અને જાહીલ, અભણ હોય, પણ જયારે તેની સામે દસ આલીમોના મત જાહેર કરવામાં આવે ત્યારે તે જુવે કે માશા અલ્લાહ અલ્લામએ હીલ્લી જેવા દસ વરસમાં મુજતહેદ થીએલા અને કરામતો પામેલા, તેમજ જનાબે મુલ્લા મોહમ્મદ બાકેર મજલીસી જેવા બેહારૂલ અનવારના કર્તા, તેમજ જનાબ મોલાના સય્યદ નાસેરહુસયનસાહેબ જેવા

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઈ મામદાણી
... (મીયાદ)

ઇલ્મના દર્યા ઇત્યાદી આઠ આલીમો મુસાવાતના કાએલછે, અને બે આલીમકે તેઓ એવા પ્રવીણ નથી તેઓ કાએલ નથી તો જરૂર તે કેહશે કે એ મહાન આઠ આલીમોના કૌલ વાજબી છે, અને તેજ માન્ય રાખવા જોઇયે તેથી તેને સંપુર્ણ યકીન થશે, અને એ તકલીદ કરી નહીં કેહવાશે, એતો પોતાની તહકીક ઠરશે અને તેજ તેના માટે હુજ્જતછે.

જ્યારે યકીન થયું કે મુસાવાત વીશે તકલીદ થઈ શકતી નથી ત્યારે હવે પુછાએલી બાબતોના જવાબ પેશ કરૂં, પણ તે પેશ કરવાની પહેલે થોડી હકીકત લખું કે તેથી સારી પેઠે ખાત્રી થાય.

ગયા બારમાં અંકમાં મેં ખુલાસો લખ્યો છે કે આલીમોના દરજ્જાછે, કોઈ ફીકાહના મસાએલ એટલે પાક કેમ કરવું, કેટલી વખત ધોવું નમાઝમાં શક પડે તો શું કરવું ઇત્યાદીમાં હુશયાર હોય છે, ત્યારે કોઇ ઉસુલેદીન અને માઅરેફતમાં કામીલ હોય છે, કોઇએ સોબસો કીતાબો જોઈ હોયછે, ત્યારે કોઇએ હજારો કીતાબો જોઇ અને સેંકડો લખેલ હોય છે, કોઇની ટુંકી નજર અને થોડી તપાસ હોય છે, ત્યારે કોઇની બોહળી નજર અને વીશાળ તપાસ હોયછે, ત્યારે અકકલમંદ હક શોધનાર વીશાળ નજર વાળાએખાત્રી કરેલી બાબત ઉપર આધાર રાખેછે.

એ વીશે એ દાખલો બંધ બેસતોછે કે કોઈ બીમારની દવાકરવી હોય ત્યારે વધારે અનુભવી અને વધારે ડીગરી મેળવેલની દવાકરવામાં આવેછે, ઉપરાંત ડાકટરો અમુક અમુક વીષયમાં વધારે હુશીયાર અને અનુભવી હોયછે, જેમકે કોઇ કાપકુપમાં, કોઇ આંખના દર્દમાં વધારે હુશીયાર હોયછે ઇત્યાદી, તો જે બાબતની દવાકરવી હોય તેબાબતમાં જે વધારે હુશીયાર અને પરવીણ અને અનુભવી હોય તેનીજ દવા કરવામાં આવેછે.

તો જયારે કાને આવાજ અથડાણો કેઆલીમો એમપણ કહેછે કે મુસાવાત નો ઇન્કાર કરનાર ઈમાનથી ખારીજ થઇ જાયછે, ત્યારે લાઝીમથયું કે એવીશે એ બાબતમાં વધારે ઇલ્મ ધરાવનાર અને વધારે માઅરેફતમાં કામીલહોય એવા આલીમોનો મત તપાસીને કે જાણીને એઅતેકાદકરીએકે તેથી આપણા દીલમાં કાંઈ ખતરોકે વસવસો રહે નહીં.

તો માઅરેફતમાં કામીલ અને વીશાળ નજરવાળા કેટલાંક આલીમો થઇ ગયાછે, અને કેટલાંક હસ્તીપણ ધરાવેછે, જેમકે અલ્લામએ હીલ્લી (અ૦ મ૦) કે દસ વરસની ઉમ્મરમાં મુજતહેદ થયા, અને કેટલીક કરામતો નસીબ થઈહતી તો એબાબત કુદરતી ખાસ મદદવીના બનેનહીં, તેમજ જનાબ મુલ્લા મોહમ્મદ બાકેર મજલીસી (અ૦ મ૦) કેમ્હાોટી મોહટી પચીસ જીલદતો ફકત બેહારૂલ અનવારની લખીછે ઇત્યાદી.

અને આઝમાનામાં વીશાળ નજર વાળા લખનઉમાં એક મહાન આલીમ ખુદાની રહમતે પહોંચ્યા, તે મરહુમ મવલાના સય્યદ હામીદહુસેન સાહેબ હતા, તેમનાવીશે કરબલા વીગેરા આલીમોનો મત ગયા દસમાં અંકમાં લખી ચુકયો છું, તે એવા બોહળી નજરવાળા હતા કે તેમની લખેલી કીતાબ "અબકાતુલ અનવાર" મશહુરછે, તેમાં હ૦અલી અ૦ના એવા ફઝાએલ એવી ખુબીથી લખ્યાછે કે તેકામ ગોયા ખુદાએ તેમનાજ હીસ્સામાં આપેલું અને તે શામાટે અને કેવી રીતે કીતાબલખી તે નીચે મુજબ.

સુન્નત જમાતના મોટા આલીમ દીહલ્લી વાળા શાહ અબદુલ અઝીઝ કે જેમણે શીઆહ ઇસ્નાઅશરી મઝહબ ખોટો પાડવા પોતાની તમામ કુવ્વતથી કામ લઇને "તોહફએ ઇસ્નાઅશરીયહ (ઇસ્ના અશરીયોને તોહફો) એ નામની બાર બાબમાં કીતાબ લખી, અને તેમને યકીન હતું કે કોઇ શીઆહ જુવે તેવો આલીમ હોય પણ મ્હારી કીતાબનો જવાબ આપી શકનાર નથી, અને આપણા કેટલાક આલીમે સરસ જવાબ આપ્યો, છતાં તેઓ બોલ્યા કે આમાં કાંઇ નથી, પણ જયારે મજકુર "અબકાતુલ અનવાર" લખવી અને છપાવવી શુરૂ થઇ અને એક એક બાબના જવાબમાં એક એક કીતાબ લખીને છપાવીને થોડાક ભાગ બાહેર પડયા ત્યારે શાહ અબદુલ અઝીઝ દેહલવીએ કહ્યું કે "હામીદહુસેને" મારી કમર તોડી નાખી, અને એવો સદમો થયો કે તેથી બીમારથઇને ગુજરી ગયા.

એકીતાબ જે લખવામાં આવીછે તે બીજી કીતાબોના ખાલી હવાલા આપીને લખેલનથી, પણ જે હદીસ માટે કોઇ કીતાબમાં લખેલું જોયુંકે સુન્નત જમાતની કે શીઆહની ફલાણી કીતાબમાં છે તો તે કીતાબ જુવેતો મીસરમાં મળતી હોય, જુવેતો કરબલામાં કે મદીનામાં મળતી હોય ત્યાંથી મંગાવીઅગર છપાણી ન હોય તેના માટે સેંકેડો હજારો રૂપીયા આપીને લખાવીને નકલ મંગાવીને પોતે નજરે જોઇને પછી હવાલા આપ્યાછે, જેમકે બેહારૂલ અનવારની પચીસે જીલ્દ પચીસ હઝાર રૂપીયામાં આગળ તેમણે લખાવીને મંગાવેલ.

એ જનાબે જે હદીસ લખી તે જે કીતાબમાંથી લખી તે લખનાર કેવો હતો, હળદરનો ગાંઠીયોલઇને ગાંધી બનેલો હતો, જે કાંઇ સારૂ નરસુ જુવે તે ચીતરવા વાળો હતો, હસદખોર હતો કે શરાબીહતો કે કોઇ સાથેની દુશમની માટે હકવાતને અંધારામાં રાખનાર હતો ઇત્યાદી, તેમજ સારૂ ઇલ્મ ધરાવનાર હતો, અને પરહેઝગાર હતો, અને બહુજ તપાસીને લખવાજેવી બાબત લખતો હતો, તે શોધીને લખ્યું કે ફલાણી બાબત લખનાર આવો હતો, અને ફલાણી બાબત લખનાર તેવો હતો.

એશીવાય જે રાવીએ હદીસ કહી તે કોણ, કેવો હતો, જેમકે દાખલા

તરીકે મોઆવીયાહની તારીફની એક હદીસ જોઈ તો તેની તપાસકરી તો સાબીતથયું કે તે કેહનાર લાંચ્યો, લાલચુ, અને અહલેબયતનો દુશમન હતો, પઇસા લઇને ખોટી હદીસો બનાવતો હતો, તે તેમનીજ કીતાબોથી સાબીત કરીને એ હદીસ જુઠી અને બનાવટી સાબીત કરી આપી.

તેમજ કોઈ હદીસ હ૦અલી અ૦ના ફઝાએલની જોઇ તો તેનો રાવી કેવોછે તે તપાસ કરીકે તઅસ્સુબ વીનાનો નેક અને પરહેઝગાર કદી જુઠું નહી બોલનાર હતો, એવું તેમનીજ કીતાબોથી સાબીત કરીને હદીસ લખીછે.

તો એ "અબકાતુલ અનવાર" એવી રીતથી લખનાર મરહુમ મૌલાના જનાબ સય્યદ હામીદ હુસયન સાહેબ કીબલા (અ૦ મ૦) છે અને તે અધુરી હોવાથી તે કીતાબ તેમના ફરઝંદ મુજતહેદ નાએબે ઈમામ ઇલ્મના દર્યા, માઅરેફતે અઇમ્મહમા કામીલ પોતાના વાલીદ કરતા ઈલ્મમાં વધેલા પુરી કરી રહયા છે.

તો વીચારોકે એ જનાબ અલ્લામએ હીલ્લી, તથા જનાબે મજલીસી તથા આ જનાબનું ઇલ્મે માઅરેફત કેવા દરજાનું છે? અને કેટલી બોહળી નજર છે તે દરેક સમજી શકે છે; તો અવા અવા આલીમોના મત ગઇ ૩૦ મી સાલના ૧૦ મા અંકમાં વીશ ઉપર આલીમોના બહુજ ખુલાસા સાથે ટાંકીને મુસાવાતની બાબત સંપુર્ણ સાબીત કરી આપી છે, એટલુંજ નહીં પણ તેનો ઇન્કાર કરનાર શીઆહ ઇસ્નાઅશરી મઝહબથી ખારીજ છે; તો એ સાબેતી એવી કરી છે કે હઠધર્મી શીવાય બીજા કોઇને લેશ માત્ર શક રહેજ નહીં.

**મુસાવાત**નો ઇન્કાર કરનાર તમામ ઓલમાએ અઅલામ એટલે મ્હોટા મ્હોટા ઓલમાના ફરમાન મુજબ નાકીસ ઈમાનવાળોછે, એમ જનાબ મોલાના મોલવી સય્યદ સગીર હસન સાહેબે લખી આપેલ જે ગઇ ૩૦ **મી** સાલના ૯–મા અંકના પેજ ૫૩૪–૫૩૫માં અમે છાપેલ છે, તો તે મુજતહેદ થવાની નજીક પહોંચેલા આલીમ સેંકડો આલીમોના મત સેંકડો અરબી કીતાબોમાં વાંચીને લખે તેથી વધારે શું સાબેતી જોઈએ?

**હાલ**માં લખનઉના મદરસતુલ વાએઝીન કે જેના ઊપરી જનાબ મુજતહેદ સય્યદ નજમુલહસન સાહેબ કીબલા છે, અને તેમના હાથ નીચે જે ચાર આલીમો હીદાયત માટે હીન્દુસ્તાનમાં ફરવા નીકળ્યા છે, તેમાંના એક સદરૂલ અફાઝીલ જનાબ મવલાના સય્યદ અલી સાહેબ પણ છે, કે તેઓ પણ મુજતહેદ થવાની નજીકમાં છે, તેઓને મુંબઈમાં આપણા ખોજા ઇસ્ના-અશરી ગ્રહસ્થોએ મોહર્રમમાં વાએઝ કરવા રોકયા છે; તેઓએ મુસાવાતવીશે અતરે ભાવનગરમાં વાએઝ કરેલી જે અમો ગયા અંકમાં છાપી ચુકયા છીએ,

તેઓ હાલમાં મુંબઈથી અમારા કાગળના જવાબમાં લખે છે કે—

**હઝરતે અમીર અ૦ ઇલ્મ ઓર ઇસ્મત ઓર નુર વગૈરાહમેં ભી હ૦ રસુલ સ૦સે મુસાવી નહીં હૈ એસા કહનેવાલા શખસ ખારીજ અઝ ઈમાન હૈ.**

એટલે હ૦ અલી અ૦ને રસુલે ખુદા સ૦ની સાથે નુર, ઇસમત, અને ઇલ્મ વીગેરેમાં પણ જે શખસ મુસાવી જાણે નહીં તે ઇમાનથી ખારીજ છે (મોઅમીન નથી.)

તેમજ લાહોરવાળા મૌલાના સય્યદઅલી સાહેબ હાએરી મુજતહેદને પાંચ મહીના થયા અમોએ પુછાવેલ તો મુસાવાતના ઇન્કાર કરનાર માટે લખે છે કે "**અયસા શખ્સ ફાસીદુલ અકીદહ ખારીજ અનીસ્તશય્યોઅ હૈ**" એટલે એવો શખસ ખરાબ અકીદાવાળો અને શીઆહમાંથી ખારીજ છે, તેમજ ઈલ્મના દર્યા જનાબ સય્યદ નાસેરહુસૈન સાહેબ કીબલા, જનાબ સૈયદ નજમુલહસન સાહેબ કીબલા, તથા જનાબ સૈયદ આકા હસન સાહેબ કીબલા લખનઉવાળાના પણ લખાણ અમારી પાસે છે અને દરજ કરી ચુકયા છીએ કે મુસાવાતનો ઇન્કાર કરનાર શીઆહ નથી.

**હાલ**માં જે સવાલો પુછવામાં આવ્યા છે તેમાંથી બે સવાલના જવાબ અહીં દરજ કરીએ છીએ, બાકી ઇન્શાઅલ્લાહ આવતા અંકમાં દરજ થશે. અને તે સવાલ એ ઉભો થયોછેકે કોઇએ એઅતેરાઝ કરેલછેકે હ૦અલીઅ૦ને હ૦ રસુલે ખુદાએ ઇલ્મ તાઅલીમ કરવાનું હદીસમાં છે તેથી હ૦ અલીઅ૦નું ઇલ્મ ઓછું ગણાય ઇત્યાદી, તો એ સવાલ બહુજ ખુલાસાથી ઇલ્મના દર્યા નાએબે ઈમામને પુછાવેલ છે તે અસલ સવાલ તથા જવાબ તરજુમા સહીત નીચે મુજબ.

**સવાલ**--અહલે તશય્યોઅકા અકીદા હૈ કે જનાબે અલીયે મુર્તુઝા અલયહિસ્સલામ સીવાએ નોબુવ્વત ઓર ખસાએસે નોબુવ્વતકે જનાબે રીસાલતમઆબ સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમકે સાથ મબદએ ખલ્કતસે **નુર, ઇસ્મત, ઇલ્મ, કમાલ વગૈરામેં મુસાવી હૈં.** લયકીન એક શખસ એઅતેરાઝ કરતા હય કે યેહ જો બાઅઝે અહાદીસમેં વારીદ હુવા હય કે આં હઝરત સ૦ને જનાબે અમીર અ૦કો તઅલીમ દી હય ઇસકે કયા માઅને હય? કયા જનાબે અમીર અ૦ કીસી વકત (મઆઝલ્લાહ) જાહીલથે? અગર વોહ ઇબતેદાસે સાહેબે ઇલ્મો કમાલ હોતે તો આં હઝરતકી તઅલીમ દેનેકી કયાઝરૂરત થી? અલાવાહ ઇસકે બ સબબ તઅલીમ દેનેકે હઝરત રસુલ સ૦ ઉસ્તાદ હુવે, ઓર જનાબે અલીયે મુર્તુઝા અ૦ શાગીર્દ હુવે, ઓર શાગીર્દ કભી ઇલ્મમેં ઉસ્તાદકે મુસાવી નહીં હો સકતા, ઇસ શુબ્હેકા જવાબ

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઇ મામદાણી
માળીઆ (મીંયાણા)

તવઝીહ વ તસરીહસે ઇર્શાદ ફરમાઇયે.

**અલ્જવાબ,** વબિલ્લાહિત્તવફીક-વાઝેહ હોકે જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦કા મીસ્લ જનાબે રિસાલતમઆબસ૦કે મબદએ ખલકતસે સાહેબે ઈલ્મો કમાલ હોના એક એસા અમરે કતઇ હય કે ઉસમેં અહલે ઈમાન વ ઇકાનકો કોઇ કલામ નહીં હો સકતા, ઔર બેશુમાર અદીલ્લહ ઊસકે કુતુબે અહલેહકમેં મવજુદ હંય, ઇસ મકામ પર ચંદ દલીલેં લીખ્ખી જાતીહંય.

**પહેલીદલીલ** યેહ હય, કે જબ જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ ઔર જનાબે રીસાલત મઆબસ૦ "નુર"સે મખલુક હુવે હંય, ઔર હમેશા આલમે અનવારમેં દોનોં બુઝર્ગવાર સાથ રહે, તો લામહાલા જો ઓલુમ મેનલ્લાહ નુરે નબવીકો હાસીલ હુવે વોહ નૂરે અલવીકોભી હાસીલ હુવેહોગે.

**દુસરીદલીલ** યેહ હૈ, કે નૂરે નબવી વ નૂરે અલવીને મલાએકાકો તસબીહ વ તકદીસકી તાઅલીમ દી હૈ, ઔર યેહ અમ્ર બગૈર ઇલ્મો કમાલકે મુમકીન નહીં હય.

**તીસરીદલીલ** યેહ હે, કે જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ને આલમે અનવારમેં અમ્બીયા વ મુરસલીન અ૦કી ઇમદાદકી હય, ઔર યેહ અમ્ર ભી બગર ઇલ્મો કમાલકે નહીં હો સકતા હય.

**ચવથી દલીલ** યેહ હય; કે જનાબે અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ શીકમે માદરમેં કલામ ફરમાતેથે આર અપની વાલેદાહ માજેદહકે લીયે બાએસે ઉન્સ હોતેથે, ઔર યેહ અમ્રભી આપકે સાહેબે ઇલ્મો કમાલ હોનેકી બહોત બડી નીશાની હય.

**પાંચવી દલીલ** યેહ હે, કે આપને બઅદે વીલાદત તમામ કુતુબે સમાવીયહકો મએ કુર્આને મજીદ, જીસમેં તમામ ઓલૂમ જમઅ હંય પડહા, ઓર યેહ અમ્ર અયસી દલીલ હય આપકે સાહેબે ઇલ્મો કમાલ હોનેકી કે જીસકા નઝીર નહીં.

**અબ** રહા યેહ અમ્ર કે જનાબે રીસાલત મઆબ સ૦ને અમીરૂલ મોઅમેનીન અ૦કો તાઅલીમ દી હય તો યેહ અમ્ર આપકે ઇઅતેકાદસે સાહેબે ઇલ્મો કમાલ હોનેકા મનાફી નહીં હય, ઈસલીયે કે યેહ તઅલીમ મહઝ તશરીફ વ તકરીમકે લીયેથી. તાકે ઝાહેર હો કે યેહ નબી હંય; ઓર યેહ વસી હંય, ન યેહકે મઆઝલ્લાહ વોહ બે ઇલ્મથે; ઓર કયુંકર બે ઇલ્મ હોસકતા હય વોહ બુઝુર્ગવાર જીસકે નુરસે ખુદાને મલાએકા ઓર અમ્બીયાકો પયદા કીયા હો, ઓર ઉસકે નુરને આલમે અનવારમેં બહરે ઇલ્મમેં

હઝારહા બરસ શનાવરીકી હો, ! જયસાકે અહાદીસે કસીરહમેં વારીદ હુવાહે.

**અલાવાહ** ઇસ્કે મુમકીન હય કે યેહ તઅલીમ તબલીગીહો, જયસાકે જીબ્રઇલકે બ નીસ્બત કુર્આનમેં મઝકુર હય, **"અલ્લમહુ શદીદુલ કોવા."** જીસ્કે માઅને યેહ હંય કે આં હઝરત (મોહમ્મદ સ૦)કો શદીદુલ કોવા (જીબ્રઈલ)ને તાઅલીમદી, યાઅને કુર્આનકો પોંહચા દીયા, ન યેહકે વોહ દર હકીકત મોઅલ્લીમથે આં હઝરત સ૦કે, કયું કે આં હઝરત સ૦કો તો ફીલ હકીકત ખુદાને તાઅલીમે કુર્આન ફરમાઈથી, જયસાકે સુરએ રહમાનમેં હય કે **"અર્રહમાનો અલ્લમહુલ કુર્આન"** (રહમાનને હ૦ મોહમ્મદ સ૦કો કુર્આનકી તાઅલીમદી) ઓર જીબ્રઇલ ઓલુમમેં ખુદ મોહતાજથે આં હઝરત સ૦કે ઇબ્તેદાસે ઇન્તેહાતક.

**માસીવા** ઇસ્કે તાઅલીમે નબવી મખસુસથી અસરારકે સાથ, ઓર વોહ જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦કે ઇબ્તેદાસે સાહેબે ઇલ્મોકમાલ હોનેકેમનાફી નહીં હય, બલકે મોઅય્યદહે, ઇસલીયેકે હામીલે અસરાર વોહી બુઝર્ગવાર હોસકતા હય જો અઅલા મરતબા ઇલ્મો કમાલપર ફાએઝ હો.

ઓર યેહ કાએદએ કુલ્લીયાહ નહીં હય કે શાગીર્દ ઉસ્તાદસે ઇલ્મમેં મુસાવી નહીં હોસકતા, ઇસ લીયે કેં અગર શાગીર્દ નીહાયત કામીલ વ મુસ્તઇદહો, ઓર ઉસ્તાદ તઅલીમમેં બુખ્લ ન કરે તો ઝરૂર વોહ ઉસ્તાદકે મુસાવી હોજાએગા, બલકે અકસર શાગીર્દ અપને ઉસતાદસે બડહકર સાહેબે કમાલ હુવેહેં; જયસાકે આરેફાને ઇલ્મે તારીખ વ રેજાલપર પોશીદા નહીંહે.

**બિલ્જુમલાહ** ચુંકે જનાબે રીસાલત મઆબ સ૦સે ઇલ્મમેં બડહના કીસીકા મુજીબે મફ્ઝુલીયતે આંહઝરતસ૦હય, ઇસી વજહસે કોઇ મુસલીમ કાએલ ઇસકા નહીં હોસકતા કે જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ ઉન્સે ઇલ્મમેં બડહકરથે, લયકીન **"મુસાવી"** હોના જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦કા કીસીતરહ આં હઝરતસ૦કે લીયે મુજીબે નકસ નહીંહય, બલકે મુજીબે કમાલે ફઝલ હય, ઓર હદીસ **અનામદીનતુલ ઇલ્મ વ અલીયુન બાબોહા"**સે યેહ અમ્ર બખુબી સાબીત હોતા હય. વલ્લાહુલ્હાદી.

**નાસેરહુસયન ઓફ્રેય અન્હો બેકલમેહી.**

**આ સવાલ** તથા તેનો જવાબ જેવું તેવું ઉરદુ જાણનાર પણ સમજી શકે એવો સહેલા શબ્દોમાં છે, છતાં પણ તેનો તરજુમો નીચે મુજબ.

**સવાલ.** શીઆહઓનો એવો અકીદો છે કે હ૦ અલી અ૦ નોબુવ્વત તથા ખસાએસે નોબુવ્વત શીવાય હ૦ રસુલેખુદા સ૦ની સાથે ખલકતની પયદાઇશની શરૂઆતથીજ "નૂર" "ઇસ્મત" અને "ઇલ્મ" વીગેરે કમાલમાં

**મુસાવી** (સરખા, બરાબરીયા, વડયા,)છે. **પણ** એકાદ શખસ એઅતેરાઝ કરે છે કે કોઇ હદીસમાં આવેલ છે કે હ૦ રસુલેખુદા સ૦મે જ૦ અલી અ૦ને તાઅલીમ આપી છે તેના શું અર્થ છે? શું જ૦ અમીર અ૦ કોઇ વખતમાં (તૌબા તૌબા) જાહીલ હતા ? અગર તેઓ પહેલેથીજ ઇલ્મ અને કમાલ વાળા હતે તો હ૦ રસુલ સ૦મે તાઅલીમ આપવાની શું જરૂરત હતી ? અને હ૦ રસુલ સ૦મે તાઅલીમ આપવાથી તો તેઓ ઉસ્તાદ થયા, અને હ૦ અલી અ૦ શાગીર્દ થયા, તો શાગીર્દ હોય તે કદી ઉસ્તાદની સાથે 'મુસાવી' થઇ શકતો નથી: માટે આ શુબ્હાનો ઘણોંજ સાફ ખુલાસા સાથે જવાબ આપો.

## જવાબ અલ્લાહની તવફીક થકી—

રોશન થાય કે જ્યારથી ખલકત શરૂ થઇ છે, એટલે નૂરે મોહમ્મદ સ૦ તથા નૂરે અલી અ૦ પયદા કરવામાં આવેલ છે ત્યારથીજ હ૦ રસુલેખુદા સ૦ની જેમ હ૦ અલી અ૦ ઇલ્મ અને કમાલ વાળા છે, અને તે એવો સંપુર્ણ ખાત્રીવાળો અમ્ર છે કે તેમાં કોઇ પણ ઇમાન અને યકીનવાળાને લેશ માત્ર કાંઇપણ બોલવાની કે શંકા કરવાની વાત રહેતીજ નથી, અને એ વીશે હકમઝહબની કીતાબોમાં બેશુમાર દલીલો મવજુદ છે, અહીંયા થોડીક દલીલો લખવામાં આવે છે—

**પહેલાદલીલ** એ છે કે-એ તો ખુલ્લીં વાત છે કે હ૦ રસુલે ખુદા સ૦ તથા હ૦ અલી અ૦ "નરથી પયદા થયા છે, અને આલમે નરમાં હમેશા એ બન્ને બુઝર્ગવાર સાથેજ રહયા છે તો એમાં કાંઈ શકજ નથી કે જેટલા ઈલ્મ નૂરે નબવીને મળ્યા તેટલાજ ઇલ્મ નુરે અલીને મળ્યા, કેમકે બન્ને સાથે હોવાથી એકને મળે અને બીજાને ન મળે તે બનવા જોગ નથી.

**બીજી દલીલ** એછે કે નુરે નબવી અને નુરે અલવીએ મલાએકાઓને તસબીહ તથા તકદીસ તાઅલીમ કરી છે, તો આ બાબત ઈલ્મ અને કમાલ શીવાય બનવા જોગ નથી.

**ત્રીજીદલીલ** એ છે કે જનાબે અલીયે મુરતઝાએ આલમેનુરમાં નબીયો અને રસુલોની મદદ કરી છે, અને એ બાબત પણ ઇલ્મ અને કમાલ શીવાય બનવા જોગ નથી.

**ચોથીદલીલ** એ છે કે હ૦ અલી અ૦ પોતાની વાલેદાના પેટમાં કલામ કરતા હતા અને તેમની વાલેદાનો વખત બહુજ સારી રીતે પસાર થતો હતો, તો આબાબત પણ આપ ઇલમ અને કમાલવાળા હોવાની ઘણી મ્હોટી નીશાનીછે.

**પાંચમીદલીલ** એછે કે આપે પયદાથતાંજ આસમાની તમામ કીતાબોની (તવરેત, ઇનજીલ, ઝબુર ઇત્યાદી,) કુર્આને મજીદ સહીત તીલાવતકરી (વાંચી સંભળાવી,) અને આ બાબતો આપ ઇલમ અને કમાલમાં કામીલ હોવાની એવી ભારે દલીલછે કે જેની હદજ નથી.

હવે રહી એવાંતકે હ૦રસુલે ખુદાએ હ૦ અલી અ૦ને ઇલમ તાઅલીમ કર્યું તો તેથી હ૦અલી અ૦ પહેલેથીજ ઇલમ અને કમાલ વાળા હતા તેને કાંઈ હરકત આવતીનથી; કેમકે એતાઅલીમ ફકત તકરીમ અને તશરીફ માટે હતી; એટલે બેઈલિમ અને જાહીલ હતા તે માટે નહીં, પણ દેખાવ એવો થાય કે હ૦ મોહમ્મદ સ૦ નબીછે, અને હ૦ અલી અ૦ વસીછે; પણ મઆઝલ્લાહ (તવબા તવબા) હ૦ અલી અ૦ બેઇલમ હતા તેથી તેમને શીખવવા તરીકે તાઅલીમ નહતી, એ બુઝુરર્ગવાર બેઇલમ કેવીરીતે હોઇ શકે ? કે જેમના નુરથી ખુદાએ મલાએકા અને નબીયોને પયદા કર્યા હોય ? એટલે એ બુઝુર્ગવાર સંપુરણ ઇલમ અને કમાલ ધરાવતા હતા, એટલુંજ નહીં પણ એ બુઝુર્ગવારનું નુર આલમે અનવારમાં **ઇલમનાદર્યા** માં હજારો વરસ સુધી તર્યું હોય તે ઇલમમાં કામીલ ન હોય તે બનવા જોગજ નથી, જેમકે એ બાબત ઘણી હદીસોમાં વારીદથઇ છે.

**ઉપરાંત** બનવા જોગછે કે એ તાઅલીમ પયગામ પહોંચાડવાના તરીકે હોય, જેમકે ખુદા કુર્આનમાં ફરમાવેછે કે "**અલ્લમહુ શદીદુલ કોવા,**' એટલે હ૦ **મોહમ્મદ સ૦ને** જીબ્રઇલે કુર્આન તઅલીમ કર્યું એટલે પહોં-ચાડી આપ્યું, તોશું જીબ્રઇલ હ૦ રસુલેખુદા સ૦ના ઉસ્તાદ થયા ? નહીં, એ તાઅલીમ બેઇલમને શીખવવા જેવી નહતી; બલકે ખુદાનો પયગામ પહોંચાડવા જેવી હતી, તેથી ઉસ્તાદ ઠરી શકતાનથી, અને બીજી આયતથી સાફ જાહેર છે કે હ૦રસુલેખુદા સ૦ને ખુદાએજ કુર્આન તઅલીમ ફરમાવ્યુંછે જેમકે સુરએ રહમાનમાં ખુદાએ ફરમાવ્યું છે કે "**અર્રહમાનો અલ્લમલ કુર્આન**" એટલે હ૦ મોહમ્મદ સ૦ને રહમાને કુર્આનની તાઅલીમ આપી, જીબ્રઈલતો અવ્વલથી આખર સુધી હ૦ રસુલે ખુદા સ૦ની પાસે તાઅલીમ લેવાના મોહતાજ હતા.*

**એશીવાય** હ૦ રસુલે ખુદા સ૦મે હ૦ અલી અ૦ને તાઅલીમ કરી

* જ્યારે સાબીત થયું કે જીબ્રઇલે હ૦ રસુલે ખુદા અ૦ને કુર્આન તાઅલીમ કર્યું તેના અર્થ કુર્આન પહોંચાડ્યું થાય છે, અને હકીકતમાં એ હઝરતને ખુદાએ કુર્આન તાઅલીમ કર્યું છે, તો તેજ મુજબ હ૦ રસુલે ખુદા સ૦મે હ૦ અલી અ૦ને ઈલ્મ શીખવાડ્યું એટલે અમુક બાબતોપહોંચાડી, અને હકીકતમાં હ૦અલીઅ૦ને ખુદાએજ ઈલ્મ તાઅલીમ કર્યું છે; અને પયદા થયા ત્યારથીજ સંપુર્ણ આલીમ હતા એ સાબીત થયું "**નાજી.**'

તેથીમતલબ કેટલીક ભેદની વાતો કહી; અને તેથી હ૦ અલી અ૦ પહેલેથીજ કામીલ આલીમ હતા તે સાબીત થાયછે, કેમકે ભેદની વાતો એજ સાંચવી શકે કે જે ઇલમ અને કમાલમાં અઅલા મરતબે પહોંચેલ હોય.

અને એ કાંઈ તમામ ઠેકાણે લાગુ પાડવાની વાત નથી કે શાગીર્દ ઉ-સ્તાદની સાથે મુસાવી (સરખો) થઇજનશકે, કેમકે જો શાગીર્દ કાબીલ હોય અને ઉસ્તાદ તાઅલીમમાં બખીલી નકરેતો જરૂર તે ઉસ્તાદની સાથે ઇલમમાં મુસાવી થવાનો; બલકે ઘણાં શાગીર્દો પોતાના ઉસ્તાદ કરતા વધારે આલીમ થઇ ગયાછે, જેમકે તવારીખ વી૦નુ ઇલમ જાણનારથી એબાબત અજાણી નથી.

પણ હ૦ રસુલે ખુદા સ૦થી કોઇ ઇલ્મમાં વધે તો હ૦ રસુલે ખુદા સ૦ના દરજ્જામાં ફરક આવે, તેજ કારણથી કોઇ મુસલમાન કાએલ થઇ શકતો નથી કે હ૦ રસુલે ખુદા સ૦ કરતા હ૦ અલી અ૦નું ઇલ્મ વધારે હતુ, પણ હ૦ અલી અ૦નું હ૦રસુલે ખુદા સ૦ સાથે "મુસાવી" હોવું હ૦ રસુલે ખુદા સ૦ના દરજ્જાને ઘટાડનાર નથી; બલકે હ૦ અલી અ૦ તેમના મુસાવી હોવાથી આપની ફઝીલતમાં ઓર વધારો થાય છે; જેમકે "**અનામદીનતુલ ઇલ્મ વ અલીયુન બાબોહા**"થી એ મજકુર બાબત સંપુર્ણ સાબીત થાય છે. * **ખુદા હીદાયત કરનાર છે !**

**(સ૦) નાસેર હુસેન ઓટ્રેય અન્હો, દ:પોતે.**

**બીજો સવાલ** એછે કે નોબુવ્વત અને ખસએસે નોબુવ્વત શું છે ? તો તે બાબે જાણવું કે ખુદાના અહકામ પહોંચાડનારને નબી કહે છે, જેમકે એક લાખ ચોવીસ હજાર નબી થયા છે, એ સર્વેને નોબુવ્વત મળી હતી, જોકે એ તમામમાં દરજ્જાની રૂએ તફાવત હતો, કે રસુલનો દરજ્જો વધારે છે, તેમાં પણ ઓલુલ અઝમનો મરતબો વીશેશ છે, તો હ૦ રસુલે ખુદા સ૦ ઉપર ખુદાએ નોબુવ્વતને ખતમ કરી તેથી તેમની પાછળ કોઇને નબીનો દરજ્જો મળ્યો નહીં, અને હ૦ રસુલે ખુદાએ પોતે ફરમાવ્યું છે કે મારી બાદ નોબુવ્વત હોતતો યાઅલી તમો નબી થાત, હ૦ અલી અ૦ને કામતો એજ સોંપવામાં આવ્યું હતું જે રસુલે ખુદા સ૦ કરતા હતા; પણ આપ નબી નહીં વસી અને વલી હતા.

હ૦ અલી અ૦ને નોબુવ્વત ન હતી, પણ એક લાખને ચોવીસ હજાર પયગમબરો; માંના ફકત હ૦ રસુલે ખુદા સ૦ એક શીવાય બાકીના તમામ નબી, રસુલ, ઓલુલઅઝમ વીગેરે સર્વેથી આપ અફઝલ અને તેમના ઊસ્તાદ હતા. તો જોકે નબી નહતા પણ નબી-ઓના ઉસ્તાદ હતા.

**ખસાએસે નોબુવ્વતનો** ખુલાસો જોકે ગઇ ૩૦ મી સાલના ૧૦ માં અંકના પેજ

* કોઇ એ "અનામદીનતુલ ઇલ્મ" હદીસથી હ૦ અલી અ૦નું ઇલ્મ હ૦ રસુલે ખુદા સ૦ કરતા ઓછું સાબીત કરવા પ્રયત્ન કરે છે, ત્યારે આ સવાલના ઇલ્મના દર્યા એજ હદીસથી સાબીત કરે છે કે હ૦ અલી અ૦ ઇલ્મમાં હ૦ રસુલે ખુદા સ૦ની સાથે મુસાવી હતા.

૫૫૩માં લખેલ છે, છતાં એકે હ૦ રસુલે ખુદા સ૦ને ખુદાએ નોબુવ્વત આપી તો તેમને માટે ખુદાએ અમુક બાબતો ખાસ કરી કે તે બીજાને માટે નહતી, તો એમના માટેની ખાસ ચીજો બીજા માટે ન હોવાથી લખવું પડે છે કે ખસાએસે નોબુવ્વત શીવાય, અને તે કઇ કઇછે તેમાં મતભેદછે તે તે સહીત થોડીઆછે, ૧–એકી વખતે નવ બીબીયો કરવાની આપને રજા હતી બીજા કોઇને નહતી, જોકે આપની પહેલાના કોઇ કોઇ નબીને સો બીબીથી પણ વધારે ઓરતો કરવાની રજા હતી, ૨–નમાઝે શબ અને વિત્રઃપડવી આપ માટે વાજીબહતી, ૩–કુરબાની કરવી આપને વાજીબ હતી. ૪–દાતણ કરવું આપ ઊપર વાજીબ હતું, ૫–પોતાની બીબીયોને તલાક લેવાની છુટ આપવી કે તેણીયો મરજીમાં આવે ત્યારે તલાક લઈ શકે, તેમજ લસણ ન ખાવું, વીગેરે બાબતો આપ માટે હતી. ઈત્યાદી.

હ૦ અલી અ૦ માટે ખાસ એ બાબત હતી કે જનાબે ફાતેમા અ૦ના માનખાતર તેમની હયાતીમાં બીજી ઓરત કરી શકે નહીં; અને હ૦ અલી અ૦ને ખુદાએ કેટલીક ચીજો એવી આપી હતી કે તે વીશે હ૦ રસુલે ખુદા સ૦ પોતેજ ફરમાવતા હતા કે તેવી મારા માટે નથી, જેમકે ખુદાની તમામ મખલુકાત, પયગમ્બરો, મલાએકાઓ, જીન્નાતો વી૦થી અફઝલ પયગમ્બર તેમના સાસરા હતા. અને હ૦ રસુલે ખુદા સ૦ શીવાય તમામ પયગમ્બરો વી૦ કરતા અફઝલ જનાબે ફાતેમા અ૦ તેમની મોહરદાર હતા. તેમજ જન્નતના તમામ જવાનોના સરદાર ઇમામે હસન અ૦ તથા ઇમામે હુસયન અ૦ જેવા તેમના ફરઝંદ હતા વીગેરે.

**અલ્હમ્દોલિલ્લાહ** એ બાબતનો પણ સંપુર્ણ ખુલાસો થયો; જો કે એકાદ ભોળાભાઇ અમોને લખે છે કે આપણી કોમમાં અવી અવી બાબતો જાહેર કરવી નહીં, કેમકે શકમાં પડી જાય, અને અવા લખાણોથી કંટાળો પણ આવે; તો એ સાહેબને અરજ કે નાણા ખચીંને અઝાબ વોરી લેવા જેવી બાબતો જેમકે તોહમત, ગીબત અને વાહીયાત વીષયો વાંચતા કંટાળો નઆવે; અને જન્નત વેચાતી લેવા જેવી, ઇમાનને કામીલ કરનારી બાબતથી કંટાળો આવે કે શકમાં પડે એ અજબ વાત છે ! ઉપરાંત આપણા મઝહબમાં કોઈ ખાનગી રાખવાની બાબત નથી, છડે ચોક જાહેર કરવાની બાબતોછે, કે જુવે તે જોઇને વાંચીને ઇમાન લાવે, હાસલકલામ મુસાવાતની બાબત સાબીત થઇ ગઇ તેથી બીરાદરોએ માન્ય રાખીને ખુદાનો શુકર કરેલ છે, છતાં કોઇ જુવે તે કારણથી માન્ય રાખે નહીં તેનાથી અમારે કાંઇ લેવા દેવા કે વાદવીવાદમાં ઉતરવાનું નથી.

**"વસ્સલામો અલામનિત્તબે અલ્હોદા."**

( એટલે સલામ થાય એમની ઊપર કે જેઓ હિદાયતને માન્ય રાખે )

☞ **મુસાવાત**નો સંપુર્ણ ખુલાસો ગઈ ૩૦ મી સાલના ૧૦મા હીસ્સામાં આવેલછે તેનું ૧૬ પેજનું જુદુ ચોપાન્યું વકફ ખાતામાંથી છાપેલ છે; માટે નવા ગ્રાહકો અથવા જુવે તે ટીકીટ મોકલીને મંગાવે.

ઇલ્મ રોશની છે.
શેઠ લાઈબ્રેરી
હાજીભાઇ મામદાણી ૧૯
સાળીયા (મીંયાણા)

# રૂ.૧૪ની કીતાબોના ઇનામ.

જે જે સાહેબ રાહેનજાતના ગ્રાહક હોય અથવા ન હોય, નીચે લખેલા વિષય વાંચ્યા હોય તો બીજી વખત, અને વાંચ્યા ન હોયતો પહેલી વખત વાંચીને અમોને નામ ગામ ઠેકાણું લખે.

એ વાંચવાના વીષયોની યાદી—રાહેનજાત કીતાબ ૩૦મી હિસ્સો ૭ મો, યદુલ્લાહનું લખાણ પેજ ૪૦૧ થી ૪૨૮ સુધી, તથા એજ કિતાબનો હિસ્સો ૯મો મુસાવાત વિશે જવાબ પેજ ૫૩૪–૫૩૫ તથા એજ કીતાબનો હિસ્સો ૧૦ મો યદુલાહનું લખાણ પેજ ૫૪૯થી ૫૬૦ અને પેજ૫૯૭થી ૬૦૦ અને એજ હીસ્સામાંનું પુઠ્ઠાના બીજા પેજમાનુ મુસાવાત વીશે, તથા હિસ્સો ૧૨ મો મુસાવાત વિશે ફતવો પેજ ૬૬૩–૬૬૪ અને જરૂરી ખુલાસો પેજ ૬૮૯થી ૬૯૯ તથા કીતાબ ૩૧ મી આ ૪થો હીસ્સો યદુલ્લાહમાં મુસાવાત વિગેરેનો જવાબ પેજ ૧૮૫ થી ૧૯૮ સુધી, મળી એ સાત લખાણ શાંત મને વાંચીને અમોને લખવું કે શાંત મને વાંચ્યા છે.

તો આફરીકાના બીરાદરોના જવાબ પહોંચી વળે એટલા ટાઇમ પછી સર્વેના નામથી ચીઠી કાઢીને નીચે મુજબ ઇનામ પોષ્ટેજ લઇને મોકલીશું.

૧—ઇનામ રૂ. ૫) ની કીતાબ લોઅલોઓ વલમર્જાન. ... ... ... નકલ ૧
૧૦–ઇનામ રૂ. ૫) ની કીતાબ માબાપના હકની, ... ... ... નકલ ૧૦
૧૬-ઇનામ રૂ. ૨) ની કીતાબ નેઅમત. ... ... ... ... નકલ ૧૬
૧૬–ઇનામ રૂ. ૨) ની કીતાબ મેઅરાજ નામુ. ... ... ... ... નકલ ૧૬

એ મુજબ ૪૩ જણને રૂ ૧૪ ની કીતાબો ઇનામ આપવામાં આવશે.

## સર્વેનું એહસાન માનવામાં આવે છે.

આ ફકીર ૯૦ ઇમામે રઝા અ૦ની ઝીયારત કરી આવ્યો, તેની મુબારકીના હીન્દુસ્તાન તથા આફરીકા વીગેરેના બીરાદરોના સંખ્યાબંધ કાગળો આવ્યા છે, એ સરવે સાહેબોને જુદા જુદા જવાબ લખી શકયા નથી તેથી માફી ચાહીને તેમનું એહસાન માનીને એ સરવને ચહારદાહ માઅસુમ અ૦ની ઝીયારતો નસીબ થવાની દોઆ કરીએ છીએ.

લી૦ ખાદીમેકોમ હાજી નાજીના સલામુન અલયકુમ.

## ઘડાઈના મુલમાં રૂપાની ફીરોઝાની વીંટીયો;

ફીરોઝાની વીંટી રૂપામાં સારી ઘડાઈની રૂ. ૨ તથા ફીરોઝા સાથે બીજો કાબુલી કાંકરો મળી એ નંગવાળી ઉમદા રૂ રાા તથા ફીરોઝાની આજુ બાજુમાં જુદી જાતના બે કાંકરા તે મળી ત્રણ કાંકરાવાળી ખુબસુરત ઘડાઇના રૂ રાા પોસ્ટેજ જુદું; તાકીદે મંગાવો.

**અવલાદ** થતી ન હોય તેમના માટે ફીરોઝા ઉપર કુર્આનની એક આયત કોતરીને પેહરેતો ખુદા અવલાદ અતા ફરમાવે છે; એવા કોતરાવેલા હલકા ફીરોઝા થોડાક છે, દરેકનો રૂ ૧ાા હલકા ફીરોઝામાં એટલા માટે કોતરાવેલ છે કે જો નખપેનો નુકસાન નજીવું થાય, માટે મરજી પડેતે મંગાવી તે વીંટીમાં બેસારીને પેહરે.

# કસીદએ ઈદેગીર.

ચાહીએ મુજહકોભી થોડીસી ઇનાયત તેરી,
મેરા દાવાહે કે હૈમુજહકોમોહબ્બત તેરી*
દુર ઉફતાદહ નજફસે હું ઝરા ધ્યાન રહે,
હડીયાં ફુંક નદે આતીશે ઉલ્ફત તેરી*
છોટા મુંહ ઓર બડી બાત મસલ હય મશહુર,
કીસ ઝબાંસે યેહ કહું કરતાહું મદહત તેરી*
આયા જબ આયએ અકમલ્તો લકુમ રોઝે ઇદ્દેગદીર,
યા અલી હોગઇ તસદીકે ઇમામત તેરી*
જો ઝેમીં નૂહકે તુફાનસે મહફુઝ રહી,
વોહ બની તેરે લીએ જાએ વીલાદત તેરી*
ખુલ ગયા વહદતે કસરતકા વોહ રાઝે મખફી,
નૂરે મહબુબે ખુદામેં હુઈ શીરકત તેરી*
દોશે અહમદપે તુજહે દેખકે કેહતેથે મલક,
હય બલંદ આજ નોબુવ્વતસે ઇમામત તેરી*
તુજહસેપેહેલેજભી એઅલાને રીસાલત નહુવા,
ઇસકી તબલીગકો દરકારથી હીમ્મત તરી*
જંગે ખંદકમેં ખરીદા હય ભરે મજમેઅમેં,
કયું ન દમ તેરા ભરે હોગઇ જન્નત તેરી*
સોતે હંય છાઉંમેં તલવારોંકે યું નફસ ફરોશ.
દેખતા નીંદ ઝમાના શબે હીજરત તેરી*

કીસકો હાંસીલહય તેરી રૂતબા શનાસીકા શરફ,
કીસકો માઅલુમ બજુઝ હકકે હકીકત તેરી*
હાથ નીકલા શબે મેઅરાજ તેરા પરદેસે,
નકશ હય કાએમએ અરશપે અઝમત તેરી*
મીસ્લે માઅબુદથા એક વકતમેં હરજા મવજુદ,
હુઇ ચાલીસ જગા જબકે ઝીયાફત તેરી*
ઉસ્કા એક ઝર્રાહભી રૂસ્તમકો નહાતીમકો મીલા,
જો શુજાઅતથી તેરી જોથી સખાવત તેરી*
કાંપ ઉઠે અરઝો સમા હીલ ગઇ સારી દુન્યા,
પરે જીબરઈલસે પુછે કોઇ ઝરબત તેરી*
ભૂલ જાએ ન ઝમાના કહીં રૂતબા તેરા;
હુઇ ઇસ વાસ્તે કાઅબેમેં વીલાદત તેરી*
તેરે શીઓંકે સીવા હો નહીં સકતા દાખીલ,
બાગે ફીરદવસકી કુંજી હય મોહબ્બત તેરી*
હોકે શાહે દો જહાં ખાક નશીનીંથી પસંદ,
સીરકા વ નાને જવીં પરથી કેનાઅત તેરી*
યેહ જો ઇસ્લામકે હંય આજ તેહત્તર ફીરકે,
ઇન્કી બુન્યાદકા બાઇસ હય અદાવત તેરી;
હક તેરા છીન લીયા જાહ પરસ્તોંને તો કયા;
દિલકી ઇકલીમમેં જારી હય હુકુમત તેરી*
વીર્દે લબ નાદેઅલી ચાહીએ હરદમ 'ખાવીર'
એશો રાહતસે બદલ જાએગી કુલફત તેરી*

## મરસીયાહ જનાબે ઈમામે હુસએનઅ૦ કે સફર કરનેકે ઔર ફાતેમા સુગરાકે બએનકે અહવાલમેં.

સુગરાકો નઝર આયા જો અંદાઝ સફરકા,
ઔર દેખા સબ અસબાબ નીકલતેહુએ ઘરકા✻
યું કહને લગી દેખકે મુંહ અપને પદરકા,
ફરમાઇયે બાબાકે તહીરયા હૈ કીધરકા✻
હાં આજતો બીસ્તો સીયુમ માહે રજબ હૈ✻
કુરબાન ગઈ મૌસમે હજભી નહીં અબ હૈ✻ ૧
હૈ સાલે ગુઝશતાકી યે યાદ અએશાહે ખુશાખો,
હઝરતતો ગએથે મહે ઝીલકાઅદમેં હજકો✻
યે દઅલ નહીં હૈ કે જો હજ તુમસે કઝાહો,
યે સાલકી ઊજલતકા સબબ મુઝકો બતાદો✻
દીલ દેતા ગવાહી હુએ મુઝ ઝારો હઝીંકા✻
હજદર હૈ બેશકહૈ યે કસદ ઔર કહીંકા✻ ૨
અય્યામે હજ આતેથે કરીબ આગે જો બાબા,
વલ્લાહકે હોતીથી બશાશત તુમેં કયા કયા✻
બાએસ જો બશાશતકા કીસી શખસને પુછા,
ફરમાતેથે અબ હોગા અદા ફરઝ ખુદાકા✻
જીન રોઝોંમેં તુમ હોતેથે તૈયાર સફરપર✻
એક ખલ્કકા અંબોહ રહા કરતાથા દરપર✻ ૩
જબ બૈઠતેથે આપ સરે કબરે પયમ્બર,
આદાબે હજ્જો ઉમરહથે સબ પુછતે આકર✻
કહતાથા કોઇ ગુસ્લકા કયા તવરહૈ સરવર,
કહતાથા કોઇ બાંધતે એહરામ હૈ કયુંકર✻
કહતાથા કોઇ પહેલા હજ અએ શાહે શહાં હૈ✻
સુનતાહું ખોદએજાકી ઝીયારતભી વહાં હૈ✻ ૪
હુજ્જાજકા અંબોહ રહા કરતાથા ઉસજા,
ઔર હજકે મસાએલકા વહીં રહતાથા ચરચા✻
જીસ શખ્સકો કઅબેકા સફર હોતાથા પહેલા,
તુમ હજકે મસાએલ ઉસે બતલાતેથે બાબા✻
અગલાસા તો હઝરતકા નહીં તૌર હૈ બાબા✻
હજકા નહીં યે ઔર સફર લગતા હૈ બાબા✻ ૫
કલ રાતકો બાબા જો મેરી તપ હુઇ કુછ કમ,
ઊઠ બૈઠી ઝરા મૈંતો નઝર આયા યેહ આલમ✻
હથયારૂંકે સંદુક થે તુમ દેખતે ઉસદમ,
સર થામે હુએ બડી ફુફી જાનથી પુરગમ✻
મૈં કયા કહું હાલત જો હુઇ મેરે જીગરકી✻
તલવારેં ગીની ઔર અઝીઝુંપે નઝરકી✻ ૬
દો તીન બરસસે મુઝે હોશ ઈતના હૈ બાબા,
અહવાલે ગુઝશતા મેં નહીં ભુલતી અસલા✻

કીસ સાલ ઇરાદા ન કીયા આપને હજકા,
પર યું ન સીલહ ખાના કભી આપને દેખા✽
તય્યાર સફરપર અભી આપ અએ શહેદી હય✽
સદકે ગઇ હજકે અભી અય્યામ નહીં હય✽ ૭
સુન સુનકે શબ્બીરકો રોના બહોત આયા,
મુંહ ચુમકે બીમારકો છાતીસે લગાયા✽
કહને લગા અલ્લાહસે બહરાકા વો જાયા,
દે પહેલે શફાસે તુ ઇસે સબર ખુદાયા✽
હોજાએગી હાલત અજબ ઇસ ખસ્તા જીગરકી✽
જબ શરહ સુનેંગી મેરે ઇસ્દમકે સફરકી✽ ૮
પહલે તો ઇરાદા હુવા યે સીબતે નબીકા,
ગર સાફ કહા હાલતો મરજાએગી સુગરા✽
ફીર સોચે મંય હું મુખબિરે સાદેકકા નવાસા,
ગાહે સુખને કીઝબ ઝબાંસે ન નીકાલા✽
બસ સાફહીં કરદીજીયે જો ઠીક ખબર હય✽
બેટીમેં મેરી સબરકા બહરાકે અસર હય✽ ૯
ફરમાયા તુ સચ કહતી હય અએ બેકસો રંજુર,
અય્યામે હજ અય પ્યારીહયઅલબત્તા બહોતદુર✽
ઇન રોઝુંમેં અલ્લાહકો કુછ ઓર હય મનઝુર,
મંયભીયહાં મજબુરહુ ઓર તુભી હય મજબુર✽
હરબંદેકો ખાલીકકી રઝા ચાહીયે બેટી✽
જો ઉસકી રઝા હો વોહ કીયા ચાહીયે બેટી✽ ૧૦

અલ્લાહને અબતકતો મોહઝ્ઝબ રખ્ખાહય હરઆન;
સબ રાહતો આરામકે મેરે કીયે સામાન✽
મેરે તહે ફરમા રહે લાખોં હય મુસલમાન,
ચાહી મેરી ઝીલ્લત ન ખુદાને કીસી ઉનવાન✽
યસરબસે મેરા કુચ્જો અબ હોતા હય બેટી✽
દુના મેરી ઇઝ્ઝતકા સબબ હોતા હય બેટી✽ ૧૧
તવકીર દો બાલા મેરી ખાલીકકો હય મનઝુર,
ચાહા ન કે મંય કુરબે ઇલાહીસે રહું દુર✽
જો જલવાકે મુસાકો દીખલાયાથા સરે તુર,
ઉસ રૂતબેકો દીખલાએગા હક મુઝકો વોહીતુર✽
રૂતબા વોહી દેગા જો દીયાથા મેરે જદ્દકો✽
જીન્નાતો મલક આએંગે વાં મેરી મદદકો✽ ૧૨
જીસ રોઝસે નાના હુએ ફીરદવસમેં દાખીલ,
ઉસદીનસે ન જીબરઇલ ઝમીંપર હુએ નાઝીલ✽
ઇસ અમરસે ખુરસંદ ન કયુંકર હો મેરા દીલ,
યે ફઝલે ખુદા હોગા મેરે હાલકે શામીલ✽
હુકમ આએગા એકદમ કે ન અબ દેર લગાઓ✽
મકતલપે મેરે બંદએ મઝલુમકે જાઓ✽ ૧૩
હય અઝગ સુએ કઅબા મુકરરર મેરા સુગરા,
મલજા હય ઉમીજા મેરા માવા હય ઉસીજા✽
ઇસ સાલ હય ઇસતરહસે ફરમાન ખુદાકા;
કઅબેમેં હું ઓર મોહલતે હજ પાઉં ન અસલા,

દરપય મેરે અએસેહી વહાં બાનીયે શરહાં*
અય્યામમેં હજકે મેરે અય્યામ બસરહાં* ૧૪
કાઅએમેં જો ઝીલહજકા આએગા મહીના,
તબ ઓર સીતમગારૂંકા હોગા સીવા કીના;
બચેગા કમીંગાહમેં હરએક કમીના,
ચાહેગા કે ફીર હો ન નસીબ ઈસકો મહીના.
આદાએ હજ ઈસસાલ બજા લાને ન દેંગે*
ઓર સુએ.વતન ફીરકે મુઝે આને ન દેંગે* ૧૫
અબ કુચ નહીં કરતા જો મંય એકસો મુઝતર,
દીન રાત ઈસી બાતકા હય દીલમેં મેરે ડર,
હોતા હય ગુઝર કબરે નબીપર મેરા અકસર;
બાએસસે મેરે રોઝએ જદમેં નહો કુછ શર.
ઈસ રોઝેમેં ગર એકકાભી ખુંન બહેગા*
મહબુબે ખુદા કયા મુઝે મહશરમેં કહેગા* ૧૬
જો અમર મુકદ્દર હય મદાર ઉસપે હય સારા,
જી રૂહકો ઝીનહાર કઝાસે નહીં ચારા;
વાં પહલેસે જાનેકા યે બાએસ હય હમારા,
અબતો હરમે હકમેં ન જાએંગે દો બારા.
આદાબ અદા સબ મંય કરૂં રૂકને હજરકે*
જી ભરકે નમાઝે પઢહું મવલદપે પદરકે* ૧૭
હય અજર મરાકદકી ઝીયારતમેં બહોતસા,
રૂતબેકા ખુદએજાકે ફકત મંય હું શનાસા;

નાનાકી ઝીયારત કરેં જાકર યેહ નવાસા,
ઓર ઉનકો કહું ઝબહ મૈં હોજાઉંગા પ્યાસા.
નાનીકોભી મરકદમેં કલક હોગા નીહાયત*
અમ્માંકી તરહ ઉનકોભી ગમ હોગા નીહાયત* ૧૮
યું અરઝ કરૂંગા મંય હરમે લમયઝલીમેં,
મસરૂફ ન થા મંય કીસી બંદેકી બદીમેં;
રહને ન નવાસેકો દીયા કબ્રે નબીમેં,
અબ ઈસકે સીવા કુછ નહીં હસરત મેરે જીમેં.
આશુરે કે દીન નઝરે ખુદા સર કરૂં જાકર,
ઓર બખશીશે ઉમ્મતકે મોહીમ સર કરૂં જાકર* ૧૯
નાનાને દોઆ કી હય સદા તેરે હરમમેં,
પયદા મેરા બાબાભી હુવા તેરે હરમમેં.
હાઝીર હૈ યેહ બંદાભી ખુદા તેરે હરમમેં
હો જાતી હય મકબુલ દોઆ તેરે હરમમેં.
ઉમ્મેદ યે રખતા હું તેરે ફઝલો કરમસે*
બેનીલ મતાલીબકે ન નીકલું મંય હરમસે* ૨૦
યે અમર તો સુગરા થા મેરે દાખીલે આદાત,
કઅબેકે ફઝાએલ મૈં બયાં કરતાથા દીન રાત,
અબ ફીર કહાં ઈસ અરઝે મુકદ્દસસે મુલાકાત,
ઝાહેરમેં જુદા ઈસસે ફલક કરતા હય હય હાત.
બાતીનમેં તો ઝીંદા હું પેઝાહેરમેં મરૂંગા*
હજ આલમે અરવાહમેં હર સાલ કરૂંગા* ૨૧

ઇસ સાલ યેહી કસ્દમેં રખતાહું દીલ અફગાર,
કુછ રોઝું ન નીકલું હરમે કાઅબેસે કીનહાર,
જબ તકકે વહાં મુઝકો સતાએંગે ન કુફ્ફાર;
દીનભરમેં હર કાઅબેકા ચુમુંગા મંય સૌ બાર.
ચૌકઠસે જુદા ગોકે મંય તા દેર ન હુંગા,
પસ ઉસકી ઝીયારતસે કભી સયર ન હુંગા* ૨૨
જબ વાઅદાગાંહ અપનીપે ગુઝર હોવેગા મેરા,
તો કુરબ વહાંસે નજફો કુફેકા હોગા,
બરને ન કઝા દેગી વહાંસે મુઝે અસલા,
મુસ્તાકહી રેહ જાઉંગાં મંય તવફે નજફકા.
મોલદહીપે રોલુંગા બહોત આંખુંકો ધરકે*
જાને ન મુઝે દેંગે યે મરકદપે પદરકે* ૨૩
હઝરતને કહા ઉસસે યે અહવાલ જો સારા,
સુગરાકો ન ઉસ વકત રહા ઝબતકા યારા;
કી અરઝ બજા આજ તરદુદદ હય તુમારા,
યાને સુએ યસરબ ન ફીર આઓગે દોબારા.
બાએસ હય યેહી ગયર જો અહવાલ મેરા હય,
તપ શબકી બ નીસબંત મુઝે ઇસવકત સીવા હય* ૨૪
દો ચાર ઘડી ગુઝરી કે યે ખ્વાબ હય દેખા,
ગોયા હય કહીં અઝમે સફર આપકા બાબા;
સબ કુનબેકી હમરાહ હું મંય આપકી શયદા,
કુછ દુર ચલી હુંગી કે હાએલ હુવા દરયા.
દરયાકે કીનારેપે અદા તાઅતેં રબકી,
ફીર આપને એક કીશતી વહાં જલદ તલબકી* ૨૫
બ નફસે નફીસ આપ ઉઠે અએ શાહે ખુશખો
ઉસ કીશતીપે હરએકકો ચડહાને લગે રોરો;
બીઠલાયા સીવા મેરે સફીનેપે હરએકકો,
મંયને કહા બાબા કહીં મુઝકોભી બીઠાદો.
અમ્માંને જુદા કર દીયા અતફાલકી સફસે,
ઝયનબનેભી મુંહ મોડ લીયા મેરી તરફસે* ૨૬
મંય ખ્વાબમેં લીપટી અલી અકબરકી કમરસે,
ઔર મંયને બમીન્નત કહા ઉસ રશકે કમરસે;
ઇસ કીશતીપે બીઠલાલો મુઝે કહકે પદરસે,
ફરમાયા થા ભાઇને યે મુઝ ખસ્તા જીગરસે.
તુમભી કહો શબ્બીરસે ઔર મંયભી રઝાલું,
ગર હુકમ હોતો મંય તુઝે આંખુંપે બીઠાલું* ૨૭
ઇતનેમેં કયા મંય દેખતીહું બેકસો મુઝતર,
કુછ પુછતે હંય આપસે અબ્બાસે દીલાવર;
ખ્વાહરકો મેરી લે ગએ ગોદીમેં ઉઠાકર,
બીઠલાયા સકીનાકોભી કુબરાકે બરાબર.
હાલત તો બહોત ગયરથી મુઝ ખસ્તા જીગરકી,
લયકીન મેરી જાનીબ ન નઝરકી ન નઝરકી* ૨૮
અમ્માંસે કહા મંયને કે અએ માદરે ખુશખો,
કુરબાન હો બેટી ઇસે કીશતીમેં બીઠાલો;

અમ્માને જવાબ ઇસકા યે રોકર દીયા મુજકો,
મકદુર મેરા કુછ નહીં તુમ શાહસે પુછો.
ઇસ ખ્વાબમેં જો મંયને કહા આપસે કયા કુછ;
પર આપને સદકે ગઈ મુજહસે ન કહા કુછ* ૨૯
મંયને કુફીઆદુંસે કહા તુમપે મંય કુરબાન,
તુમ અરઝ કરો જો મુઝે બીઠલાલે કુફીજાન;
ઓર મીન્નતે કાસીમભી બહોત મંયનેકી ઉસઆન,
લેકીન મેરી જાનીબકો કીસીને ન કીયા ધ્યાન.
બાઇકો જો માંને મેરી ગોદીમેં દીયાથા,
મુઝસે અલીઅસગરનેભી મુંહ મોડ લીયાથા* ૩૦
કરતી રહી એકએકકી મીન્નતમેં દીલ અફગાર,
ઉસ કીશતીપે મુઝકો ન કીસીને કીયા અસવાર;
કીશતી મેરે આગેસે રવાં હોગઇ એક બાર,
મંય રહ ગઇ ઓર માદરે અબ્બાસે અલમદાર.
ફીર મંયને ન દેખી શહે ઝીઔજકી સુરત,
સાહેલપે પટકતી રહી સર મોજકી સુરત* ૩૧
જીસ દમ મંય ઉઠી દેખકે યેહ ખ્વાબ પરેશાન,
હઝરતકી નઝર આયા મુઝે કુચકા સામાન;
ચયન આતા નહીં હય મેરે દીલકો કીસી ઉનવાન,
કયા દેખું ઝહુર ઉસકા હય અએ મઝહરે યઝદાન
હર ચશમ ભરી હય મેરી ખુનાબસે બાબા,
ધડકા હય બડા શબકે મુજહે ખ્વાબસે બાબા* ૩૨

સુનસુનકે યેહ કહને લગા વો શાહે મદીના,
વોહ કીશતી તો હય ઇતરતે અહમદકા સફીના,
તાબીર અયાં સાફ હય ઝાહેર હય કરીના;
તુ ઉસ્સે જુદા હોગી સવાર ઉસપે સકીના.
તુ ગમમેં મેરે મલતી હુઇ હાથ રહેગી,
ઓર માદરે અબ્બાસ તેરે સાથ રહેગી* ૩૩
ઇસ ખ્વાબકી તાબીર અયાં હોતી હય દમમેં,
તુ હોગી ન વાં કાફેલએ અહલે હરમમેં,
સબ હોંગે ગીરફતાર વહાં રંજો અલમમેં.
યાં ખાક ઉડાદેગી તુ એકએકકે ગમમેં,
ઘર બયઠે સીવા સબસે અઝીયત તુ સહેગી,
સુગરા તુઝે હર રંજમેં શીરકત મેરી હોગી* ૩૪
સુગરાને કહા કાયદા દુન્યાકા હય બાબા,
બડહતા હય અઝીઝુંમેં અગર રૂતબા કીસીકા;
અપનુંમેં ખુશી હોતી હય ઇસ અમરમેં કયા કયા,
દીલ હોતા હય ખીરદમંદ જીગર હોતાહય ઠંડા.
કહતેહો સીવા જાહો હશમ હોગા સફરમેં,
મંય આંખુંસે વોહ દેખું ન બયઠી રહું ઘરમેં* ૩૫
હઝરતને કહા બાત યેહ તહકીક તેરી હય,
ઉસ રૂતબેકે બડહનેકી હકીકતમેં ખુશી હય;
ઝાહેરમેં તો સબ સામના વાં મુઝકો યેહી હય,
ઝુલમોં સીતમ આઅદાકે હય ઓર ફાજકશી હય.

તા હશ્ર જહાં ફાતેમા હૈ હમજાકે બસેંગે,
રોનેપે હમારે વહાં સરહદ હસેંગે* ૩૬
રૂતબેકી તરફકા જો યેહ અહવાલ કહાધા,
બાતીનમેં તો રૂતબે મેરે બઢહજાએંગે કયાકયા;
ઈલહામ કઇ બાર મેરી ઝીશતમેં હોગા,
આએંગે મલાએક મેરી ઈમદાદકો ઉસજા*
બાઅદ અકબરે મઝલુમકે તનહા મંય મરૂંગા,
ઈમદાદ ગવારા ન ફીરીશતોંકી કરૂંગા* ૩૭
ફીર બાઅદ ફીરીશતોંકે કહેંગે યેહ જીન આકર,
સરદાર જીનુંકા હું મેરા નામ હય જાફર;
અબ હુકમે વીગાદો મુઝે અએ સીબ્તે પયમબર.
ઈનસાનુંસે જીન્નાતકો લડવાઊંગા કયુંકર.
મંય હુકમે વેગા ઉનકો કીસીતરહ ન દુંગા,
ઉસ કૌમકા લાયા હુવા પાની ન પીયુંગા* ૩૮
સુગરાને કહા આપકે કુરબાન મંય હઝરત,
ગર દીજીયે પાની તો હય કુછ ઈસમેં કબાહત;
સુનસુનકે યેહ બેટીસે કહા શાહને બ રીકકત,
બરઅકસ હમીયત હંય યે બરઅકસ મુરૂવ્વત.
પ્યારેહોં તહે તેગ જહાંમેં જીયે શપ્પીર,
બાદ અકબરો અબ્બાસકે પાની પીયે શપ્પીર* ૩૯
સુગરાને કહા શાહસે અએ સીબતે પયમ્બર;
બાઅદ અકબરો, અબ્બાસકે કયા આએગા જાફર,
હઝરતને કહા ખા ચુકેગા તીર જબ અસગર;
ઉસ દમકો ખબર કોઈ કહેગા ઉસે જાકર.
અબ સારા ઝમાના તેરે મોહસીનસે ફીરા હય,
ઝહરાકા પીસર નરગએ આઅદામેં ધીરા હય* ૪૦
યેહ સુનકે કરાર આએગા જાફરકો ન ઝીનહાર,
ઉસદમ મએ લશકર વોહ ચલા આએગા દીંદાર;
રૂખસત ઉસે કર લુંગા જો મંય બેકસો લાચાર,
ફીર સોજદએ અલ્લાહમેં મંય ખાઉંગા તલવાર.
ઉન રૂતબુંકી પર મેરે કબ આઅદાકો ખબર હય.
યા મુઝકો હય યા અહમદો ઝહરાકોખબર હય* ૪૧
અહવાલે શહાદત જો સુના શહકી ઝબાંસે,
રોને લગી તબ ફાતેમા ફરયાદો ફીગાંસે;
ફીર ઉસને યેહ કી અરઝ શહનશાહે ઝમાંસે,
હઝરત કીસી કાસીદકોભી ભેજેંગે વહાંસે.
શહને કહા વાં જાતેહી ધીર જાએંગે સુગરા,
હમ બાતકી ફુરસત ન વહાં પાએંગે સુગરા* ૪૨
બિમારને ફીર અરઝકી બાબાસે કે હઝરત,
ફરમાઈએ તો કોનસા હય રોઝે શહાદત;
ઈરશાદ કીયા બેટીસે સરવરને બરીકકત;
આશુરેકા દીન હોએગા ઓર જુમઅએ કુરકત.
ઝોહરયનકે બાઅદ આએગા હંગામે શહાદત,
અલ્લાહ કરે નેક સરંજામે શહાદત* ૪૩

ચેહ કહકે મુરખ્ખસ હુએ ઉસ્સે શહેવાલા,
કુછ દીન રહે કાઅબેમેં શહે યસરબ બતહા,
ફીર વારીદે મકતલ હુવા વોહ દીલબરે ઝહરા;
શોકર યહાં આશુરેકે દીન કહતીથી સુગરા.
હરરોઝ ઉસે કટતાથા ફરયાદો ફીગાંમેં,
અલકીસ્સા હુવા ચાંદ મોહરરમકા જહાંમેં* ૪૪
બીમાર તડપતી રહી ગુર્રેસે નહુમ તક,
મુરદેસે વોહ બદતરથી ઝરા ઇસમેં નહીં શક;
હર તરફ ખુશી સફહએ દીલસે હુઈ મુનફક,
આશુરેકા દીન આગયા દુન્યામેં યકાયક.
બહને લગા ખુંનાબ જીગર દીદએ તરસે,
મછલીસી તડપને લગી ઊસ રોઝ સહરસે* ૪૫
હમ્સાયેકી હર લડકીકો સુગરાને પુકારા,
સબ આઈં તો કહને લગીં દો સાથ હમારા;
હરએક મેરે સાથ ગીરેબાં કરો પારા,
ઇસ વકત બહોત પ્યાસા હય બાબામેરા પ્યારા;
બાબાકો મેરે સામના હય લશકરે કીંસે,
આગાઝ લડાઇ હુઇ હોગી શહેદીંસે* ૪૬
હમસાઈયાં કહને લગીં કુછ ખયર હય સુગરા,
તુમ ઘરમેં હો પરદેસમેં હય સૈયદેવાલા,
કયુંકર તુમ્હેં દરયાફત હુવા હાલ વહાંકા,
કહને લગી બાબાને ઇસી દીનકો કહાથા.

બાબાકી ઝબાની મુઝે ઇસ દીનકી ખબર હય,
વોહ શાહે શહાં મુખબીરે સાદીકકા પીસર હય* ૪૭
યે કહને લગી પીટકે વોહ બેકસો ગમગીં,
અબ મરને લગે રનમેં રફીકાને શહેદીં;
આંખુંસે મેરે અશક નીકલને લગે ખુની,
દીલકો મેરે ચયન આતા નહીં હય કીસી આઈ.
ઇસ વકત અંધેરાસા મેરી પેશે નઝર હય.
અએ લોગો નહીં ઝુઠ યેહ તહકીક ખબર હય* ૪૮
કુછ દેર મૈં ગશ ખાકે ગીરા ફરશે ઝમીંપર,
કહને લગી હમસાઇયો મારે ગએ અકબર;
ઇસ દમ હય મેરે બાઝુઓમેં દરદ સરાસર,
ઔર દેખલો હય કબરે નબી કાંપતી થરથર.
શકલ આંખુમેં હય ફીર રહી ઉસ આઇના રૂકી,
કયું દીલકો ન સદમાહો કે શીરકત હય લહુકી* ૪૯
યેહ કેહકે અભી કહરહીથી વોહ જીગર અફગાર,
અફલાકસે જો ખુન બરસને લગા એકબાર,
ચીલ્લાઇ કે લો કત્લ હુએ સય્યદે અબરાર,
સર પીટકે યું બૈન લગી કરને વો નાચાર.
અબ મુઝપે મુસીબતકી ઘટા છાગઇ લોગો,
અબ સરપે યતીમીકી બલા આગઇ લોગો* ૫૦
યે દીનતો અઝલસે દમે કતલે શહેદીં થા,
ઇરશાદસે શ પીરકે મુઝકોભી યકીં થા;

ફીરદવસમેં વોહ પોંહચા જો હઝરતકે કરીંથા,
ચેહ ગંજે શહાદત મેરી કીસમતમેં નહીં થા.
કીસમતમેં મેરે પ્યારૂંકી જન્નતકી ફીઝાથીં,
મકસુમમેં બીમારકે પુરકતકી દવાથી* ૫૧
મંય હોતી અગર સાથ શહે હરદોસરાકે,
રોતી મંય લહુ પ્યારોંકા ચેહરેપે લગાકે;
ગર રોતી સકીનાકી તરહ અશક બહાકે,
છાતીસે લગા લેતે શેહ દસ્તસે આકે.
રોકર કદમે સય્યદે અબરારપે ગીરતી,
માનીંદે સકીના સુમે રહવારપે ગીરતી* ૫૨
શહ જાતે હુએ ઘોડેસે નીચે ઉતર આતે,
ઘોડેસે ઉતર કર મુઝે છાતીસે લગાતે;
નાલે મેરે ઝીનહાર ન શબ્બીરકો ભાતે,
જાતે હુએ ઝયનબકો મુઝે સોંપકે જાતે.
વાં સોંપગએ હોંગે સકીનાકો ખુદાકો,
યાં સોંપ ગએથે મુઝે પુરકતકી બલાકો* ૫૩
અબ બૈન ન કર ફાતેમા સુગરાકે તુ તહરીર,
રોતી રહી તાઝીસ્ત વો બીન્તે શહે દીલગીર;
દરગાહે ઈલાહીમેં દોઆ માંગલે "દીલગીર"
યારબ ચેહ દોઆ સુનલે પએ હઝરતે શબ્બીર.
યારબ મેરા અઅમાલે ઝબુંપર ન નઝર કર,
ફઝલસે અપને ચેહ મોહીમ તુ મેરે સરકર* ૫૪

# રૂબાઇયાત.

દરપીશ હમેં હશ્રકે કયા કયા ગમ હએ*
હયદર હંએ જો પુશ્તપર તો કયા કમ હંએ*
જબ શીઆક કહેગે કોન અપના હૈશફીઅ*
આવાઝ અલીદેંગે કે હમ હંએ હમ હંએ*

બારાથે અસીર એક રસ્સીમેં તમામ*
ઓર જાતેથે પીશ પીશ આબીદે નાકામ*
હમરૂતબએ તસબીહ નહો કયું વોહ રસન*
જીસકાકે ઇમામ હો દો આલમકા ઇમામ*

હરચંદકે ઇસ બઝમને ખંચ્યા હએ તુલ*
પરહેશમેં અબતક નહીં આઇ હએ બુતુલ*
અએ મોમેનો શબ્બીરકા પુરસાદે લો*
અબ જાતી હે ઇસ તાઝીયાખાનેસે બુતુલ*

ગર ચાહતા હએ જીનેકી ખાતીર મરના*
હોકર શહે મઝલુમકા ઝાએર મરના*
કોઈ ભી રહા હએ દરમીયાને દુન્યા*
અવ્વલ મરના "દબીર" આખેર મરના*

# જન્નત અને જહન્નમના

## દરવાજાઓ ઊપર લખેલા લેખ.

હાજીભાઈ અમદાવાલી

### જન્નતનો પાંચમો દરવાજો.

જન્નતના પાંચમાં દરવાજા ઉપર જે કાંઈ લખ્યું છે તેમાંની ઘણી બાબતો ગઈ ૨૯ મી સાલમાં આવી ગઇ, અને એ દરવાજા ઊપર આ મુજબ પણ લખ્યું છે કે "**મન અરાદ અન લા યુઝલમા ફલા યઝલિમ.**" એટલે જે શખસ ચાહે કે પોતા ઉપર ઝુલ્મ ન થાય, તો પોતે પણ કોઈ ઉપર ઝુલમ કરે નહીં: ખુદાવંદે કરીમ ઝુલમને બહુજ ખરાબ જાણે છે: અને ઝુલમ કરનાર ઉપર લાઅનત કરી છે.

ઝુલમની ઘણી જાત છે, કોઇને સતાવવો કે બુરૂ બોલવું કે નાહક રૂસવા કરવો તે પણ ઝુલમ છે: અને દરેક ઝુલમના કામમાં મદદ કરનાર પણ ઝાલીમ છે. કોઇ ઊપર ઝુલમ થતો હોય તે જોઇને ચુપ રહેવું એ પણ ઝુલમ છે, ઝાલીમના ઝુલ્મી કામને છુપાવી દેવા અને ઔર તેના વખાણ કરવા એ પણ ઝુલ્મ છે; મતલબકે ઝુલમથી રાજી થનાર, ચુપ રહેનાર, અને સીધી કે આડકત્રી રીતે મદદ કરનાર ઝાલીમ છે.

મોઅમિનનો માલ છીનવી લેવો, મોઅમિનની હલકાઇ કરાવવી: તેને રૂસવા કરવો એ પણ ઝુલમછે; એ પછી લખે છે કે જે મોઅમિન જેનો મુસ્તહક છે: તે તેના માટે ન કરવું તે પણ ઝુલમછે: દાખલા તરીકે કોઇ મોઅમિન અથવા આલિમ અથવા મુજતહેદને બદ બોલે: ખોટા તોહમતો મુકે; તો જેને જેને એ વાતની ખાત્રી થાય તેના તેના ઉપર લાઝિમ છે કે તે તોહમત મુકનારને તોડી પાડે, તે ઝુઠો છે અને નાહક તોહમતો મુકેછે તે જાહેર કરે, અને તેને નસીહત કરે, અને કોઇ એમ સમજીને ચુપ રહે કે આપણને શું! કરશે તે ભરશે; તો તે પણ એ ઝુલમમાં શરીક છે.

કેટલાંક કાઇની ઝુઠી મઝીમ્મત વાંચીને મજાહ મેળવે છે: પણ તેવા પણ ઝાલીમમાં દાખલ છે. બલકે એવા શોખીનો ન હોયતો ઝુલ્મ કરનારને ટેકો મળેજ નહીં, અને બહુજ જલદી ઝુલ્મ મુકીને સીધે રસ્તે ચાલે.

### જન્નતનો છઠ્ઠો દરવાજો.

છઠ્ઠા દરવાજા ઊપર કલેમા પછી લખ્યું છે કે "જે પોતાની કબ્રને પોહળી થવાને દોસ્ત રાખતો હોય, મતલબકે કબરમાં આરામથી રેહવા ચાહે તેણે મસજીદ બનાવવી જાઇએ, જે કોઇ "કતા"ના ઘર જેટલી મસજીદ બનાવે તો પણ ખુદા તેના માટે જન્નતમાં

એક મકાન બનાવે છે; 'કતા' નામનું કીડીથી પણ નાનું પ્રાણી છે, તેના ઘરનો દાખલો એટલા માટે આપ્યો કે બહુજ નાનામાં નાની મસજીદ બનાવે તો પણ તેના માટે જન્નતમાં ખુદા ઘર બનાવે છે, ખુશ નસીબ એ લોકોના કે જેઓ આલીશાન મસજીદો બનાવેછે, ખુદા ફરમાવે છે કે ઓ મ્હારા બંદાઓ જમીન ઉપર મ્હારા ઘર મસજીદો છે, અને જો કે ખુદા તેમાં રહેતો નથી, પણ તેની રહેમતો અને બરકતો તેમાં રહેછે; એટલે નાઝીલથાયછે.

મસજીદ માટે હુકમ છે કે તેને પાક સાફ રાખવી, મસજીદમાં ઝાડુ આપવી, ચીરાગ કરવો, એ તમામમાં ઘણો સવાબ છે, જેમકે હદીસમાં છે કે જે શખસ મસજીદમાં ઝાડુ આપે; અને જુવે તો એક જરાક તરખલા જેટલો કચરો કાઢે તો પણ હકતઆલા તેને પોતાની રહમતના ભારે એ હીસ્સા આપશે, અને મસજીદમાં ચીરાગ બાળે તો જ્યાંસુધી તે બળે ત્યાંસુધી મલાએકા, અને અર્શ ઉપાડનારા ફિરિસ્તા તેના માટે ઇસ્તીગફાર કરેછે.

હઝરતે ઇમામે જઅફરે સાદેક અ૦મે ફરમાવ્યું કે જે શખસ મસજીદમાં જાય છે, અને તેના કદમ જે જે જમીન સુકી હોય કે લીલી હોય તેની ઊપર પડે છે, તે દરેક ભાગ નીચેના સાતમાં તબકા સુધી તેના માટે ખુદાની તસબીહ કરે છે, અને જો જમાઅતની નમાઝ પડવા માટે મસજીદમાં જાય તો દરેક પગલે સીત્તેર હજાર નેકીયો તેના અમલનામામાં લખાય છે, અને સીત્તેર હજાર દરજા બુલંદ થાય છે, અને એવીજ હાલતમાં જો ખુદાની રહમતે પહોંચે તો હકતઆલા એક હજાર ફીરીસ્તાને તેની કબરમાં મોકલે કે તેને દીલાસો આપ્યા કરે અને તેના માટે ખુદાની ઇબાદત કરે, અને કબરમાંથી ઉઠે ત્યાંસુધી તેના માટે ઇસ્તીગફાર કરે.

જનાબે અમીરૂલ મોઅમેનીન અ૦ ફરમાવે છે કે જે શખસ મસજીદનો પાડોશી હોય તે ઉઝર વીના વાજીબ નમાઝ મસજીદમાં પડે નહીં, તો તેની નમાઝ કબુલ પણ નહીં થાય, અને ઘર કરતા મસજીદમાં નમાઝ પડવાનો ઘણો સવાબ છે; જો જુમ્મા મસજીદમાં પડે તો એક નમાઝનો સો ગણો સવાબ મળે, અને બજારની મસજીદ હોય તો એક નમાઝનો બાર ગણો સવાબ મળે; અને જો બયતુલ મુકદસમાં નમાઝ પડે તો એકનો હજાર ગણો સવાબ મળે, અને જો મક્કામાંની મસજીદુલ હરામમાં નમાઝ પડે તો એક નમાઝનો એક લાખ ગણો સવાબ મળે, અને મદીનામાં મસજીદે નબવીમાં નમાઝ પડે તો એક નમાઝનો સવાબ દસ હજાર ગણો મળે; અને જો મજકુર જગ્યોમાં જમાઅતની સાથે નમાઝ પડે તો ઘણો સવાબ વધી જવાનો.

એ પછી એ દરવાજા ઊપર એમ પણ લખ્યું છે કે જે ચાહે કે તેની લાશને કબરમાં કીડા ખાય નહીં અને અંગ સડે કે ગળે નહીં તો તેણે મસજીદમાં બીછાવવાની ચીજો (ચટાઈ કે ગાલીચા ઇત્યાદી) વેચાતી લઇને બીછાવે.

## જન્નતનો સાતમો દરવાજો.

સાતમાં દરવાજા ઊપર **"લાએલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર્રસુલુલ્લાહ, અલીયુન વલીયુલ્લાહ,** લખીને લખ્યુંછે કે **"બયાઝુલકોલુબ ફી અરબએ ખેસાલ"** એટલે દિલમાં સફાઇ અને રોશનાઇ ચાર ચીજથી હાસીલ થાય છે.

૧—બીમારોને જોવા જવાથી, અને બીમારને જોવા જવામાં ઘણો સવાબ વારીદ થએલ છે; મનકુલ છે કે કયામતને દીવસે અલ્લાહતઆલા બંદાને ઠપકો આપીને ફરમાવશે કે અરે જ્યારે હું બીમાર હતો ત્યારે મને જોવા શા માટે આવ્યો નહીં?! અરે મને ખાણું પાણી કાંઇ આપ્યું નહીં? આ સાંભળીને બંદો અરજ કરશે કે હે પરવરદીગારા આતે શું ફરમાવે છે? બીમાર થવું; ભુખ તરશ લાગવી તે તારા માટે નથી એવી બાબતોથી તું પાક અને પાકીઝા છો; માટે તેથી મારે શું સમજવું?!

ખુદા તરફથી જવાબ મળશે કે ત્હારી વાત ખરી છે; પણ ફલાણો તારો બીરાદરે મોઅમિન બીમાર હતો, તે ભુખ્યો તરસ્યો હતો, છતાં તું તેને જોવા ગયો નહીં; તેને ખાણું પાણી આપ્યું નહીં, તો તેને જોવા જવું અને ખાણું પાણી આપવું તે મને આપવા સમાન છે, જો તું તેની પાસે જતે અથવા તેને ખાણુ પાણી આપતે તો તું મને તેની પાંસે જોતે, એટલે જાણે મને જોયો અને મારી મુલાકાત કરી એવો દરજ્જો પામતે, અને ત્હારી હાજતો હું પુરી કરતે. જે કોઇ સવારના બીમાર મોઅમિનને જોવા જાયતો સાંજ સુધી તેના માટે સીત્તેર હજાર ફીરીશ્તા ઇસ્તીગફાર કરે છે; અને જેટલા કદમજોવા જવામાં ઉપાડશે તે દરેક કદમને બદલે સીત્તેર હજાર ફીરીશ્તા તે જોવા જનાર ગુજરી જાય ત્યારે તેના ઝીયારત માટે કબરમાં જાય, અને કયામત સુધી તેના માટે ઇસ્તીગફારકરે.

૨—જનાઝા સાથે જવું, તેનો સવાબ પણ ઘણો છે, ઓછામાં ઓછો એ છે કે દરેક કદમ ઉપર લાખનેકીયો લખાય છે, લાખ ગુનાહ માફ થાય છે, લાખ દરજ્જા બુલંદ થાય છે. અને નમાઝ પડાઇ રહે ત્યાં સુધી પાછો ચાલ્યો ન આવે તો લાખ ફીરીશ્તા તેના માટે ઇસ્તીગફાર કરે છે: અને દફન કર્યા સુધી રોકાયતો તે પોતે મર્યા પછી કયામતમાં ઉઠે ત્યા સુધી લાખ ફીરીશ્તા તેના માટે ઇસ્તીગફાર કરે છે,

૩—એક મોઅમીનની મઇયીત માટે કફન વેચાતી લેવું, કે જે કોઇ કફન આપે તો તે જનમ્યો ત્યારથી મરે ત્યાં સુધી તેને કપડા પેહરાવ્યા હોય એટલો સવાબ મળે.

૪—મોઅમીનની હાજત પુરી કરવી, અને એનો સવાબ બે શુમાર છે: ઘણી વખત અમો આગળ લખી ચુકયા છીએ.

## જન્નતનો આઠમો દરવાજો.

આઠમાં દરવાજા ઉપર પણ દરેક દરવાજાની જેમ પહેલે કલેમો પુરો લખેલ છે, તે પછી લખ્યું છે કે :: જે ચાહે કે જન્નતના એ આઠે દરવાજાથી જન્નતમાં દાખલ થાય, તેણે ચાર ખસલત રાખવી જોઇએ, ૧—સદકો, ૨—સખાવત; ૩—હુસ્ને ખુલ્ક, ૪—ખુદાના બંદાઓને ઇજા આપવી નહીં, એ ચાર ખસલતોની ઘણી ફઝીલતો છે; અને બહુજ લંબાણથી છે, તેથી ટુંક ટુંક એ કે સદકો છે તે ઉમ્મરને વધારે છે. મોતની સીત્તેર જાતની બલાને દુર કરે છે. હદીસોમાં છે કે સીત્તેર ગુલામ આઝાદ (મુકત) કરવા કરતાં એક હજ અફઝલ છે, પણ એક ભુખ્યા મુસલમાનને પેટ ભરીને જમાડે, અથવા એક નવસ્ત્રાને વસ્ત્ર પેહરાવે, અને એવાઓને સવાલ કરવાથી અટકાવે એટલે હાજત પુરી કરે કે

સવાલ કરવો નપડે; તો સીત્તેર હજ કરતા બેહતર છે; **સખાવત**નો પણ અઝીમ સવાબ છે કે દીન તથા દુન્યા બન્નેમાં બહુજ ફાયદો પહોંચાડેછે; અને નાના મરતબાવાળાનો મોહટો મરતબો કરે છે, નાલાયકને લાયક કરે છે. અયબવાળો હોય તો તેના અયબને ઢાંકે છે, એટલુંજ નહીં પણ ખુદા પાસે માનવંતો થાય છે, હઝરતે રસુલે ખુદા સ૦ને કોઇએ પુછ્યું કે લોકોમાં સર્વેથી કેવા શખસનું ઇમાન અફઝલ ગણાય! આપે ફરમાવ્યું કે જેનો સખી હાથ વધારે લાંબો હોય, એટલે વધારે સખાવત કરતો હોય, જે સખી અને ખલીક હોય તે હમેશા ખુદાની પનાહમાં રહે છે, અને જ્યાં સુધી તેને જન્નતમાં દાખલ નહીં કરે ત્યાં સુધી તેના ઊપરથી પોતાની મેહરબાની ઓછી નહીં કરે.

જેટલાં નબીયો, વસીયો; અવલીયાઓ: અને નેક બંદા થયાં છે તે તમામ સખી હતા; અને પોતાની અવલાદને સખાવતની ભલામણ કરતા હતા, સખી ખરાબ હોયતો પણ ખુદા દોસ્ત રાખે છે, ખુદાએ સખી માટે પોતાના હબીબ હ૦ રસુલે ખુદા સ૦ને સાફારીશ કરી છે.

એ પણ ધ્યાનમાં રહે કે બખીલી કરનારા એવી નીય્યતથી બખીલી કરે છે કે માલ ભેગો થશે, અને ભેગો થયો છે તે ઓછો નહીં થાય, પણ બખીલનું કદી સારૂં થતુજ નથી, બખીલ પોતે વાપરતો નથી તેમ બીજાને વાપરવા દેતો નથી; અને છેવટે એવી આફત આવે છે કે જોત જોતામાં તમામ નાણું ચાલતુ થાય છે, અને બખીલ હાથ ઘસતો રહી જાય છે, અને પછી હાય અફસોસ કરીને પસતાય છે, પણ પાછળથીપસતાવું શા કામનું? ઘણા જણને જોયા છે કે દૌલતથી માલા માલ હતા, પેટ બાળીને નાણું ભેગુ કર્યું, અને નેક કામમાં વાપરવાનું અને માથું કપાવાનું બરાબર સમજતા હતા તે દેખ દેખતા ઉડી ગયું; અને કેટલાંકે પોતાની જીંદગીમાં નાણું મેળવવા ઘણી મેહનત કરી, અને એનાણું તેના મરવા પછી એવું છુટથી એવા કામોમાં ઉડાડવામાં અને બરબાદ કરવામાં આવ્યું કે ખુદાની પનાહ! એવઃ એવાના હાથમાં ગયું કે હરામ કામમાં વાપરી નાખ્યું.

હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦ દીરહમ ( એક જાતનો કોરી જેવડો સીક્કો ) હાથમાં લઇને ફરમાવતા હતા કે ઓ દીરહમ યાદ કે રાખ જ્યાં સુધી તું મારા હાથમાંથી બાહેર નહીં જાય ત્યાં સુધી મને કાંઇ ફાયદો પહોંચાડી શકીશ નહીં; બલકે તું પડયો રહીશ તો નુકસાન છે.

જ્યારે ખુદાએ તઆલા રોઝીનો જામીન થયો છે, અને તેજ નાણું આપે છે, આપ-ણને મેળવવાની સત્તા નથી; ત્યારે શા આધારે બખીલી કરવી? અને શા કારણથી ખુમ્સ-ઝકાત કાઢવી નહીં? અને શામાટે વાજીબ હજ અદા કરવો નહીં? લોકો જુવે છે કે નાણું આવતા પણ વાર લાગતી નથી, જાતા પણ વાર લાગતી નથી, ત્યારે તે આવે ત્યારે તેમાંથી વાજીબ હકો અદા કરતા અટકેછે તે મોટામાં મોટી ભુલ કરેછે!

હઝરતે અમીરૂલ મોઅમેનીન અ૦એ જનાબે ઇમામે હસન અ૦ને ફરમાવ્યું કે અઓ ફરઝંદ રીઝક બેજાતના છે, એક એકે જેની તું શોધ કરે, બીજુ એકે તે તને શોધે છે, અને જો તુ તેની તલાશમાં જઇને નહીં મેળવીશતો તો તે પોતે ત્હારી પાસે આપોઆપઆવશે.

ઇબ્ને અબીલ હદીદ મોઅતઝલી સુન્નત જમાતનો જબરદસ્ત આલીમ છે;

જેણે હ૦ અલી અ૦ની નહજુલ બલાગા કીતાબનીશરેહ કરીછે, તેમાં એ શબ્દોની શરેહમાં લખે છે કે હઝરતનું એ ફરમાન ઘણુંજ દુરસ્ત અને હક છે, કેમકે હકતઆલા પોતાની હિકમત અને મસલેહત મુજબ રીઝક પહોંચાડે છે: કેટલીક વખત તો બંદાને કાંઇ પણ તકલીફ પડતી નથી, કોશીશ કરવી પડતી નથી અને આપો આપ મળી રહેછે, અને ઘણે ભાગે મેહનત અને કોશીશ કરવાથી મળેછે, ખુદાએ રીઝક પોતાના ઇખ્તીયાર અને કબજામાં રાખેલ છે, ઇન્સાનની તાકત નથી કે તે પોતાની હુશીયારી અને બળથી મેળવી શકે. તે માલીક જેને જેવી રીતે ચાહે તેવી રીતે આપેછે.

એ પછી જે કીતાબમાંથી ઉતારો કરૂંછું તેઓ લખેછેકે જરા પણ કોશીશ વીના ખુદા નાણાના ઢગલા કેટલાંકને કરી આપેછે તેના દાખલા ઘણાંછે, તેમાંથી એક એ કે એમાદુદ્દવલા અબુલહસનબીન બાબવયહે ઇબ્ને યાકુત ઉપર જંગનમાં ચડાઇ કરી અને છેવટે ઇબ્ને યાકુત હારી ગયો: અને એમાદુદ્દવલા શીરાઝમાં ફતેહની સાથે ગયા; પણ નાણું ખુટી જવાથી એટલો બધો તંગહાલતમાં આવીગયો હતો કે જેની હદ નહીં, અને તેથીજ બહુજ હયરાન પરેશાન રહેતોહતો કે હવે શું કરવું અને નાણું કયાંથી કેવીરીતે મેળવવું, એવી હાલતમાં એકદીવસ ઘોડા ઉપર બેસી ગુલામો અને ખાદેમોને સાથે લઇને કોઇ જંગલમાં જતો હતો; રસ્તામાં ઘોડાના પગ જમીનમાં ખુસી ગયા, તેથી તે ઉતરી પડયો, ગુલામો અને ખાદેમોએ ઝટ ઘોડાને જમીનમાંથી ખેંચીકાઢયો, ત્યાં મોટી પોલ દેખાણી તેથી હુકમ કર્યો કે અહીંયા વધારે ખોદો ખોદવાથી ઇબ્ને યાકુતને પુષ્કળ નાણું ત્યા દાટેલું મળી આવ્યું, વળી તે એક વખત સુતો હતો ત્યાં જોયું કે મોભ પાસે સાંપછે, તેને મારી નાખવાનો હુકમ કર્યો: માણસો તેને મારવા ગયા તે ભાગીને એક મકાનના મોટા થાંભલાની પોલમાં જમીનમાં ચાલ્યો ગયો, હુકમ થયો કે ત્યાંથી પકડીને મારો: તે થાંભલો ખોદીને કાઢયો તો તેની નીચેથી પચાસ હજાર અશરફીયોથી વધારે નીકળી, વળી ત્રીજી વખત એવું બન્યું કે એકવખત તેમણે પોતાના તથા બાલબચ્ચાના કપડા શીવડાવવા કોઇ હુશયાર દરજીને બોલાવા કહયું, કોઇએ કહયું કે ઇબ્ને યાકુતનો માનવંતો હુશીયાર દરજી છે તે બહુજ ઉમદા શીવેછે તેથી તેને બોલાવીને કપડા શીવવાવીશે કહ્યું કે આવાઆવા કપડા શીવવાનાછે તે આવડે છે? પણ તે બેરો હોવાથી બીજું કાંઇ સમજ્યો અને થરથર ધ્રુજીને બોલ્યોકે સાહેબ મારા દુશમનોના ભરાવાથી આપને શક પડયો હશે, પણ હું ખુદાની કસમ ખાઇને કહુંછું કે ઇબ્ને યાકુતે ભાગતી વખતે મારી પાસે ફકત ચાર પેટી અમાનત મુકીછે, તેથી વધારે બીલકુલનથી.

એમાદુદ્દવલા સમજ્યો કે આ ઉંધુ સમજ્યો પણ તડાકો પડયો: તેથી કહયુંકે ભલે ચાર પેટી હોય તો ચારજ લાવ, તે લાવ્યો તો ખોલીને જોયા તો તમામ જવાહેરાત જડેલા સોનાના ઘરેણા હતા.

હુસ્ને ખુલ્ક, એટલે લોકો સાથે સભ્યતાથી વરતવું કે બહુજ ઉમદા ગુણ છે, તેથી દીન તથા દુન્યાની ભલાઇ છે, હુસ્ને ખુલ્ક તેથી કરતા બેહતર છે, અને હુસ્ને ખુલ્ક બે જાતના છે. એક તો તેનામા અસલથીજ હોય છે, તેથી તે બહુજ મીઠાશ અને નરમાસથી સર્વે સાથે વર્તે છે, અને અસલી હોવાથી તેમ વરતવું તેના માટે આસાન અને સેહલુંછે, કેટલાંકને અસલથી હોતુ નથી; પણ તેની ફઝીલત અને ગુણ તરફ ધ્યાન કરીને પોતા

ઉપર જબરાઇ કરીને હુસ્ને ખુલકથી વરતે છે; અને એવા શખ્સ માટે પહેલા શખ્સ કરતા ઘણાં વધારે સવાબ છે; તેમજ સખાવત છે કે કેટલાકનું દીલ અસલથીજ સખાવત તરફ હોય છે, તેથી તેવાઓને સખાવત કરતા વાર લાગતી નથી, પણ જેની તબીઅત અસલથી સખી નથી, તેઓ સવાબ અને ફાયદા જાણીને પોતા ઉપર જબરાઈ કરીને સખાવત કરે છે તેમને ઘણાં વધારે સવાબ મળેછે.

**અલ્લાહના બંદાઓને ઇજા નહીં આપવી,** એ પણ બહુજ અઝીમ સવાબની બાબત છે, અને ઇજા આપવાથી સખત અઝાબને પાત્ર થાય છે, ઇજા એક રીતથી અપાતી નથી, અનેક રીતો છે, અને તે તમામ ખરાબ છે, કોઈ ઉપર ઝુલ્મ કરવો; ગીબત કરવી, બોહતાન મુકવું; હલકો પાડવા કોશીશ કરવી, ઝલીલ કરવો. એ તમામથી ભારે ગુનાહ થાય છે, અને સખતમાં સખત અઝાબ થવાના કારણ છે, કેમકે ખુદા રસુલ અને ઇમામોનો મતલબ તો સંપ અને સલાહથી ચાલવાનો છે, જ્યારે મજકુર બાબતોથી સંપ અને સલાહને બદલે કુસંપ અને દુશમની વધે છે, શરાના અહકામજ સંપ અને સલાહમાં વધારો કરનારા છે, જેમકે પહેલે સલામ કરવી; બીમારને જોવા જવું, જમાઅતની નમાઝ પડવી, હજ કરવા જવું; વીગેરેથી સંપસલાહમાં વધારો થાય છે.

અને ખુદાના બંદાઓના દીલ દુખાવવા, તેમને હલકા પાડવા, તેમની મઝીમ્મત કરવી તેથી કુસંપમાં વધારો થાય છે, અલ્લાહની લાઅનતના હકદાર થાય છે, અને એવા શખ્સને **"મુઝી"** કહે છે, અને તે અલ્લાહના અમરને તોડનાર ગણાય છે. કોઇ નજીવા હાકીમના અમરને તોડે તો તે તેને કેવી સજા કરે છે તે જગ જાહેર છે આતો તમામ બાદશાહોનો શહનશાહ છે તેના અમરને તોડવાની જે હીમ્મત કરે તે કેવી ભારે અને સખત સજાને લાયક થાય છે તે સેહજે સમજી શકાય છે, અને તે શહેનશાહે પોતેજ એવાઓની સજામાટે પોતાના ફર્માન (કુર્આન) માં જાહેર કરેલ છે કે **કુલ્લમા નઝેજત જોલુદોહુમ બદ્દલનાહુમ જોલુદન ગયરહા"** એટલે એવા લોકોને જહન્નમની આગમાં બાળવાથી ચામડી બળી જશે, ત્યારે બીજી ચામડી બદલવામાં આવશે.

હ૦ રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું છે કે કોઇપણ મોઅમીનને ઝલીલ કરે, તમાચો મારે, અથવા એવું કામ કરે કે તેથી તે ઝલીલ થાય, તો મલાએકા તેના ઉપર લાઅનત કર્યા કરે છે અને જ્યાંસુધી તૌબા કરીને માફી ચાહીને તેને રાજી નહીં કરે ત્યાં સુધી લાઅનત કર્યા કરશે, મોઅમીનને ઇજા પહોંચાડવામાં કોઇ ઝાલીમ પાસે કોશીશ કરે અને તે કોશીશમાં નીષ્ફળ જાય, તોપણ હકતઆલા તેના તમામ નેક અઅમાલને જપ્ત કરીને બરબાદ કરી નાખેછે; અને તે પોતાની કોશીશમાં ફળીભુત થાયતો કયામતમાં જહન્નમમાં ફીરઓનના વઝીર હામાનની સાથે તેને અઝાબ કરવામાં આવશે, મોઅમીનને બેઇજ્જત કરનાર મુનાફીક છે, અને કોઈપણ રીતે તેની મદદ કરનાર પણ એજ ગુનાહમાં શામીલછે.

જે કીતાબમાંથી ઉતારો કરીએ છીએ તેઓએ લંબાણથી લખેલ છે અમોએ કેટલેક ઠેકાણે ટુંકમાં લખેલ છે; અને એ જન્નતના એ આઠે દરવાજા ઉપરના લેખ લખીને લખેછે કે તમોએ જાણ્યું કે જન્નતના દરવાજા ઉપર **હ૦ અલી** અ૦ નું મુબારક નામ લખ્યું છે પણ કઇ ચીજથી લખ્યું છે તેની ખબર નહીં હોય, માટે જાણો કે ઇબ્નેશહરે

આશુબઆલીમ વીગેરેઓએ તેમજ સુન્નત જમાતના આલીમોએ જુદી જુદી રીતથી લખેલ છે, તે સર્વેનો ખુલાસો એછે કે હઝરતે રસુલે ખુદા સ૦એ ફરમાવ્યું કે જ્યારે હું જન્નતમાં દાખલથયો તો મેં જોયું કે **લાએલાહા ઇલ્લલ્લાહ, મોહમ્મદુર્રસુલુલ્લાહ અલીયુનવલીયુલ્લાહ, ફાતેમતો અમતુલ્લાહ, અલ્હસનો વલ્હુસયનો સિફ્વતુલ્લાહ**" સોનાથી લખેલ છે ! અને તે પછી લખ્યું છે કે **અલામુબગઝીહીમ લઅનતુલ્લાહ**" એટલે તેમના દુશમનો ઉપર અલ્લાહની લઆનત છે.

અને હ૦ અલી અ૦નું નામ ફકત એક રીતથી લખેલ નથી, કોઇ જગ્યોએ **વલીયુલ્લાહ**," લખ્યું છે, તો કોઈ જગ્યોએ "**અલીઅખુહો**" લખ્યું છે; (અલી રસુલે ખુદા સ૦ના ભાઇછે.) કોઇ જગ્યોએ "**અલીયુન અમીરૂલમોઅમેનીન વ વસીયેહી, બેહી અય્યદતોહુ, વબેહીનસરતોહુ**" એટલે હ૦ અલીઅ૦ તમામ મોઅમેનોના અમીર અને સરદાર છે, તેમના થકી રસુલે ખુદા સ૦ની મદદ અને કુમક કરી, કોઇ જગ્યોએ હ૦અલી અ૦ સાથે જનાબે ફાતેમાહ અને ઈમામે હસન અને ઇમામે હુસયન અ૦ના નામ છે, કોઇ જગ્યોએ આપના નામ સાથે આપ પછીના અગ્યારે ઇમામો અલયહે મુસ્સલામના નામ લખ્યા છે, કોઇ જગ્યોએ લખ્યું છે કે **અલીઅ૦હબ્લુલ્લા હુલ્મતીન** છે; એટલે હ૦ અલી અ૦ અલ્લાહની મજબુત દોરી છે, કોઇ જગ્યોએ લખ્યું છે કે **હ૦ અલી અ૦ ઉરવતુલ્વુસ્કા** છે. તેના પણ એવાજ અર્થ થાય છે.

સુર્યનો જે ભાગ આસમાનો તરફ છે તે ભાગમાં સુર્યમાં લખ્યું છે કે "**અલ્લાહો નુરૂસ્સમાવાત**" (અલ્લાહ આસમાનોનું નુર છે) અને સુર્યનો જે ભાગ જમીન તરફ છે તે ભાગમાં સુર્યમાં લખ્યું છે "**મોહમ્મદ વઅલી નુરૂલ અર્ઝીન**" (હ૦ મોહમ્મદ સ૦ તથા હ૦ અલી અ૦ જમીનોના નુર છે.) ચંદ્રમાં જે કાંઈ લખાણ જેવું ચાણુ દેખાય છે તેમાં પણ એજ પ્રમાણે લખાણ છે. **સરસાઇલ** ફીરીસ્તાની પાંખ ઉપર લખેલ છે કે **અલીયુબ્નો અબીતાલેબ, મુકીમુલ્હુજ્જત.** મહમુદ ફીરીસ્તાની પાંખ ઉપર લખ્યું છે **અલીય્યુસ્સીદ્દીકુલ અકબર.**

લખે છે કે એક ચીનો હઝરતે ઇમામે જાઅફરે સાદેક અ૦ ની ખીદમતમાં આવ્યો, આપે પુછયું કે તમો અમોને ઓળખો છો ? તેણે જવાબ આપ્યો કે હા ! અમો ઓળખીયે છીએ, આપે પુછયું કઇ રીતે ઓળખો છો ? તેણે અરજ કરી કે અમારા દેશમાં એક ઝાડ છે તે દરવરસે ફળે છે, અને તે વખતમાં દીવસમાં બે વખત તેના પાંદ ઉઘડે છે, સવારના ભાગમાં પાંદ ઉઘડે ત્યારે તેની ઉપર **લાએલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદુર રસુલુલ્લાહ**" લખેલું હોય છે ત્યારે પાછલા પહોરના પાંદ ઉઘડે છે ત્યારે તેની ઉપર **લાએલાહા ઇલ્લલ્લાહ અલીય્યુન ખલીફતો રસુલીલ્લાહ**" લખેલું હોય છે.

ઇબ્ને શહરે આશુબે લખ્યું છે કે કલીબ ઇબ્નો વાએલે કહ્યું કે મેં હીન્દુસ્તાનમાં એક ઝાડ જોયું છે, તેના ફુલ લાલ રંગના હતા તેમાં લખેલ હતું કે **મોહમ્મદુર્રસુલુલ્લાહ અલીયુન અખુહો.**

એ શીવાય ઘણા પથરા તેમજ ઝાડ ઉપર હ૦ મોહમ્મદ સ૦ તથા હ૦ અલી અ૦ના મુબારક નામ નકશ થએલ જોવામાં આવેલ છે હ૦ રસુલે ખુદા સ૦ ફરમાવ્યું

કે જન્નતના દરવાજા ઉપર રાતા યાકુતનો હલકો છે તે સોનાની તખતી પાસે જડેલો છે; અને તે એ તખતી ઉપર વાગે છે ત્યારે **તેમાંથી યાઅલી** અવાજ આવે છે.

સય્યદ રઝીઅલયહિર રહમાએ મનાકેબે ફાખેરામાં લખ્યું છે કે જ્યારે હબશાન નજ્જાશી બાદશાહને હ૦ મોહમ્મદ સ૦ની નોબુવ્વતની ખબર પડી ત્યારે તેણે આપને અજમાવવા માટે તોહફા મોકલ્યા; તેમાં વીંટી માટે અકીક તેમજ યાકુત (હીરા)ના કેટલાક નંગ પણ મોકલ્યા; જ્યારે હઝરત પાસે એ તોહફા પેશ કરવામાં આવ્યા ત્યારે આપે એ તમામ તોહફા એટલેસુધી કે યાકુત (હીરા)ના નંગ પણ અસહાબોને ભેટ આપ્યા; આપે ફકત રાતા અકીકનો એક કાંકરો પોતા માટે રાખ્યો ( કે તે નજીવી કીંમતનો હોય છે.) પછી હ૦ અલી અ૦ને ફરમાવ્યું કે આ અકીક ઊપર મને પસંદ છે તે કલેમો એટલે **લાએલાહા ઇલ્લલ્લાહ** કોતરાવા આપો, હ૦ અલી અ૦ તે કોતરનાર પાસે લઇ ગયા અને ફરમાવ્યું કે હ૦રસુલે ખુદા સ૦ને એ પસંદછે તે કલેમો એક લીટીમાં કોતરી આપે અને બીજી લીટીમાં મને પસંદ છે તે **મોહમ્મદુર રસુલુલ્લાહ** કોતરી આપ. પછી એ મુજબ કોતરાવીને લઇ ગયા તો હ૦રસુલેખુદાસ૦મે જોયું કે એ અકીક ઉપર એકને બદલે ત્રણ લાઇનમાં ત્રણ કલેમા કોતરેલા છે, એક તો આપે ફરમાવેલ તે, બીજો હ૦ અલી અ૦મે ફરમાવ્યો તે, ( જે ઉપર આવી ગયા ) ત્રીજો કલેમો **અલીય્યુન વલીય્યુલ્લાહ** નો હતો, એ જોઇને હઝરતે પુછ્યું કે આમ કેમ કોતરાવ્યું ? તો આપે જવાબ આપ્યો કે યા રસુલુલ્લાહ હું **આપના** હકની કસમ ખાઇને કહું છું કે મેં કોતરનારને એજ કહ્યું જે આપને પસંદ હતુ, કે **લાએલાહા ઇલ્લલ્લાહ** કોતર, ઉપરાંત મને પસંદ હતું તે **માહમ્મદુર્રસુલુલાહ** કોતરવા કહ્યું; હજુ એટલી વાત કહી ત્યાં જીબ્રઇલે અમીન બ હુકમે રબ્બે જલીલ આવી પહોંચ્યા, અને અરજ કરી કે અલ્લાહતઆલાએ સલામતી સાથે કહેવરાવ્યું છે કે ઓ મ્હારા હબીબ એ અકીક ઊપર આપને પસંદ હતું તે આપે કોતરાવ્યું, **અલીને પસંદ**હતું તે તેમણે કોતરાવ્યું, અને મને પસંદ હતુ તે (અલીયુનવલી યુલ્લાહ મેં ] કોતરાવ્યું !

અને બીજી રીવાયતમાં છે કે હ૦ રસુલે ખુદા સ૦મે ફરમાવેલું કે "મોહમ્મદ બીન્તે અબદુલ્લાહ" કોતરાવો, તો કોતરનારના હાથથી "મોહમ્મદુર્રસુલુલ્લાહ સ૦" કોતરાઇ ગયું; હ૦અલી અ૦મે કહ્યું આમ શામાટે કોતર્યું ? તો તેણે અરજ કરી કે હું તો આપના ફરમાવવા મુજબ કોતરાવા ચાહતો હતો પણ કુદરતથી એમ કોતરાઇ ગયું ! એ વીંટી હઝરતરસુલે ખુદા સ૦મે પેહરી ત્યાં બીજે દીવસે સવારે જોયું તો તેમાં આપો આપ અલીય્યુન વલીયુલ્લાહ કોતરાએલ હતું.

## અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.

એજ કીતાબમાં લખે છે કે હ૦ અલી અ૦નુ મુબારક નામ જ્યાં જુવો ત્યાં ખુદાએ લખ્યું છે તેથી અજબ થતા નહી; બલકે એથી પણ વધારે જુવો કે—

**હ૦ અલી** અ૦નુ નામ જન્નતના દરેક પરદા ઉપર લખેલ છે ! !

**હ૦ અલી** અ૦નું નામ જન્નતના દરેક ઝાડ ઉપર લખેલ છે ! !

**હ૦ અલી** અ૦નું નામ જન્નતના ઝાડના દરેક પાંદ ઊપર લખેલ છે.

**હ૦ અલી** અ૦નું નામ જમીન આસમાનોના દરવાજા ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નું નામ દરેક પહાડ અને ઝાડ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નું નામ મકાને આલમની ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ સોરાદેકાતે અર્શ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ આસમાનોની અતરાફ લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ ઝમીનોની અતરાફ લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ લવ્હે મહફુઝ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ ઈસ્રાફીલના કપાળ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ જીબ્રઈલની પાંખ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ સુર્ય અને ચંદ્ર ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ અર્શના અરકાનો ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ હુરોના જમણા ગાલ ઉપર લખેલ છે.
**હ૦ અલી** અ૦નુ નામ સરસાઈલની બંન્ને પાંખ ઉપર લખેલ છે.

**હ૦ અલી** અ૦ની શાદી જનાબે ફાતેમાહ અ૦ સાથે કરી આપવાનો હુકમ જે ફીરીસ્તો લઈને હ૦ રસુલે ખુદા સ૦ પાસે આવ્યોહતો તેની પાંખ ઉપર પણ લખેલછે.

ખરેખર અવા અવા અજાએબ હયરત પમાડનાર હ૦ અલી અ૦ના ફઝાએલ હ૦ મોહમ્મદ સ૦ બયાન ફરમાવતા હતા તેથી મુનાફેકો બળીબળીને રાખ થતા હતા; અને એ હઝરત માટે કહેતા હતા કે હ૦ અલીની મોહબ્બતમાં ગુમરાહ થઈ ગયા છે, દીવાના બની ગયા છે, અને ખુદા એવા મુનાફેકોને ઠપકો મોકલતો કે હે મુનાફેકો તમો કહોછો તે ઝુઠું બોલો છો. હું કસમ ખાઇને કહું છું કે મ્હારો હબીબ (હ૦મોહમ્મદમુસ્તફા સ૦) હ૦ અલી અ૦ની મોહબ્બતમાં ગુમરાહ કે દીવાનો થયો નથી; બલકે તે જે કાંઇ કહે છે તે પોતાની ખ્વાહીશથી કાંઇ કહેતોજ નથી બલકે મ્હારા હુકમ અને ફરમાનથી કહે છે.

કોઇ કોઇ વખતે હ૦ રસુલે ખુદા સ૦ને એટલું માઠું લાગતું કે મુનાફેકોને મદીના મુકીને ચાલ્યા જવા કહતા, જેમકે **"અરબંઈન ફી ફઝાએલે અમીરૂલ મોઅમેનીન"** નામની કીતાબમાં લખે છે કે જ્યારે મદીનામાં અસહાબો આવ્યા ત્યારે તેમને રેહવા જગ્યા ન હોવાથી હ૦ રસુલે ખુદાએ તેમને મસજીદમાં સુવા કહ્યુ તેથી ત્યાં સુતા હતા, તે પછી કેટલીક મુદ્દત પછી ખુદાનો હુકમ થવાથી મસજીદમાં સુવાની મનાઇ કરી, અને મસજીદની અતરાફ ઘર બનાવી રહેવા કહ્યું, સર્વેએ એવા ઘર બનાવ્યા કે તેના દરવાજા મસજીદમાં પડતા હતા, તે પછી ખુદાનો હુકમ થયો કે મસજીદમાં પડતા દરવાજા બંધ કરો, તેથી એ દરવાજા બંધ કરાવ્યા, પણ હ૦ અલી અ૦નો દરવાજો બંધ કરાવ્યો નહીં, તેથી મુનાફેકો હસદની આગમાં બળીને બદગોઇ કરવા લાગ્યા.

જ્યારે હ૦ રસુલે ખુદા સ૦ને ખબર પડી કે મુનાફેકો એ મુજબ હસદ કરે છે. ત્યારે આપ મહાન ગંભીર સહનશીલ અને કદી ગુસ્સો નહીં કરનાર હોવા છતાં આપે એટલો ગુસ્સો કર્યો કે આપે ફરમાવ્યું કે તમો અલીના ફઝાએલથી નારાજ થાઓછો અને તેમના દરજા અને મનાકીબને હસદના કારણથી જોઇ શકતા નથી, તો મદીના મુકીને કાહેરોનું શહેર સામ તરફ ચાલયા જાઓ !

# નુરે ઇમાન.

રવશન દિલોંકો કરતાહૈ ઇસ્કાયેહનુરહૈ=શીઓંકો'નુરેઇમાંકા' પડહના ઝરૂરહૈ,
નાઝીરકાયેહરાગૈરતેમાહેમોનીરહો=પડહલેજો'નુરેઇમાં' તોરવશનઝમીરહો.

## જનાબે ઝૈનબ અ૦કે બૈનકા નવહાહ.

બિન્તે અલીને કહા, લુટગઇ પરદેસમેં-દેખોતો બાબા ઝરા લુટગઇ પરદેસમેં*
આઓહો ઇસવકત આપ, જબહુવા ઘર સારા સાફ-કોઇ નસરપરરહા-લુટગઇપરદેસમેં*
અકબરે મેહરૂ જવાં; અસગરે તીશના દહાં-લેગઇ ઇનકો કઝા=લુટગઇ પરદેસમેં*
બાબાયેહ કુલાચમન,ફલનેકેજબઆઓદીન=હાએવોહસબમીટગયા=લુટગઇપરદેસમેં*
નાસીરેશાહે ઇમામ, ગીસ્લેહબીબ ઓરગુલામ=સબગએમુલ્કેબકા=લુટગઇપરદેસમેં*
જોકોઇ પુછેગા આહ, કયાબની તુજહપરબતા=કયું કે કહુંગી ભલા-લુટગઇ પરદેસમેં*
ઓડકે શાલે અઝા, ચાહતાહય દિલમેરા-દેતી ફીરૂં યેહ સદા લુટગઇ પરદેસમેં*
કુદરતે ખાલેક હય આજ, બાપ કરે જીસ્કારાજ-બેટીફીરે બેરીદા-લુટગઇપરદેસમેં*
હાએ મુનવ્વર અલી, રોરોકે બીન્તે અલી-કેહતી રહી યેહ સદા-લુટગઇપરદેસમેં*

## કસીદહ.

### હ૦રસુલેખુદાસ૦કી વીલાદતકેદીન ૧૭વીં રબીઉલ અવલકો પડહને કે વાસ્તે.

નુર ઝાહેર હો રહાહય આમેનાકે માહકા,
ગુલ મલાયકમેં હય બીસ્મીલ્લાહ બીસ્મીલ્લાહકા*
કસ્દ હય હર શેઅરમેં હો ઇસ્મે આઅઝમ અય બલીગ,
ચાહીએ નાઅતે નબીમેં કાફીયા અલ્લાહકા*
સુબ્હે સત્તરવીં રબીઉલ અવ્વલીંકી ખલ્કમેં;
દેખતી હય નુર દામાને રસુલુલ્લાહકા*
ગીર રહે હંય બાનએ કાઅબાકે તાકોંસે સનમ,
મુદ્દતોંકે બાઅદ બદલા રંગ બયતુલ્લાહકા*
દેખ લીજીએ આકે અબ્દુલ મુત્તલીબ શાને પીસર,
ઘરમેં અબ્દુલ્લાહકે આયા રસુલ અલ્લાહકા*
બાઇસે ઇજાદે આલમ રહમતુંલ લીલઆલમીં;
સય્યદે કવનયન મહબુબો હબીબ અલ્લાહકા*
મઝહરે અસ્માએ હુસ્ના મબદએ લવહો કલમ;
આલીમે ઇલ્મે લદુન્ની રાઝદાર અલ્લાહકા*
તખલીયેમેં કયું ન આએ કલેમએ રાઝો નયાઝ,
ખુદ હબીબુલ્લાહ પોતાભી ખલીલુલ્લાહકા*

હુંય ગવાહે મન્ઝેલત કુરઆનો જીબ્રીલે અમીં,
રાત દિન આયા હય પયગામો સલામ અલ્લાહકા*
કવન અયસા ખલક દુન્યામેં હુવા પાબંદે વહય*
હય કલામે મુસ્તફા આયા કલામુલ્લાહકા,
યેહ તમસ્સુકકો કહીં ખાલીક મોવદૃતકો કહે*
જો હય હુકમે મુસ્તફા વોહ હુકમ હય અલ્લાહકા,
દિલને બડહકર ઉસ ઝબાંકો બાઅદમેં બોસેલીએ*
જીસ ઝબાંપર નામે પાક આયા હબીબુલ્લાહકા,
રૂહકો હોતી હય ફરહત સુનકે નામે મુસ્તફા*
હય વોહ મહબુબે ખુદા મહબુબે ખલ્ક અલ્લાહકા,
કયું નફીર ઈનકી ઇતાઅત તાઅતે માઅબુદહો*
સીજદહ તાઅઝીમીકરે જબ હર મલક અલ્લાહકા,
જીસ જગાહ બેઈઝન આ સકતાનહીં કોઇ મલક*
અય સોલયમાં હય વોહ દરવાઝા રસુલુલ્લાહકા,
અશરફુલ મખલુક યેહ બંદા ખુદાઈ ભરમેં હય*
સાએકા મોહતાજ કયું કર તુરહો અલ્લાહકા,
હુંય ઇબાદત નામકો લેનાભી મોઅમીનકેલીએ*
ઝીકરે મહબુબે ઇલાહી ઝીકર હય અલ્લાહકા,
આપ પયદા હોને વાલેથે જો અય ઉમ્મી લકબ*
રખદીયા ઉમ્મુલકોરા નામ અર્ઝે બયતુલ્લાહકા,
ઉસ ઝમીંમેં ઓર ફીર અરશો બરીંમેં કયા હય ફર્ક*
જીસઝમીને પાકપર આએ હબીબ અલ્લાહકા*
આપકે રેહેનેકો કાઅબા કલબે મોઅમીન એક હય,
વોહભી ઘર અલ્લાહકા યેહભી હય ઘર અલ્લાહકા*
નઝદીકે હેજાબે અકદસ આયાથા ખયાલ,
ગશસે ગીરના તુરપર મુસા કલી મુલ્લાહકા,
દોસ્તકે શયદાઇયોંસેભી હુવાકરતા હય ઉન્સ*
આપકા આશીક હરએક મહબુબ હય અલ્લાહકા,
ઇન્ફેશાફે મતલબ હર ચાર દફ્તર હોગયા*
જો અદુ હય આપકા વોહ હય અદુ અલ્લાહકા,
અયસી બેટી ફાતેમહ ઝહરાસી પાઇ આપને*
ભેજતે હુંય સબ મલક જીસપર દોરૂદ અલ્લાહકા,
ઇફ્તેખારે હરદો આલમ મીલગયા દામાદભી*
જીસપર અકસર બંદે કરતે હુંય ગુમાં અલ્લાહકા,
મુરદે ઝીંન્દા કરદીએ હયદરનેભી ઇસાનેભી*
ફર્ક હય બસ કુમબેઇઝની કુમ બેઇઝનીલ્લાહકા,
અઝ અલીએ મુરતંઝા તા કાએમે આલેઅબા*
આપકા એક એક નાએબ હય વલી અલ્લાહકા,
સાહેબે મેઅરાજકી હદ્દો સના મુમકીન નહીં;
અય ઝબાં બસ બસ અબ આગે નામ હય અલ્લાહકા
યા ઈલાહી દોસ્ત હમરાહે લીવાએ હમ્દહો*
હોં સરોંપર સાયા દામાને રસુલુલ્લાહકા;
નાઅરએ સલવાત ઝેબા હય બ આવાઝે બલંદ*
યેહ સીલા હય મકતએ નાઅતે રસુલુલ્લાહકા,
ખલકતે તુરે મોહમ્મદ ઇસતરહ હય અય બલીગ,
તાજે કુરઆં જયસે નુકતા બાએ બીસ્મીલ્લાહકા*

## નવહા દુલહનકા બઝબાને હાલ.

કીસ આદીલો સુનસીફકી મંય હું રોકે દોહાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
બનતેહી દુલહન શકલ રંડાપેને દીખાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
તુમ બાંધકે સેહરા ન મુજહે બ્યાહને આએ;
અય બાનાં કે જાએ*
સર નંગે હલબસે યેહ દુલહન લાશપે આઇ,
હ હૈ મેરે નવશાહ*
માથા મેરા ઢંકાથા ઉસી દમકે યેહ કયા હૈ;
તકરીબે અઝા હૈ*
અમ્માંને જો અફશાં મેરે માથેસે છુડાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
સનદલસે ભરી માંગ કો ગુઝરાથા ન દમ ભર;
ઐ વાય મુકદ્દર*
અમ્માંને મેરે મુંહપે વહીં ખાક લગાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
આરાસ્તા બાબાને મેરે શહર કીયાથા,
ઝર સબકો દીયાથા*

તકદીર મેરે મુલકમેં સાહેબકો ન લાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
ઘર આપકે મંય આઇ ન આપ આએ મેરે ઘર,
શાદી હુઇ કયું કર*
મંય આરસી મુસહફભી નહીં દેખને પાઇ;
હ હૈ મેરે નવશાહ*
કયું વાલી મેરે મેહરમેં સોગ આયા તુમ્હારા,
લીખ્ખા યેહ હમારા*
સર આપકા નેઝેકો મીલા મુંહકી દીખાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
સુસરાલ રહી આહ ન બાકી રહા મયકા,
ફીર બયહું મંય કીસકા*
ઇસ ઘરકી સફાઇ હુઇ ઉસ ઘરકી સફાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
મંય સાસ કહું કીસકો કીસે નંદ કહું આહ,
અબતક નહીં આગાહ*
એક બારભી ઘર આપકે મંય આને ન પાઇ,
હૈ હૈ મેરે નવશાહ*
ખામોશ "દબીર" અબકે નહીં કહનેકા યારા,
દીલહોતા હય પારા*
કરતીથી યેહી બયન વોહ દેદેકે દોહાઇ;
હૈ હૈ મેરે નવશાહ*

# તોહફતુન્નીસા.

(બાનુઓને તોહફો.)

મ્હારી વહાલી દીકરી !

કદાચ ત્હારા ધણીના સ્વભાવમાં ફેરફાર થયો હોય તો તેને પાછો પ્રેમાળ બનાવવાના તું પ્રયત્ન કરજે, કેમકે ત્હારૂં નિર્દોષપણું એજ ત્હારી સુંદરતા અને ખુબસુરતી છે, ત્હારા ધણી ઉપરની ધંધા ધાપાની જંજાળો અને હરીફાઇના જમાનાની અસરોનો ખ્યાલ કરીને તેના ઉપર દયા લાવીને તેનો સ્વભાવ સાંચવી લેજે દીકરી. ધંધામાં નફો પ્રાપ્ત કરવાની તેની હાયવોય, દિવસે તેનું રડમસથવું, અને ઉજાગરાવાળી તેની રાતોનો વિચાર કરજે, કે તે બાપડો પોતાની પ્રિયા; પોતાના બચ્ચાં કચ્ચાં, પોતાની આબરૂ ઇજ્જતની ચાલુ બિક એ સૌ તે ત્હારાઘર સંસારની સલામતી સારૂજ રાખે છે તેનો પણ તું જરા વિચાર કરજે. પણિયેત જાયાના પણિયેતં ભરથારોની સંભાળ, સર્વ કાંતાઓએ પોતાની બજાવવાની ફરજો પયકીની મુખ્ય છે, કે ઉપર જણાવેલી ભરથારની છુપી ચિંતા, છુપાહાય સોસારા અને છુપી ફીકર કાળજી વીશેના ઉપાયો કરી રાખવા. ધણીનો પ્યાર કમીથવાનું મુખ્ય કારણ ધણીની છુપી સંસારિક ફીકર ચિંતાને ગુપ્ત સોસારાજ હોયછે.

બેટી! તમે શાએ દુઃખી છો? દુઃખના વખ્તેજ મગરૂરીના ટેક રાખો ત્યારેજ ખરૂં, બાકી તો તમારા ધણીના સુખના દહાડામાં ગરૂરીને ટેક રાખો તે શા ખપના? ધણીની નિરાશાઓ વખતે તેને ત્હારા શિવાય સંસારમાં આશાનો આધાર બીજાં કોના ઉપર છે? બેટી ત્હારા ધણીજીની આફતના વાદળાં તળે સુર્યનો પ્રકાશ ઢંકાએલોજ છે, એમ સમજીને તેની મુસીબતોમાં તેને તું હિંમત આપ, તેને સધિયારો આપ. એમ કીધાથી તેના અમીરો ખવાસ ત્હારા મોઠા બોલ ઉપર ઉભરાઇ ઊફણાઇને ઉભાઇ અંવરાઇ જશે, તમારા સુખી સંસાર ઉપર આવેલું મુશકેલીનું વાદળ તમારા અંત્તરના પ્રકાશથી જરૂર વિખરાઇ જશે.

સંસારમાં દુઃખો ખમ્યા વગરજ ગુણ કયાંથી થાય વારૂં? બેટી, છિદ્રને તેમજ બંધનને સહેવ્યાથી સુમન તેજ સગુણ થઇ જાય છે, દીકરી! દિવાનું મેં જોવું કે ચારાંનુ? જયારે ત્હારા સ્વામી નસોસ ને નિરાશ દેખાય ત્યારે તું પણ આભરી ગાભરી થઇને તેને આમ પુછીને વધારે હેગતાવતી ના, કે "વ્હાલા! આય હાય! એ મરૂં તમારા મુઢાને શું અસુખ થયું છે?" જયારે ત્હારા ધણી ભયભિત ને ભયાનક ચહેરે દીઠામાં આવે, ખિવેલા જણાય, ત્યારે તેનાં દુઃખની વાતો અકે કરાવી તેને સતાવીશ મા, તે પોતેજ જયારે નહીં ખમાશે ત્યારે ત્હારીજ આગળ પોતાની ખુશીથી પોતાનો સંતાપ

અને વિલાપ કહી નાખશે તું તેની તકેદારી રાખજે, પણ મોઢું બંધ રાખજે, ત્હારા કહેરાયલા ફફડેલા પ્રાણનાથ નંખાયલે ચહેરે, ઉતરેલ પાણીએ, જ્યારે ગમગીન કે ગમખાર દેખાય ત્યારે તેમને એકલા રહેવા ગમે તો તમે છેડછાડ કરશો મા. તેઓ બોલે તોજ બોલાવજો, તેઓ હંસે તોજ હંસાવજો, તમારા પ્રાણાધિનાથ દુઃખી જીગરે બળેલાં અંતઃકરણે દયા ઉપજે એવા થઇ ગયા હોય ત્યારે તમે તો આનંદથી હસી ખુશી ભરેલાં સિવવા ગુંથવા કે સારી દિલાસાની પયગમબરોના, ઇમામોના અહવાલની કીતાબ વાંચવા મંડી જજો, તેઅણ ગમગીન હોય ત્યાં સુધી આમજ કરજે. દીકરા! " શર્ટનું સોનાનું બટન, કે બાંહેનું માણેકનું બટન ખોવાઈજ ગયું કે કેમ ?" એવા સવાલ કરીને તું અંકે કરાવતી ના, એ અંકે કરાવાની મોકાણથીજ પ્યારમાં પહેલો ખત્તો પડેછે, તું પોતે સદાચારથી ચાલીશ તો ત્હારા ધણીજી ત્હારા થઇ રહેશે.

દીકરી, ત્હારા ખાવીંદ અગાઉ તો ત્હારી સાથે અલૈયાં બલૈયાં કરી કરીને વાતો કરતા હતા, ને હમણા આવીને મુવાં ન્યુસપેપર ને ચોપાંનિયાં કાં વાંચતા બેસતા હશે! એવો જરાએ બડબડાટ કે ફરિયાદ ઉઠાવીશ મા, ન્યુસ પેપરો ને ચોપડી ચોપાન્યાં તે વાંચતો હોય તેને સંતાડી મુકવાની વાત જવાજ દેજે, બલકે ભુલકાંઓએ કયાં કેથાં કીધાં હોય તો એકઠાં કરીને ઉલટાં તું ત્હારા કાંતની સનમુખ લાવી મુકજે હો! કીતાબો છાપા વગર આ જમાનામાં પુરૂષ કેમ ચલાવી શકે, તેનો વિચાર કરજે. આખો દહાડો કરી કરીને ત્હારી ને ત્હારી સાથેજ વાતો તે શી કર્યા કરે વારૂં ?

જ્યારે ત્હારા ધણીજી ગેરહાજર હોય ત્યારે વ્યર્થ ગપાટા સપાટા મારવા કરતાં, અને કાપડીઆઓની દુકાનોમાં ડોકયાં કર્યા કરતાં, ગુપચુપ બેસીને, કામ નહીં હોય તો નસીહત ભરેલી કીતાબો વાંચવી, તેમાંથી તને એકકી નજરે આખી સુખી કે દુઃખી દુન્યા દેખાઇ આવશે, જે જે પેરેગ્રાફ સુંદર અને બોધક માલમ પડે, તેના આગળ નિશાંની કરીને ત્હારા વહાલા ધણીજી ચાહ પીવા બેઠા હોય ત્યાં આગળ મુકી જજે, તેવણને વાંચવાની ફુરસદ ન હશે તો તું જે જે વાંચે તે તે સંભળાવજે.

દીકરા! ધણીજી પ્યારાના સાથે વાતો કરતાં કરતાં "નહીંજી, એમ કંઇ બનેજ નહીંજી!"–" હું નહીં માનતી!" "નહીંજી, એમજ બનેજી!" એવી હઠની વાતો એ વ્હાલા ધણીનો મન ઉતારો થવાનું બીજું પગથિયું છે. "છેલ્લો બોલાયલો બોલ સ્ત્રીઓ પકડી બેસે છે," એમ સ્ત્રીને માટે સિદ્ધ થએલી ઓખ કહેવાયછે, ને તે ઊપરથીજ ભર્તાને ચમક થઇ આવેછે, ટંટા ફેસાદ જાગેછે માટે--
"સૌથી હળી મળીને હેત રાખીએ જો!=કદી કડવા ન બોલીએ બોલજો!*
દુઃખ પર ઘેર નવ દાખીએ જો!=જેથી ટુટે પોતાનો તોલ જો!"

# { બાગેનજાત }

બાગેનજાત ફૈઝેહે કાએનાત હય=તશ્ના લબોંકે વાસ્તે આબે હયાત હય*
અજરોજઝાકે ગુંન્ચે ખીલેહૈં ગુલે સવાબ=ગુલઝારે આખેરતહે યેહ બાગેનજાત હે*

# હ૦ મ્હેદી અ૦ વીશે

## હઝરતે ઈમામે મ્હેદી અ૦નો મોઅજીઝો.

હ૦ મ્હેદી અ૦ના મોઅજીઝા અને આપના મવજુદ હોવાની એટલી દલીલો છે કે કોઈ હઠ ધર્મી જરાક શાંત મને હિદાયત પામવા ઇરાદો કરે તો તરત યકીન થઇ જાય.

જે ઝમાનાના ઈમામ હોય તે પોતાના પયરવોની જરૂર પડે મદદ કરેછે, અને એવા જાહેર હોય કે સર્વે જણ જોઇ શકે અને તકયો કરવાનો ઝમાનો ન હોય, જેવો કે આ ઝમાનો છે, તો ઇમામે બરાબર પોતાના મઝહબનો ફેલાવો કરે, મોઅજીઝા બતાવે કે ગુમરાહોને હીદાયત થાય, અને હઠધર્મીયો ઉપર હુજ્જત તમામ થાય.

આપણા બારમા ઇમામ ગાયબ છે તોપણ આપના મોઅજીઝા ચાલુછે, તબસેરતુલ ઈમાનમાં લખે છે કે સય્યદ અલીબીન અબ્દુલ હમીદે પોતાની કીતાબમાં લખ્યું છે કે "હીલ્લા" શહેરમાં ઇબ્ને મર્જાન સગીર નામનો શખસ એક વખત હાકીમ થઈને ગયો, તે ખારજી જેવો હતો.

હીલ્લામાં એક મોઅમીન અહલેબયત અ૦નો મોહીબ અબૂરાજેહ નામનો શખસ હતો, તેના વીશે કોઇએ એ હાકીમને એવું ઠસાવ્યું કે તે અસહાબોને બુરૂ બોલે છે, તેથી હાકીમે તેને પોતાના દરબારમાં બોલાવીને એટલો માર માર્યો કે તેના દાંત ભાંગીને પડી ગયા; એટલાજ ઉપર બસ ન કરતા લોખંડનો સર્યો ગરમ કરાવીને જીભમાં ભોંકાવ્યો, અને નાકમાં ભોંકાવીને નાથ પરોવીને હુકમ કર્યો કે તેને દરેક કાવાખાના તથા બજારમાં ફેરવે.

મરણતોલ માર પડવાથી તેનામાં હોશ ન હતા, લોકો સમજ્યા કે ઘડી બેઘડીમાં મરી જશે, છતાં તેના નોકરો મારતા ખેંચતા બજારમાં લઇ ગયા; તે પડી ગયો, તેથી હાકીમને ખબર આપી કે તેને ફેરવી શકીયે તેવી હાલતમાં નથી. બેભાન થઇ પડી ગયો છે.

હાકીમે કેહવરાવ્યું કે જ્યારે એમ છે ત્યારે કતલ કરી નાખો, પાસે બેઠેલાઓએ સલાહ આપી કે તે ઘડી બેઘડીમાં મરી જાશે માટે શામાટે કતલ કરાવીને બદનામ થાયછે? તેથી તેણે કતલ કરવાની ના પાડવાથી તેના ઘરના માણસોએ ઊપાડીને ઘરે લઇ જઇ સુવરાવી દીધો.

તે મરવાની અણી ઉપર હતો, અંગ સુજી ગયું, જીભ પણ સુજી ગઇ, સરવેને યકીન થયું કે હમણા મરિ જશે, સવારના વહેલા ઊઠીને લોકો તેની મઇયીતમાં જવા માટે તેને ઘરે ગયા, તો જોયું કે તે ઉભો ઉભો સુબહની નમાઝ પડેછે, તેથી લોકો હેરતમાં પડીને અજબ થયા, અને તે નમાઝ પડી રહયો ત્યારે તેની પાસે ગયા; તો જોયું કે અબુ રાજેહનો તમામ રંગ બદલાઇ ગયો છે, બુઢો હતો તેના બદલે વીસ વરસના જુવાન જેવો દેખાય છે, દાંત જે માર ખાવાથી પડી ગયા હતા તેના બદલે નવા દાંત ઊગ્યાછે; દુબળો હતો તેના બદલે અંગમાં ભરેલો છે, દાઢીમાં વાળ થોડા હતા તેને બદલે ભરપુર થઈ ગયા છે, ચેહરો સામળો હતો તેના બદલે રૂપાળો ખુબસુરતથયો છે; દેખાવ જરાક ખરાબ હતો તેને બદલે દેખાવડો અને સારો છે.

આવો અજબ હાલ જોઈને લોકોએ કહયું કે તમો તો મરવાની અણી ઊપર હતા, અમો તો સમજ્યા કે રાતનાજ ખુદાની રહમતે પહોંચ્યા હશો તેથી જનાઝાની સાથે ચાલવા દફન કરવા અમો આવ્યા હતા, પણ અહીં તો અલ્લાહની કુદરતથી અજબ મોઅજીઝો થયો છે તે શી રીતે થયું ?!

અબુ રાજેહે જવાબ આપ્યો કે મને એટલો માર પડયો કે હું મરવાની અણી ઉપર હતો, અને મોત સામે ઉભુ રહયું, બોલવાની શકતી પણ નહતી કે ખુદાની જનાબમાં કાંઈ દોઆ કરૂં, પણ દીલથકી ઝમાનાના ઇમામ હ૦ મ્હેદી અ૦ પાસે ફર્યાદ કરી.

જ્યારે કેટલીક રાત પસાર થઇ ત્યારે જોયું કે આખુ ઘર નુરાની થઇ ગયું અને મ્હારા મવલા અને આકા ઈમામ અ૦ તશરીફ લાવ્યા, અને મારા ચેહરા તથા અંગ ઉપર પોતાનો મુબારક હાથ ફેરવીને ફરમાવ્યું કે ઉઠ (સવારમાં) પોતાના બાલબચ્ચાઓ માટે રોજીની તલાશકર; ખુદાએ તારા ઊપરની આફતને દુર કરી આપીને તનદુરસ્તી ઇનાયત ફરમાવી છે.

આપ એટલું ફરમાવીને ગયબ થઇ ગયા ત્યા હું સંપુર્ણ તનદુરસ્ત અને આવા રંગ રૂપમાં થઇ ગયો જે આપ સર્વે જુઓછો.

આ વાત આખા હીલ્લામાં પ્રસરી ગઇ, હાકીમે તેને બોલાવીને જોયો તો કાંઇ પણ મારનો અસર કે જીભ કે નાકના જખમ નહતા, અને ભરજવાનીમાં ખુબસુરત હતો; એ જોઈને બહુજ ડરી ગયો અને દિલમાં ખૌફ પેઠો છતાં


ઈમાન લાવીને શીઆહ થયો નહીં, પણ એટલું કર્યું કે હ૦ મ્હેદી અ૦ની એક જગ્યો હતી તે તરફ તે પીઠ કરીને બેસતો તેને બદલે મોહું કરીને બેસવા લાગ્યો, અને કોઇને પણ સતાવતો નહતો સર્વે સાથે નેક સુલુક કરતો હતો, કોઇ ગુનાહ કરે તો સજા કરવાને બદલે માફ કરતો હતો, નેક લોકો સાથે નેકીથી વરતતો હતો, છેવટે થોડી મુદ્દતમાં મરી ગયો.

**અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદ વઆલે મોહમ્મદ.**

# મરહુમોને તોહફો.

હદીસમાં આવ્યું છે કે જે કોઇ મઇયતના હદીયા માટે એવી રીતે બે રકઅત નમાઝ પડે કે પહેલી રકઅતમાં "અલહમ્દનો"ના સુરા પછી એક વખત "આયતુલ કુરસી" અને દસવખત "કુલહોવલ્લાહ"નો સુરો પડે, અને બીજી રકઅતમાં "અલહમ્દ" પછી દસ વખત "તકાસોર"નો સુરો પડે, અને બેરકઅત તમામ થયા પછી સલવાત પડીને કહે કે ફલાણબિન ફલાણની કબરમાં એનો સવાબ પહોંચે તો જેના માટે આ નમાઝ પડી છે તે શખ્સની કબર ઉપર ખુદાએતઆલા હજાર ફીરીશ્તા મોકલે અને દરેક ફીરીશ્તાની સાથે ખીલઅત એટલે પેહરામણી હોય, અને કયામતસુધી તેની કબરને પહોળી કરે, અને જેટલી ચીજો ઉપર સુર્યનુ તેજ પડે છે તેટલી ચીજોની ગણતરી જેટલી નેકીયો તે નમાઝ પડનાર માટે લખાય અને તેના માટે બેહીશ્તમાં હજાર દરજા બુલંદ થાય.

મજકુર તકાસોરનો સુરો અલ્હમદોના સુરા જેટલો નાનો છે, અને તે અમ્માના સીપારામાં છે, અને આમા કુલહોવલ્લાહનો સુરો દસ વખત અમેં લખ્યો છે પણ અસલ ફારસી તફસીરમાં દો મરતબા છે, પણ કોઇ સુરો બે વખત પડવાનું જોવામાં આવેલ નથી, તે 'દહ' એટલે દસ હશે, માટે એહતીયાતન દસ વખત પડવો, ખુદાની રહમત જુવો કે એ નમાઝ પડતા પાકલાક લાગેછે; અને સવાબનો તો પાર નથી, માટે દરેક શખસે હમેશા અથવા અઠવાડયામાં એક વખત એ નમાઝ મરહુમો માટે પડવા ચુકવું નહીં.



# તોહફતુલ અતફાલ.

( બાળકોને તોહફો. )

**વહાલા** બાળકો તમો દીનદુન્યાનું ઇલ્મ શીખ્યા બાદ હુન્નર; ધંધો પણ શીખો કે તે બહુજ કામ આવે છે; હું તમોને એક રાજાના છોકરાની હીકાયત સંભળાવું કે તેણે હુન્નર શીખ્યો તેથી પોતાની તથા સેંકડો મુસલમાનોની જાન બચાવી લીધી.

લખે છે કે ફારસના ગામોમાં એક મુસલમાન અમુક ગામોનો રાજા હતો એ ઘણો આદીલ અને સખી હતો, તેને ખુદાએ તઆલાએ એક છોકરો આપેલો તે ઘણોજ હુશીઆર અને અક્કલવાળો હતો અને આલીમો અને ફાઝીલોની સોહબતમાં બેસતો હતો, એક દીવસ તેણે પોતાના ઉસ્તાદને પુછયું કે દુન્યામાં ખાવા પીવાની ચીજ હલાલ અને પાક જોઇએ તો હલાલ ચીજ કેવી રીતે મળી શકે? ઉસ્તાદે કહ્યું કે હલાલ વહેપાર અને ધંધો અને હુન્નર અને હીકમત ઇનસાનનો શણગારછે કેહવત છે કે **અલ કાસીબો હબીબુલ્લાહ** એટલે હુન્નર અને ધંધો કરનાર ખુદાનો દોસ્ત છે, વેહપાર અને હુન્નર પયગમબરો કરતા હતા, તેમજ મુસાફરી કરવાથી પણ ઇનસાનને ઘણા ફાયદા હાસીલ થાય છે, ઇનસાનને ઘણી જાતની અજમાઇસ મળે છે, અને ખુદાએ તઆલાની કુદરત જોવાયછે. હઝરતે રસુલે ખુદા સ૦ પણ વેપાર માટે શામ જતા હતા.

હુન્નર અને મુસાફરી વીગેરેની ઘણી તાઅરીફ સાંભળવાથી આ છોકરાનું દીલ હુન્નર શીખવા અને મુસાફરી કરવા માટે તતપર થયું તેથી પોતાના બાપને અરજ કરી કે હું કોઇપણ હુન્નર શીખવા ચાહુંછું. તેના બાપે કહયું અએ ફરઝંદ રાજાઓના છોકરાઓને હુન્નર શીખવાની કાંઇપણ જરૂરત નથી કેમકે ખુદાએ તઆલાએ હકુમત આપી છે તે બસછે તને કઇ ચીજની ખામી છે? જે ચીજ માંગે તે તારા માટે મવજુદ છે વીગેરે ઘણી બાબતો કહીને સમજાવ્યો, પણ છોકરાએ કોઇ રીતે કબુલ કર્યું નહીં અને કહ્યું એ તમામ ભલે છે પણ હું ચાહુંછું કે કોઇ હુન્નર શીખી તે થકી હલાલ લુકમો ખાઉં.

તેણે બહુજ ઝીદ કરવાથી રાજાએ તમામ જાતના કારીગર અને હુન્નરવાળાઓને ભેગાં કર્યાં અને છોકરો દરેક કારીગર પાસે જઇ તેઓનો હુન્નર જોવા અને પુછવા લાગ્યો તેમાં તેને ઉમદા કારીગરી વાળી ચટાઇ વણવાનો હુન્નર પસંદ આવ્યો તેથી તે ચટાઈ વણવાનો હુન્નર શીખ્યો અને એ ચટાઇ જેવી તેવી નહી પણ બહુજ ભારે કીમ્મતની કે જેની અંદર વણવામાં જુવે તેવું લખાણ ફુલવેલ વીગેરે વીગેરે બનાવી અમીરો અને બાદશાહોને પસંદ આવે એવી બનાવા શીખ્યો; જ્યારે એ હુન્નર હાંસીલ કર્યો ત્યારે મુસાફરી કરવાનો ઇરાદો કર્યો રાજાએ તેને ખુશીથી રજા આપી અને કેટલાંક નોકર ચાકર માલમતા તંબુ ડેરા સાથે આપી રવાના કર્યો; એ છોકરો ચાલતા ચાલતા બગદાદની પાસે પહોંચ્યો ત્યારે શહેરની બાહેર પોતાનો ઉતારો કરી હઝુરીને કહ્યું આપણે દરવીશ અને ગરીબ જેવા કપડા પહેરી ગામની રીતભાત અને ગલી કુચી જોઇને આવીએ કેમકે આ શહેરના ખલીફા સાથે મહારાબાપને

ઓળખાણ હોવાથી તેનામાટે ઘણો હદીયો આપ્યો છે તે લઇને જવા પછી તેના મહેમાન થઇશું પછી કોઇરીતે ગલીકુચીમાં આપણાથી ફરવા નીકળાશે નહીં, હુઝુરીએ કહ્યું આપણને ગલી કુચો જોવાનું કાંઇ કામ નથી અમીર થઇને ગરીબ બનવું તે પસંદકારક નથી, પરાયા દેશમાં કોઇ બલામાં ફસાઈ જાઇએ તો મુસીબત થઇ પડે અને બાદશાહને ખબર પડે તો તે પણ વીચારમાં પડી જાય માટે બેહતર એછે કે એક સ્વાર મોકલીને ખલીફાને આપણા આવવાની ખબર કહેવરાવો કે બોલાવા માટે પોતાના વઝીરને મોકલે એટલે ત્યાં જઇએ.

શાહઝાદાને તેની સલાહ પસંદ આવી નહીં અને ગરીબ જેવા કપડા પહેરી તેને સાથે લઈ બગદાદ શહેરમાં ગયો. ગલી કુચી અને બજારમાં ફરતા ફરતા તેને ભુખ લાગી તેથી ખાણા વાળાની દુકાન પુછી કોઈએ એક બહુજ ઉમદા દુકાન બતાવી તેથી તેની દુકાન ઉપર ગયા તો જોયું કે એક મુસલમાન દુકાન ઉપર બેઠેલો છે અને તેણે આ બન્નેને જોતાંજ મરહબા ભલે પધાર્યા કહી અહવાલ પુછી બેસવામાટે બહુજ સારી જગ્યા આપી, પછી તેઓએ ખાણું માગ્યું તો આ શખ્સે કહ્યું આપ ભલા માણસ લાગો છો માટે રસ્તા ઉપર ખુલા મકાનમાં જમવા કરતા સરદાબમાં ચાલો અને તમોને દરેક જોઇતી ચીજ ત્યાં હાજર કરું છું એમ કહી નોકરોને જાત જાતનું ઉમદા ખાણું હાજર કરવા હુકમ કર્યો.

આ દુકાનદાર કોણ હતો તેની ઓળખાણ આપવી જરૂરછે તે એકે બગદાદમાં એક યહુદી રહેતો હતો અને તે ઇસ્લામીયો સાથે બહુજ સખતમાં સખત દુશમની રાખતો હતો, તેણે ઇસ્લામીયોને કતલ કરવા એવો ફરેબ રચેલો કે પોતે જાહેરમાં પકો મુસલમાન બનીને રહેતો હતો અને તેણે ખાણા પીણા માટે એક ઉમદા દુકાન રાખી હતી અને તે દુકાનની નીચે ભોયરું બનાવ્યું હતું, અને બે હબશી ગુલામ પોતાના ખાસ વીસવાસુ રાખ્યા હતા, જ્યારે કોઇ મુસાફર મુસલમાન તેને ત્યાં જમવા માટે આવે ત્યારે તેની સાથે બહુજ દીનદારી જાહેર કરી પોતાના મકામની અંદર ઉમદા જગ્યોમાં લઇ જઈ જમવા બેસારતો હતો. અને વાત છુપી રહે એવો મવકો મળતો ત્યારે તેને ભોંયરાની અંદર લઇ જતો હતો, અને એ બે હબશી ગુલામો એ બીચારા મુસાફર મુસલમાનને ઝબાહ કરી નાખતા હતા, અને એ મરદુદ એ મારી નાખેલા મુસલમાનના અંગનો થોડા ગોસ્ત લઇ બીજા ગોસ્ત સાથે મેળવી પકાવીને તેની દુકાને જમવા આવનાર મુસલમાનોને એ પ્રમાણે ખવરાવતો હતો, પણ કેહવત છે કે પાપનો ઘડો ફુટયા વીના રહેતો નથી જ્યારે ઘણા મુસલમાનોને એ પ્રમાણે કતલ કરી નાખ્યા અને તેઓનો બેશુમાર માલ પણ ભેગો થયો ત્યારે તેણે વીચાર કર્યો કે હવે મુસમાનો પાસેથી બદલો સારી રીતે લીધો કે ઘણા ઓને કતલ કર્યા અને માલ પણ ભેગો કર્યો, માટે હવે કોઈ વખતે આ ભેદ અને મકર ખુલ્લો થઇ જશે તેથી પોતાના વતન તરફ જવું બેહતર છે એવો વીચાર કરી થોડા દીવસમાં પોતાને દેશ જવા નક્કી કરેલું ત્યાં મજકુર બન્ને મુસાફર આવી પહોંચ્યા.

હાસલ કલામ તે મરદુદ યહુદી દુકાન વાળાએ પોતાના ધારા પ્રમાણે તેઓ સાથે ઘણો વીવેક કર્યો અને ઉમદા ખાણું ખવરાવ્યું, તે બન્નેજણ સમજ્યા કે આ મુસલમાન ઘણો નેકબખત છે તેથી આપસમાં તેના વખાણ કરવા લાગ્યા, હજુ એ વાતો કરે છે ત્યાં બે હબશી ગુલામ આવી પહોંચ્યા અને તરત તે બન્નેના હાથ બાંધી પગમાં બેડી નાંખી એક કોટડીમાં લઇ ગયા ત્યાં જોયું કે કેટલાંક મુસલમાનોને ભોંયરાની કોટડીમાં

સખત કેદ કરેલા છે, પછી આ બન્ને જણને પણ ત્યાં પુરીને ગુલામ બાહેર ચાલ્યા ગયા, શેહઝાદે ત્યાંના કેદીયોને પુછ્યું આ દુકાનદાર મુસલમાન ઘણો દીનદાર દેખાય છે છતાં શીના કારણે આપણને અહીંયા શામાટે કેદ કર્યા છે ! ત્યારે એક શખસે કહ્યું આ બદબખ્ત બેઇમાન મુસલમાન નથી બલકે યહુદી છે, અને તે દીને મહોમ્મદીનો સખત દુશ્મન છે, અને તેણે ઇસ્લામનો ખોટા ડોળ કરીને આપણા જેવા મુસાફરોને મોકો જોઇ અહીં કેદ કરી લીએ છે અને એક એક જણને કાપીને તેનો ગોસ્ત મુસલમાનોને ખવરાવેછે, અને કોઇ એવી તદબીર થતી નથી કે એ મરદુદનું બોપાળું ઉઘાડું થઇ જાય, આ સાંભળીને શાહઝાદે કહ્યું ખયર જે તકદીરમાં હશે તે થશે હવે સબ્ર વીના બીજો ઇલાજ નથી, પણ તે પરવર દીગારે રહીમની દરબારમાં દોઆ કરીએ અને આ મરદુદના પંજામાંથી છુટવા કોશીશ કરીએ, તેણે ફરમાવ્યું છે કે **લાતકનતુ મીર રહમતીલ્લાહ** (ખુદાની રહમતથી નાઊમેદ થવું જોઇએ નહી) એ પ્રમાણે ધીમે ધીમે વાતો કરે છે ત્યાં કોઇના આવવાની આવાજ સાંભળી તેથી ચુપ થઇ ગયા, ત્યાં એજ બે ગુલામ આવ્યા અને સરવેમાંથી પહેલે એ શાહઝાદાનો હાથ પકડી લઇ ગયો, આંહીયા એ શાહઝાદાની જવાની અને ખુબસુરતી અને દાનાઇ અને ઇમાનદારી કે જે ચહેરા અને બોલવા ઉપરથી જાહેર હતી તેથી તેનો હુઝુરી તથા બીજા કયદી મુસલમાનો ઝાર ઝાર રડીને ખુદા પાસે છુપી રીતે દોઆ કરવા લાગ્યા.

જ્યારે શાહઝાદાને ઝબાહ કરવા લઇ ગયા ત્યારે તે બીલકુલ ધબરાણો નહીં બલકે હસ્યો, તેથી ગુલામે કહ્યું તુ કેમ હસે છે ? તેણે કહ્યું ઘણી અજબની વાત છે કે હું પણ તમારાજ મઝહબ વાળો યહુદી છું પણ મુસલમાનની સુરત બનાવીને ઇસ્લામીયોને ફરેબ આપવા નીકળ્યો છું તો મ્હારી કોમના હાથે માર્યો જાઉં છું તેથી મને હસવું આવે છે. આ સાંભળી ગુલામો પોતાના માલીક યહુદીને બોલાવી લાવ્યા યહુદીએ કહ્યું કે કોઇ કેદીએ આને વાત કરી હશે તેથી તે ઢોંગ કરે છે. શાહઝાદે કહ્યું હજુ તો હું કોટડીમાં હમણાજ દાખલ થયો તેટલામાં મને કોણ વાત કરે ? ઉપરાંત તેઓને શું ખબર કે તું યહુદી, છો ? તેણે કહ્યું કે હું જેને કેદ કરૂં છું કે હું દીને મોહમ્મદીનો, સખત દુશ્મનછું તે આગલું વેર લેવા માટે તમોને ઝબ્હ કરૂં છું આ સાંભળીને શાહઝાદે કહ્યું અગર તને ખાતરી ન થાય તો મને હાલ ઝબ્હ ન કરતાં થોડી મુદત અજમાવી જો અને મને એક એવો હુન્નર આવડે છે કે હું આ કયદખાનામાંજ બેશીને તને એ કામ કરી આપુ અને તે એવો હુન્નર છે કે તેથી ટુંક મુદતમાં તું માલા માલ થઇ જઇશ.

યહુદીયે શેહઝાદાની એવી વાત સાંભળી તેને ઝબ્હ ન કરતાં એક જુદીજ કોટડીમાં એકલાને કયદ રાખ્યો. પછી હુન્નર વીશે પુછ્યું તો તેણે કહ્યું કે મને ચટાઇ બનાવવાનો હુન્નર આવડેછે. એ ચટાઇ કાંઇ જેવી તેવી થોડી કીમ્મતની નથી બલકે તેની કીમ્મત બહુજ વધારે આવશે કેમકે બાદશાહોને પસંદ આવે અને ભારે ઇનામ આપે અથવા ભારેકીમ્મત આપીને વેચાતી લીએ, આસાંભળી તેણે ખુશીથઇ શાહઝાદાના કેહવા પ્રમાણે તે બનવામાટે તમામ સામાન લાવી આપ્યો. તથા તેણે બહુજ કારીગીરીવાળી ચટાઇ બનાવીને આપી, તે બગદાદના ખલીફા પાસે વેચવા લઇ ગયો, તેણે બહુજ પસંદ કરી ઘણી સારી કીંમત આપી, અને કહ્યું આના જેવી એક બીજી ચટાઇ બનાવીને

લાવ. યહુદીએ ઘરે આવીને તે કરતા પણ વધારે સારી ચટાઇ બનાવવા હુકમ કર્યો, શાહજાદે આ ચટાઇમાં એવી કારીગીરી વાપરી કે આ યહુદીનો કીસ્સો ફુલવેલમાં અક્ષરમાં ગોઠવ્યો અને તેને બહુજ સારી રીતે પેક કરીને યહુદીને કહયું આને જરા પણ હવાલાગે નહીં જો હવા લાગશે તો તેનાતેજમાં ફરક પડી જશે માટે જલદી લઇ જઇ બાદશાહની પાસે જઈ ખોલીને કહેજે કે હુઝુરે આલી પહેલી ચટાઇ અને આ ચટાઈની કારીગરીમાં જમીન અને આસમાન જેટલો ફરક છે, માટે તમો હુશયાર હો તો બન્નેની ફુલવેલ બારીક નઝરે મેળવો અને શો ફરક છે તે શોધી કાઢો તો આ કરતા પણ વધારે ત્રીજી કારીગરીની ચટાઇ બનાવી આપુ, અને આ ચટાઈથી તને એટલું ઇનામ આપશે કે તું બહુજ ખુશ થઇ જઇશ.

આ સાંભળી યહુદી બહુજ ખુશી થઈને ખલીફાની પાસે ચટાઇ લઇ ગયો ખલીફો તેની કારીગીરી અને ગોઠવેલી ફુલવેલ અને ભરેલો રંગ જોઇને હયરત પામી ગયો અને જ્યારે યહુદીએ બન્નેની કારીગરીની તફાવત બારીક નજરે જોવા અરજ કરી ત્યારેખલીફે બરાબર નજર કરીને જોયું તો છોકરાએ એ ફુલવેલમાં જે લખાણ અરબીમાં ગોઠવ્યું હતું તે વાંચીને મતલબ સમજી ગયો તેથી જાહેરમાં ખુશ થઇને યહુદીને ઘણું સારું ઇનામ આપવું કરી બેસાર્યો, અને ખાનગીમાં જઇ વઝીરને હુકમ કર્યો કે હથીયાર બંધ લશ્કર લઇ આ યહુદીની દુકાન અને ઘરે જઇ એકદમ છુપી રીતે કબજે કરી ઘરના અંદરના ભોંયરા વીગેરેમાં બહુજ શોધ ખોળ કરી તમામ માણસોને લાવીને મારી પાસ હાજર કર, વઝીર હુકમ થતાજ તે પ્રમાણે અમલ કરીને સરવેને દરબારમાં લાવ્યો.

પછી ખલીફે યહુદીને પુછ્યું કે અવી ચટાઇ ખુબસુરત કોણે બણી છે અને કયાંથી લાવ્યો? તેણે કહ્યું મ્હારા ગુલામે બનાવી છે, એ સાંભળી ખલીફાએ બહુજ ગુસ્સામાં આવી કહ્યું ઓ મરદુદ ઇસલામના દુશ્મન તેં એવો ઇસલામનો ખોટો ડોળ ઘાલી કાવતરૂં રચી ઘણા મુસલમાનોના ખુન કર્યા છે, લાનતછે તારાઉપર પછી તે મઝલુમના હાથ બંધાવી શાહઝાદાની સામે જઇ તેને ઘણું માન આપી પોતાના જાહેરી દરબારમાં લાવી તમામ હાલ પુછ્યો, તેણે તમામ હાલ બયાન કર્યો, પછી ખલીફાએ યહુદીને શીંકજામાં નાંખી પુછ્યું તારો ખરેખરો હાલ તમામ બયાન કર, તેણે કહયું કે મને મ્હારા એક આલીમે કહયું કે મુસલમાનોને ઝબ્હ કરવામાં ઘણો સવાબ છે તેથી મેં પંદર વરસ થયા એવુ કાવતરૂં રચી ઘણા મુસલમાનોને ઝબ્હ કર્યા છે, મ્હારી કોમના સીત્તેર આલીમો મુસલમાનનો ડોળ કરી આ ગામમાં રહે છે, અને પોતાને ઇસ્લામી બતાવી ઇસ્લામમાં રખનો નાખેછે, આ સાંભળીને ખલીફાએ તે યહુદી તથા તેના બે ગુલામોના હાથ કપાવી નાખ્યા અને બહુજ સખ્ત રીતે રીબાવીને જહન્નમ વાસીલ કર્યો અને આસરે પાંચસો યહુદી કે તે મુસલમાન બનીને રહેતા હતા તેઓને પણ કતલ કરાવી નખાવ્યા, અને તેઓના ઘરબાર લુટી લીધા અને બીજા યહુદીઓને પોતાના શહેરની બાહેર કાઢી મુકયા.

પછી શેહઝાદે બજીરા માટે લાવેલો હદીયો આપ્યો, ખલીફાએ ઘણી સારી ખાતર અને મહેમાનદારી કરી, જયારે તે જવા લાગ્યો ત્યારે એ મરદુદ યહુદીનો તથા બીજા યહુદીયોનો તમામ માલ શહેઝાદાને આપીને કહયું આ તમામ માલ તમારા માટે હલાલ

છે હું તમોને બક્ષી આપુછું, તમોએ એ હલાલ હુન્નર મેળવ્યો તેની એવી બરકત થઇકે માલ મળવા ઉપરાંત તે દુશ્મને દીનનું ભોપાળું ઊઘડયું, અને મુસલમાનો કતલ થતા બચી ગયા. આ હાલ તમો આ માલ લઇ જાઓ તેથી તે ઘણો ખુશી થયો અને પોતાના હુઝુરી તથા બીજા માણસોને લઇને પોતાને દેશ પાછો ગયો.

હે બાળકો સંભાળજો! આગળ કરતા આ ઝમાનો ઢોંગ કરવા અને ફરેબ રચવામાં બહુજ વધી ગયો છે: જેમ જેમ હુન્નર અને કળામાં સુધારો વધારો હદથી વધતો જાય છે તેમજ મકકર અને ફરેબમા પણ હદથી વધારે ફરેબ વધતા જાય છે: સોનેરી ટોળી વાળા તો મશહુર છે, તેઓને જેમ ઠીક પડે તેમ ફરેબ રચે છે; માટે જેમ બને તેમ પુરી ખાત્રી વીના કોઇના બોલવા ચાલવા ઊપર દોરાઇ જવું નહીં, ખરા અને ખોટા ભેળ સેળ થઇ જાય છે પારખ કરી ખરા અને ખોટાને જુદા પાડવા મુશકીલ થઇ પડે છે, પણ હક તે હક, નાહક તે નાહક ખોટુ લાંબી મુદ્દત ટકતું નથી, પાપનો ઘડો ફુટયા વીના રહેતો નથી, જો એમ ન હતે તો હક નાહકની તમીઝ બહુજ મુશકીલ થઇ પડતે અને ગુમરાહીનો પાર રહેતે નહીં, ખરા નાહક માર્યા જતે, ખોટાઓ ખરા બની ખરાઓને ખોટા ઠેરાવવા એવા ઊપાયો લીએ છે કે ભોળા લોકો ભોળવાઇ તેઓના ફરેબમાં આવી ખોટાને ખરા અને ખરાને ખોટા સમજી તે મુજબ વરતે છે, પણ જયારે પાછળથી ખબર પડે ત્યારે પસતાય છે; અને ખરા પાસે માફી માગે છે; ખુદા પાસે દોઆ માંગો કે અહલેબયત અ૦ના સદકાથી તમામ બલા અને આફતોથી બચાવી ઈમાનની સલામતી સાથે ખાતેમો બિલ ખયર કરે. આમીન.

# ઝાએકએમાતમ તૈયાર છે.

ઘણા બીરાદરોની ખાહીશ હોવાથી એ ચાલીસ મજલીસની કીતાબને ગુજરાતી અક્ષર અને ઉરદુ ભાષામાં અમોએ છાપવી શુરૂ કરી, પણ માણસો મળવાની અગવડને કારણે હજુ પુરી થઇ નહીં, અને મોહર્રમ નજીક આવ્યો તેથી અમોએ તેની ૧૩ મજલીસનો એક ભાગ તઇયાર કર્યો છે, એ કીતાબના પાંચ રૂપીયા કિંમત રાખેલી, તેથી આ પહેલા ભાગનો રૂ.૧॥ રાખ્યો છે, માટે જો એ હાથોહાથ ઊપડી જશે તો ઈ૦ બીજા બેભાગ જુદાજુદા ૧૩ તથા ૧૪ મજલીસના અથવા ૨૭નો એક ભાગ ઠીક પડશે તેમ બાહેર પાડીશું, જુદા ભાગ કરવામાં અમોનેજ નુકસાન છે કે છીંટના પુંઠાનો ખરચ થાય છે.

# અયનુલહયાત.

## બાબ-૧-લો.

### ઉસુલેદીનમાં(૩) નોબવ્વતનું બયાન.

### ૯૦ મોહમ્મદ મુસ્તફા સ૦ની અજાએબ સીફાતો.

(ગયા અંકના પેજ ૧૫૬ થી ચાલુ.)

૬૮-ગરીબોના હકનું રક્ષણ કરતા હતા, ૬૯-આપની જમણી ડાબી બાજુએ બેસનારને તકલીફ થવા દેતા નહતા, ૭૦-લાંબો ઘાંટો કાઢીને બોલતા નહતા, ચુકીને કદી શબ્દ કાઢતા નહતા, ૭૧-મોઢું ચડાવીને વાત કરતા નહતા, ૭૨-સારાના વખાણ કરતા હતા, બુરાઈથી ચશ્મપોશી કરતા હતા, ૭૩-દોસ્ત દુશ્મન કોઈપણ હાજત લઇને જતો તે નાઉમ્મેદ પાછો જતો નહતો, ૭૪-બહુજ બોલવાથી, ઝગડો કરવાથી નક્કામી વાત કરવાથી પરહેજ કરતા હતા; ૭૫-કોઇની બુરાઇ શોધતા નહતા, ગુનેહગારની પાછળ લાગતા ન હતા, કોઇનું જરાપણ બુરૂ કરતા નહતા, ૭૬-આપ વાત કરે તે વખતે કોઇ કાંઇપણ બોલતુ નહતુ, બલકે જેમ માથા ઉપર પંખી બેઠું હોય તેમ ખામોશ બેસતા, અને આપની વાત ખલાસ થયા પછી કોઇને કાંઇ બોલવું હોય તો બોલતુ. ૭૭-આપની સામે લોકો ઝગડો કરતા નહતા; તેમજ એક બીજાની વાતને તોડી પાડતા નહતા. ૭૮-આપની રૂબરૂ હસવા અને અજબ થવાની બાબત આવતી તો સર્વે એકમત થઇ જતા, ૮૦-કોઇ અજાણ્યો આપની મજલીસમાં આવતો તો અને બેઅદબી કરતો તો તેથી ચસ્મપોશી કરતા હતા, ૮૧-કોઇ બેઅદબીનો શબ્દ કહે તો માફ કરતા હતા; ૮૨-અસ્હાબોને તાકીદ હતી કે જે હાજતમંદ આવે તેને મારી પાંસે લાવવો, ૮૩-તાઅરીફ કરે તે મનજુર રાખતા નહતા, અલબત નેઅમતના પ્રમાણમાં તાઅરીફ કરેતો મનજુર રાખતા, ૮૪-કોઈ વાત કરે તો તેને અટકાવીને આપ વાત કરતા નહતા; પણ હદથી

વધી જતો તો આપ વાત કરતા હતા, ૮૫-કોઇ કોઇની બદગોઈ કરતુ તો આપ મના કરતા હતા, અથવા ત્યાંથી ઉઠી જતા હતા.

૮૬-આપ ચાર વખતે ચુપ રહેતા હતા, ૧-કોઈ વખતે કોઇ સખત કલામ કરતો, તો આપ સહનશીલતા વાપરીને ચુપ રહેતા હતા, ૨-કોઈ વખતે બોલવાથી નુકસાન થવાનો સંભવ થતો તો ચુપ રહેતા હતા, ૩-આપના કલામથી સર્વેને ફાયદો મળે તેથી બોલીને ચુપ રહેતા હતા, ૪-કોઇ દીન કે દુન્યાના મામલા વખતે વીચાર કરવા ચુપ રહેતા હતા, ૮૭-સબર અને હિલ્મતો આપના કબજામાં હતા, તેથી કોઇ જુવે તેમ બોલે પરેશાન થતા નહતા, ૮૮-કોઇ અણગમાની બાબતથી ગુસ્સો કરતા નહતા, ૮૯-આપ નેક કામોમાં મશગુલ રહેતા હતા કે લોકો પણ એ જોઇને આપની પયરવી કરે. ૯૦-દરેક ખરાબ વાતથી નફરત કરતા હતા, કે લોકો એવા કામથી પરહેજ કરે, ૯૧-એજ ફીકરમાં રહેતા હતા કે ઊમ્મતની ભલાઇ શીરીતે થાય, ૯૨-એવું કામ કરતા કે જેથી ઉમ્મતની દીન, દુન્યાની ભલાઇહોય, ૯૩-આપનો પડછાયો પડતો નહતો, ૯૪-આપ જે રસ્તે ચાલતા ત્યાં ત્રણ દીવસ સુધી ખુશબો રહેતી હતી, ત્યાંથી પસાર થનાર સમજી જતા કે અહીંયાથી એ હઝરત નીકળ્યા હતા, ૯૫ આપ જે તરફથી પસાર થતા તે તરફના ઝાડ પથ્થર તાઅઝીમ માટે સીજદો કરતા હતા, ૯૬-અંધારી રાતના પસાર થતા તો ચંદ્રની જેમ ચેહરા મુબારકનું નુર ચમકતુ હતુ, ૯૭-અંધારી રાત્રે જે ગલ્લીમાંથી પસાર થતા ત્યાંની ભીંતો ઉપર આપના નૂરનો પ્રકાશ પડતો હતો, ૯૮-આપ મજલીસમાં બેસતા ત્યારે આપની ડાબી અને જમણી બાજુથી નૂર ચમકતુ હતું અને પાસે બેઠેલા જોતા હતા, એક વખત આપની મોહરદારની સો ખોવાઇ ગઇ અને અંધારૂ હોવાથી મળતી નહતી, જ્યારે આપ ત્યાં ગયા ત્યારે આપના નૂરના પ્રકાશથી તે સોય મળી ગઇ.

૯૯-જે ઠામમાં આપ કોગળો કરતા હતા તેમાં કસતુરીની ખુશબો આવતી હતી, ૧૦૦-આપના પરસેવામાં એવી ખુશબો આવતી કે લોકો આપનો પરસેવો લઇને બીજી ખુશબોમાં મેળવતા હતા, અને એ ખુશબો કરતા પરસેવાની ખુશબો વધી જતી હતી. ૧૦૧-કોઇપણ પંખી ઊડતું હોય, પણ આપના માથા મુબારક ઉપર થઇને પસાર થતુ નહતુ, ૧૦૨-આપ જેવી રીતે સામેની ચીજોને જોતા તેમજ પાછળની ચીજોને જોતા હતા, ૧૦૩-સુતા હોય ત્યારે જાગતા હોય એવીજ રીતે વાતો સાંભળતા હતા, ૧૦૪-બાઅઝે રીવાયતમાં છે કે, સોહરે નોબુવ્વત કોઇ વખતે ખોલતા તો સુર્ય કરતા તેનું તેજ વધારે ચમકતુ હતુ, ૧૦૫-જે સ્વારી ઉપર આપ સ્વાર થતા તે હયવાન કદી કમજોર કે

ઘરડું થતુ નહતું, ૧૦૬-માંખ વીગેરે કાંઇ આપના અંગ ઊપર બેસતુનહતું, ૧૦૭-આપનો રોઅબ એક મહીનાના રસ્તાસુધી લોકોના દીલ ઉપર પડતો હતો, ૧૦૮-આપે ઉપરા ઉપર જવની રોટી ત્રણ વખત પેટ ભરીને ખાધી નથી, અને ઘઊંની રોટી ખાતા નહતા, ૧૦૯-આપ બાદશાહ હોવા છતાં વફાત પછી કાંઇ નાણું નીકળ્યું નહીં બલકે આપનું બકતર એક દીરહમમાં યહુદી પાસે ઘરેણે રાખ્યું હતું, ૧૧૦-લડાઇમાંથી લુટનો માલ બેશુમાર આવતો એ તમામ આપી દેતા એટલે સુધી કે એક એક દીવસમાં ત્રણ ત્રણ ચારચાર લાખ દીરહમ વહેંચ્યા છતાં સોનું કે રૂપુ કાંઈ ભેગુ કર્યું નહીં, ૧૧૧-એટલું નાણું વહેંચ્યા પછી રાતરે કોઇ માગનાર આવતો તો ફરમાવતા કે મ્હારા ઘરમાં એક સાઅ જવ અથવા ઘઊં અથવા એક દીનાર અથવા એક દીરહમ પણ નથી, ૧૧૨-પોતાના હાથે પગરખા સીવતા હતા, ૧૧૩-પલાણ નાખ્યા વીના ઘોડા ઉપર બેસતા હતા. ૧૧૪-બાળકોને પહેલે પોતે સલામ કરતા હતા, ૧૧૫-ગુલામોની સાથે બેસીને જમતા હતા, ૧૧૬-ગુલામો કનીઝો કોઇ કામ કહે તો કરી આપતા, ૧૧૭-મોહતાજ ગરીબ બીમારોને જોવા જતા, ૧૧૮-જનાઝાની સાથે જતા હતા. ૧૧૯-નાણાથી નફરત રાખતા હતા એટલે સુધીકે ખુદાએ ફીરીશ્તાને મોકલીને કહેવરાવ્યું કે અલ્લાહ તઆલા સલામ અને દોરૂદ પછી ફરમાવે છે કે અગર આપની ખ્વાહીશ હોય તો મક્કાનું તમામ જંગલ આપ માટે સોનું બનાવી આપું, આ સાંભળીને આપે આસમાન તરફ માથુ ઉંચું કરીને અરજ કરી કે ખુદાવંદા હું એટલુંજ ચાહું છું કે એક દીવસ જમીને તારો શુકર કરૂં, અને એક દીવસ ભુખ્યો રહીને તારી પાસે માગું.

જનાબ મજલીસી (અ૦ મ૦) લખે છે કે એ હઝરતના અખલાક વીગેરે બહુજ ટુંકમાં લખીને આ કીતાબને 'મોઅત્તર' (ખુશબોદાર) કરી છે, અગર આપના તમામ અખલાકો અને સીફાતો લખવામાં આવે તો ઘણી કીતાબો ભરાઇ જાય- છતાં એક હજારમો ભાગ પણ બયાન થઇ શકે નહીં.

# તાઅલીમ અને તરબીયત ( ૫ )

**લ૦ મવલાના સૈયદમોહમ્મદ કાઝીમસાહેબ ઇસ્ફહાનીખલીલ ખંભાત,**

દીવસનાં ત્રણ ભાગ કે ઉપર મુજબ કાઢતાં કે દીન ઇસલામની વાતો શીખવવાની છે, આપણા મઝહબમાં દરેક બાબતનાં કાયદાઓ અને રસ્તાઓ બતાવેલા છે, દીની જ્ઞાન મેળવેનો દુનીઆનાં બધા કામોમાં ઊપયોગી થઇ પડે, સફર કે હઝર-વ્યાપાર રોજગાર વિદ્યા કે હુન્નર, ખેતીપાતી દરેક બાબતનો ખુદાએ ખુલાસો કરી આપેલ છે. જે જાણવાની ખાસ અગત્ય છે, તે

જાણે અને દુન્યવી મામલાઓ શીરીતે અમલમાં લાવવા તે શીખે એટલે થયું પછી ભલે કોઇને માત્ર વિદ્યાજ શીખવી હોયતો કયાં શીખી શકાતી નથી? આપણી એક કોલેજ હશે જે એ બાબતો સાથે વિદ્યા પણ શીખવાડશે.

આજકાલમાં આપણે જે નીશાળોમાં ભણ્યા છીએ અને આપણા છોકરાઓને ભણાવીએ છીએ તેમાં માત્ર પોપટીયું જ્ઞાન મળેછે, તેથી કાંઇ દહાડો વળતો નથી, યુરોપમાં જર્મની વીગેરે સ્થળે ભણવું અને ગણવું બન્ને સીખવાડે છે, નીશાળનાં પાટીઆ ઉપર માસ્તર ખેતીનો જે પાઠ શીખવે છે તે બપોર પછી નીશાળની વાડીમાં છોકરાંને લઇ જઇ જાહેર કરે છે, તથા તેમનાં હાથે તે કામ લઇ [ પ્રેકટીકલ નોલેજ ] હાથે કરી જોવાની સમજણ આપે છે, વેપારની રીત શીખવે છે, અને વેપાર કરાવે છે, એવીજ રીતે દુન્યાનાં ઉપયોગી કામો કરી તથાં ભણાવી શીખવે છે; આપણે પણ તેવા નમુના ઉપર કામ કરીએ અને દીની ફરમાન પ્રમાણે તેનું વર્તન કરીએ તો ખુદા કેમ બરકત અને સુખશાંતી નં આપે અને દીની તથા દુન્યવી ઉન્નતી ન કરે?

આપણા પેશવાઓનો તરીકો એવો હતો કે પોતે રોજા ઉપર રોજા રાખી પોતાના બચ્ચાંઓને ભુખ્યા રહી સબ્ર કરવાની તાઅલીમ આપતા; પોતાની આગળનું અને બચાંઓની આગળનું ખાવાનું સાઇલ (માગનાર) ને આપી દેતા, જુઓ હસન અ૦ નાહનાં છે, ખાતુને જન્નત જ૦ અલી અ૦ને ફરમાવે છે એ દીવસથી આપણે રોઝા ઉપર રોઝા રાખ્યા આ કુમળા બાળકો ફુલની માફક ખોરાક વગર કરમાઇ જાય છે માટે કાંઇ ત્રીજે રોજે ઇફતાર કરવા સામગ્રી કરો, જ૦ મુશકિલ કુશા અલી અ૦ ફરમાવે છેકે પૈસો નથી, દુન્યાની ચીજોમાંની કોઇ એવી ચીજ નથી કે જે વેચી ખાવાનું લાવવામાં આવે, બાકીનું સુક કાંતી આપો તો મેહનતાણાનાં પૈસા લાવું, ખાતુને કયામત કાંતી આપે છે, આપ ખોરાકનો સામાન લાવી આપે છે, રોઝા ઇફતાર કરવા બેઠા છે, બચ્ચાં ખાવાની તૈયારી કરેછે કે એક યતીમે ખાવાનું માંગ્યું, (પ્રીહા મારા માંબાપ એ બુઝુર્ગો ઉપરથી] માબાપ પોતાનો ખોરાક આપી દેવા જણાવે છે. બચાંઓ પોતાનું પણ આપી દઇ એક યતીમની હાજત રવા કરે છે, પહેલે રોઝે સાઇલની, બીજે દિવસે કોઇને ત્રીજે દિવસ યતીમની હાજત પુરી પાડે છે, અને ત્રણે દીવસ ખાણુ આપી દીએ છે, પણ અફસોસ અય પૈરવાને અલી ઇબ્ને અબીતાલિબ; અમે શીઆહ અમે મોમિન, અમે નાજી ફીરકાનાં કહેનારા બંધુઓ ભર નીંદ્રામાં સુઇ રહયા છે; પોતે ભુખ્યા રેહવાનું નથી–રોઝા ઉપર રોઝો રાખવાનો નથી-પોતાંના છોકરાંનાં વીલાયતી બુટને બદલે ગામઠાં કે દેશી પેહરાવવા પડતા નથી; છતાં કૌમનાં યતીમ અથવા યતીમો જેવા બાળકોની દાઝ જાણનાર થોડા છે.

ઓ મ્હેરબાનો પોતાની કોમના ગરીબ બાળકોને સુધારો; બલકે પોતાના મઝહબને વધારો; જરા બીજી ભાઇબંધ કોમો તરફ જુવો કે પોતાનો પંથ વધારવા તનતોડ મેહનત કરી રહયા છે. અને હઝારો રૂપ્યાનો ખર્ચો ઉપાડી પોતાનો ફેલાવો કરવા મથી રહયા છે.

ખંબાતમાં બાલેશાની દરગાહ તેને ગોલા કુંભાર વિગેરે પીર તરીકે માને છે, તેમાંજ કેટલાંક ઇસમાઇલી (આગાખાની) પંથને પણ માનનારા છે; અને તેઓ વાર્ષીક લાગા વિગેરે ઉઘરાવી મોકલે છે, પરંતુ તે કામ ઘણું જુનું અને દમ વગરનું થઇ પડેલું લેખાવું જોઇએ, હવે ઇસ્માઇલીઓએ એક નવું રૂપ ધારણ કર્યું છે તેમણે એક નીશાળ અત્યંજવાડા (ઢેડ-ચામડીયાનામોહલ્લા)માં ઉઘાડી છે, એક માસ્તર રાખ્યો છે; આગાખાનને નકલંકી અવતાર બતાવી ઢેડ ભંગીઓને પોતાનાં પંથમાં મેળવવાની શરૂઆત કર્યાનું કેહવાય છે: એવી નીશાળો આણંદ બોરસદ વિગેરે જગ્યાઓએ કાઢી છે; તેનો સુપ્રીન્ટેનડન્ટ દરમાસે આવે છે તે પગાર વહેંચે છે: અને પરીક્ષા વિગેરે લઇ જાયછે, મારા દોસ્તો સાથે તેની મુલાકાત થઇ હતી તે પોતાને સુફી માર્ગી જેવો હોવાનું જણાવતો હતો; તેનાં કહેવા ઉપરથી જણાય છે કે આવી નીશાળો દરેક મોટા મોટા ગામોમાં ખોલવામાં આવી છે; અને જેવી રીતે ઇસાઇ મિશિનવાળાઓ ઢેડભંગીને પોતામાં ભેળવવામાં કોશિશો કરે છે તેવીજ હવે ઇસમાઇલીઓએ કરવા માંડી છે; તેનું કહેવું એવું છે કે અમે તે લોકોને ખુદાની વહદાનિયત અને જ૦ રસુલ સ૦ની નોબુવ્વત શીખવીએ છીએ કલમો શીખવીએ છીએ: દારૂ પીવા અને હરામ ગોશ્ત ખાવાની સખ્ત મનાઇ કરીએછીએ. જેઓ એ પ્રતિજ્ઞાઓ લે છે તેમને દાખલ કરીએ છીએ; અભણોને ભણાવીએ છીએ વીગેરે.

મેં મારા દોસ્તોને રુબરુમાં કહયું કે અમો તે ઇસમાઇલી બિરાદરનાં એહસાનમંદ છીએ કેમકે જ્યારે તે ખુદાની વહદાનિયત અને રસુલે મકબુલ સ૦ની રિસાલતનાં કાઇલ થઇ જશે તો અમને વિશેષ મહેનત કરવી નહીં પડે, એવીજ રીતે એક ઇસાઇ દેશી પાદરી સાથે વાતચિત થતા ગજકમા કહયું હતું કે ઇસાઇયોના અમે એહસાનમંદ છીએ કે જેઓ કોશીશો કરી અમારી મેહનત પુરી કરી નાખે છે: તેણે પુછયું શી રીતે ? જવાબ આપ્યો કે ખુદાની ઓળખાણ, રસુલોની પીછાણ; બધું થઇ જાયછે, તો ફક્ત અમારે માત્ર ઇસલામની ખુબીઓજ બતાવી જ૦ મોહમ્મદે મુસ્તુફા સ૦ આખેર જમાનાનાં પયગમ્બર છે એટલુંજ તેમને સમજાવવાનું રહે છે તે સહેલાઇથી થઇ શકશે, એ મુજબ અત્યારે પણ મેં કહયું પરંતુ તે વખતે મને વિચાર

થયો કે ઇસમાઇલીઓ જ્યારે હઝારો રૂપ્યા ખર્ચી મહેનતો ઉપાડી પોતાનો રસ્તો બતાવવા અને પોતાનાં પંથમાં ગમે તેમ વધારો કરવા ગમે તેવા લોકોને ખેંચવા મથી રહયા છે, ત્યારે **ઇસનાઅશરી હક મઝહબનાં પૈરવો શું કરે છે ?** અફસોસ તેમનામાં કોઈ મ્હોટું ફંડ હીદાયતફંડ નથી તેમનાં વાએઝો પોતાનાં મઝહબની ખુબીઓ ઝાહેર કરવા મુકર્રર નથી, એક હીદાયત ફંન્ડ **હાજીનાજી**એ ઉઘાડયું છે જેને વર્ષોનાં વર્ષો થયાં છતાં તરક્કીને બદલે તનઝ્ઝુલમાં આવી પડેલ છે*

## અયકૌમ-

હવે આ મર્ણ પથારી કયારે છોડીશ ? ભર નીદ્રાંમાંથી કયારે જાગીશ ? તને તારા મર્ણ જીવનનાં સવાલની કાંઇ ચિંતા છે કે નહીં ? કૌમ કયારે કૌમ હોઇ શકે ? કયારે તે કાયમ રહી શકે ? તેનો કાંઈ વિચાર કર્યો છે ?

સાંભળ જો તારે જીવવું હોય જો તારી હસ્તી કાયમ રાખવી હોય તારે કૌમ તરીકે એક જથ્થામાં રહેવું હોય તો આપસનાં ઝગડા પોતાનાં દવેશો એક બીજાની ખોદણી છોડીદે, એકત્રથા, અને એક સાથે કોશિષ કર, છુટા છુટા અવયવોને એકમેકે કરી નાંખ, પંચની લાકડી ને એકનો ભાર, એ મીસાલ ઉપર આવ, તો તારૂં કલ્યાણ થશે, તારા દુશ્મનો નીચું જોશે, તારી વાત ચઢતી અને બોલબાલા થશે, નહીં તો તારી હસ્તી નાબુદ થઇ નિસ્તીમાં બદલાઇ જશે; તારૂં કોઇ સાંભળશે નહીં; તું છે એમતો અત્યારેજ કોઇ માનતું નથી, કેમકે તું છે એમ મનાવવા તેં જરાએ દરકાર રાખી નથી, તોપણ જરાક જે સાધારણ નામ છે તે પણ મરી જશે, હક છુપતું નથી, અને નાહક ઢંકાતું નથી એ તો ખરૂં, પણ જ્યારે હક ઝાહેર થશે ત્યારે તને કોશેશ કરવાનું કોઇ કેહશેએ નહીં, અને તને જરૂર પડશેએ નહીં; પરંતું જ્યાં સુધી નાહકનું બળ છે જ્યાંસુધી નેવનાં પાણીયો ભારે ચઢે છે ત્યાં સુધી તારે બચાવ કરવાની ફરજ છે, જો તે ફરજ અદા નહીં કરે તો નાશ પામીશ; એટલુંજ નહીં પણ તે નાશ પામવાનો ગુન્હો "ખુદકુશી" (પોતાની મેળે જીવ આપવા) સરખું થશે; અને તેનો જવાબ અહકમુલ હાકેમીનને આપવો પડશે. આંખ ઉઘાડ અને દુનીઆની ચાલ ઉપર નજર કર, હું અને મારા જેવા ખલ્લાકે આલમની રૂબરૂ જાહેર કરીશું કે ખુદાવંદા અમે અમારી ફરજ બજાવી છે, અમારાથી બનતી કોશિષ કરી કૌમને જગાડવા માટે મેહનત કરી છે, પણ તેણે અમારૂં સાંભળ્યું નહીં, તેણે ખુદ કુશી કરી છે, અને તેની જોખમદારી તેનેજ માથેજ છે, તું આલિમુલ ગયબ છે; અમારી હકીકતથી વાકેફ છે.

---

*સારૂં ફંડ તો કયાંથી હોય ? જે હીદાયતફંડ વીસ વરસથી ચાલુ છે, અને વીસ મદરેસા જારી છે, માસીક રૂ. ૪૦૦ થી ૫૦૦ ની આવક હતી તેને બદલે એક સો રૂપરડી માંડ આવે છે; મદરેસા બંધ કરવાની અણી ઉપર આવેલ છે જેવીશે આ માસીકમાં શુરૂઆતનું લખાણ **હીદાયતફંડ**"ની હાલતવાળું વાંચો **નાજી.**

# અય કૌમના મોટેરાઓ-

અય કોમનાં કરતા હરતા આગેવાનો; અય ધનવાનો, કૌમ અને જેના વર્ગ કરતાં તમારા ઊપર ઘણો આભાર છે તમે નાદાન વર્ગ કરતાં ઘણાં વધારે જોખમદાર અને જવાબદાર ગણાશો, જો તમે આવીજ રીતે સુતા રહેશો પોતાનાં નાન હલવા ઊપર ખુશ રેહશો અને "આપ ભલાતો જગ ભલા" સમજી કૌમની દાઝ નહીં જાણો, કૌમને બચાવવા સંભાળવા મેહનત નહીં કરો તો તમને કેટલો જવાબ દેવો પડશે તેનો કાંઇ વિચાર છે? જો ના કર્યો હોય તો કરી જુઓ—

# મારા બંધુઓ-મારામીત્રો-

**જાગો! જાગો!!** આગ લાગ્યા પછી કુવો ખોદાવવા જશો તો કાંઈ વળવાનું નથી, કોમનું ઘરબાર બળીને રાખ થઇ જશે અને મુખાલિફ હવા ઉડાડીને નામો નીશાન મટાડી દેશે.

કોમની દશા કેમ ફરે? કોમછે એમ કયારે કેહવાશે? દીન અને દુન્યા એ (એકી વખતે જન્મેલ ભાઇ બેન)છે, દીન ભાઈ, અને દુનીઆ બહેન છે, તેમને છુટા પાડવાનું કોઈ કેહેતો તે ખરેખર અણસમજુજ હોય પણ દરજ્જાનો-હિસ્સાનો-બુઝુર્ગીનો, ખ્યાલ કરી બન્નેની એક સરખી સાથે સાથે સંભાળ લેતોજ "તુંછે" અને "તું કોણ" તે પબ્લીકને બતાવી શકીશ, તારા ફંન્ડો બીમારીને ખાટલે પડયા પડયા તરફડીઆ મારી રહયા છે, તેની સંભાળ રાખનારા દવા અને ખોરાકીની કમી સંગવડ ન હોવાની બુમો મારી રહયાછે, અને બીમાર વગર સાધને મરી જશેની જાહેર ખબરો પ્રસિદ્ધ કરી રહયા છે, પરંતુ અફસોસ તે ઉપર કોઇ ધ્યાન આપતુ નથી, પયસો ઇમાન કરતાંએ વ્હાલો લાગેછે!!!

**દૌલત બકસે ન પાયદ=દુનીઆ ફના નુમાયદ❋**

પયસો કોઇની પાસે ટકતો નથી, અને દુનીઆનો નાશ થશે. ભાઇઓ પયસો આજે છેને કાલે નથી, લખોપતી ફકીર; અને ફકીર અમીર થઇ જતા વાર લાગતી નથી, નાણાંનો સુદ ઉપયોગ તેજ ખરો ઉપયોગ કહેવાય છે અને નામે નેક હમેશ બાકી રહે છે.

**"નૌશીરવાન નમુર્દ કે નામે નિકુ ગુઝાશ્ત"** નૌશેરવાન (ઇરાનનો બાદશાહ) મરી ગયો નથી કેકે તેમણે નેકનામી મુકી છે, તો દરેક માણસે પોતાની પાછળ નેકનામી મુકી જવા કોશિશ કરવી જોઇએ, રાહે ખુદાનું કામ કરો, કૌમની દાઝ જાણો, અનેમારી વિનંતી ઉપર કાંઇ વિચાર કરો; તો તમે તમારી ફરજ અદા કરી શકશો; મેં મારી ફરજ થોડી ઘણી અદા કરી છે; હવે તમે મને સાથે લેતો જાત મેહનત કરવા પણ હું ના પાડું નહીં.

**ખુદાવંદા તુંજ અમને સહાય કર!** અમારી આળસ દુર કર, અમારી નીંદ્રાને ઓછી કર, અને ત્હારી રહમત નાઝીલ ફરમાવ, બહકકે બીમારે કરબલા અમારી કોમની બીમારી દુર કર, અને અમને તાકત, તવાનાઇ એક પણ ઇનાયત કર, **આમિન સુમ્મ આમિન, યારબ્બલ આલમીન.**

# અઝાદારીયે હુસૈન અ૦

**વા હસરતાકે માહે મોહર્રમ ગુજરગયા; ઔર ચેહલુમે ઈમામે દોઆલમ ગુઝરગયા***
**તા અર્ષ નવહએ બની આદમ ગુઝરગયા:માતમ રહાપે મૌસમે માતમ ગુઝરગયા***
**એક દીન ઇસીતરાહસે યેહ દુન્યા તમામ હૈ;પર શાહે કરબલાકી અઝા ના તમામ હૈ***

**ભાવનગર**માં આ વર્ષે વાએઝ કરવા માટે મુંબઇના મરહુમ મૌલાના મુલ્લા કાદરહુસેન સાહેબ (અ૦મ૦)વાળા મદરેસામાં પડાવા અને વાએઝમાટે લખનઉવાળાજનાબ મૌલવી શેખ અબદુલહુસેન સાહેબ હતા તેમને બોલાવેલા, તેઓએ સારી વાએઝ કરી; અને ગામના મુલાઓએ પણ પોતાનું કામ ઉમદા બજાવ્યું છે. આ વરસે મહુવાવાળા ગરાસદાર જનાબ ઇસ્મત પનાહ સાદાત આલેમાબુ સાહેબા અતરે કામ પ્રસંગે પધારેલ, તેમને ઘરે ઘણુંજ કામકાજ તેમના વૃધ માતાજી સખત બીમાર તથા મહુવા જેવાં ઇસ્નાઅશરીની ઓહળી વસ્તીવાળા શહેરમાં બાનુઓમાં તેમને ઘણે ઠેકાણે પડવું પડે છે છતાં અતરેની બાનુઓના સખત આગ્રહથી મોહર્રમમાં રહેલા તેઓ બાનુઓની પાંચ સાત મજલીસોમાં હમેશા-પડતા, અને નમાઝ રોઝાની તાકીદ, હસદ બુગઝ ગીબતની મઝીમ્મત વી૦ નસીહતો બયાન કરીને એવી રીવાયત પડતા કે રીક્કતનો પાર રહેતો નહીં. અને રાહેનજાતઓફીસમાં રાત્રે મરદોની અને દીવસે બાનુઓની મજલીસો થતી તે બાનુઓની મજલીસમાં તેમણે ઝહમત લઇને મજલીસ પડીને લાભ આપ્યો છે તેથી તેમને તેમના જદ નેક અજર અતા ફરમાવશે, અમો એહસાન માનીએ છીએ.

**મરદોની મજલીસો** (૧) સવારે ૭ાા થી ૮ાા મહફીલે હુસેનીમાં, (૨) ૮ાા થી ૯ાા શેઠ ફાઝીલઅલીભાઇ મોહમ્મદઅલીભાઈ વકીલને ત્યાં. [૩] ૧૦થી ૧ સુધી જનાબના મકાનમાં, (૪) ૪થી ૫-સુધી શેઠ નુરમોહમ્મદભાઇ વેલશીભાઈને ત્યાં, (૫) ૫ થી ૬ શેઠ હાજી નઝરઅલીભાઇ કાસમભાઇને ત્યાં; (૬) સાંજના ૭ થી ૮ મહફીલે હૈદરીમાં, (૭) રાતના ૮ થી ૯ રાહેનજાત ઓફીસમાં, [૮-૯] ૯ થી ૧૦ મહફીલે કમરેબનીહાશમાં તથા મહફીલે માઅસુમીનમાં; (૧૦) ૧૦થી ૧૨ જનાબના મકાનમાં, અને બાનુઓની મજલીસો જુદે જુદે ઠેકાણે ૭ થી ૮ થતી હતી. કેટલાક ઉમ્મેદવારો એકાદ વખત પોતાને ઘરે પણ મજલીસ કરે છે; અને બાળકો તથા બાળકીયો પણ મજલીસો કરે છે, અને જનાબના મકાનમાં બાનુઓ પણ આવેછે; અને ખાસ બાનુઓની ત્યાં મજલીસ થાયછે તેમાં માતમ બહુજ થાયછે.

**ભાવનગર**માં બાર દીવસસુધી નયાઝ થાય છે, અને હમેશા રાત્રે જનાબના મકાનમાં મજલીસ પછી નવહા પડાય છે અને બહુજ જોર શોરથી અરધી પોણી કલાકસુધી માતમ થાય છે, અને નવમી રાત્રે આશરે ૧૪ અલમ મુબારક જનાબના મકાનથી ખોજા મોહલ્લાના એક દરવાજાથી બીજા દરવાજાસુધી ફેરવવામાં આવે છે, જમાતનો મોટો ભાગ સાથે હોય છે, અને નવહા પડતા માતમ કરતા નવ વાગે નીકળીને બાર વાગે પાછા આવે છે, અને ખુબ માતમ કર્યા પછી મજલીસ પડાય છે, જનાબના મકાનમાં આશુરાનીઆખી રાત મજલીસ અને માતમ થયા કરે છે. અને આશુરાના દીવસે બે પહોરની મજલીસપછી

આશરે બે કલાક સુધી નવહા અને એવુ માતમ થાયછે કે જવાનીયાઓની છાતી લાલચોળ થઇ કેટલાંકને લોહી નીકળેછે, કેટલાંકમરદો બાનુઓ સાંકળથકી માતમ કરેછે; અને માતમની વચમાં ગાળે ગાળે જ૦ અલી અસગરની લાશ લાવે છે, કબુતરો લાવે છે વીગેરેથી એટલી તો રીક્કત થાય છે કે જેની હદ રહેતી નથી. એ જોઇને સીના ભરાઇ આવી ચોધાર આંસુ વેહવા લાગે છે, તેમાં આ વરસે તો શેઠ નુરમોહમ્મદભાઇ અલીભાઈએ પોતાના ગળાઅને પગમાં લોખંડની સાંકળ નાખેલી અને દોરીથી પોતાનું તથા પોતાની સાત વરસની બાળકીનું ગળું બાંધેલું, એવી હાલતમાં માતમના શોરમાં અંદર દાખલ થયા, તેથી જનાબે બીમારે કરબલા અને જ૦ સકીના ખાતુનને ઝાલીમોએ કેદ કરેલ અને સાંકળ તથા દોરીથી જકડેલ તે યાદ આવવાથી રીકકતનો એટલો તો શોર થયો કે ઘણી વારસુધી નવહા અને માતમ બંધ રહીને રડવાનો શોર મચી ગયો, અને એ બાળકી જ્યારે બાનુઓમાં બંધાએલા ગળે ગઇ ત્યારે તો પુછવું શું ? રીકકતના ઢગલા થયા, અને માશાઅલ્લાહ જુવાનીયા હુસૈની ફોજનો એટલો ઉતસાહ કે બએ રાત અને આશુરાના દીવસે માતમ બહુજ કરેલ છતાં પાંચ વાગે ફાકો ખોલીને શહેરમાં નીકળેલા તાઅઝીયા સાથે જઇને જે ધાવસેન ધાવસેન કરતા હતા તેમની વચ્ચે જઇ **યાહુસૈન ! યાહુસૈન !!** કહીને માતમ કરવાલાગ્યા, તેથી એ તમામ સુન્ની બીરાદરો પણ યાહુસેન કહીને માતમ કરવા લાગ્યા, અને બે ચાર બીરાદરોએ ચોકમાં શરબત ખુશબોદાર રાખીને તાજીયા સાથે જનાર જોનાર તમામને છુટથી પીવરાવ્યું.

**વરતેજ** ભાવનગરથી છ માઈલ છેટે છે, ત્યાંની જમાતને ખબર પડી કે આ વરસે **હાજીનાજી**ની તબીઅત જરા નરમ હોવાથી બાહેર ગામ ગીએલ નથી; તેથી પાંચ આગેવાનો જમાતની સહીની અરજી લઇને આવ્યા અને મોહર્મમાં બાલબચ્ચા- સહીત ત્યાંજ રહીને વાએઝનો લાભ આપવા સખત આગ્રહ કર્યો. હાજી નાજીએ અરજ કરી કે ઘરે મજલીસો થાય તેથી ત્યાં અવાય નહી, ઉપરાંત પડી શકાશે નહીં; તો કહ્યું કે તમે હમેશા એક વખત આવી પાંચ મીનીટ વાએઝ કરશો તે અમોને બસ છે, તેટલાંથીજ અમોને ઘણો લાભ થશે, નજીક હોવાથી તેમને નારાજ કરવા ઠીક નહીં લાગવાથી હમેશા એક વખત ત્યાં જઇને વાએઝ નસીહત બયાન ઘણાંજ સરસ થતા, રીક્કત બહુજ થતી, મોઅમેનો ઘણાં ખુશ થતા હતા અને ધારવાથી વધારે ફયઝ પહોંચ્યો કે કેટલાક નવા નમાઝીથયા, બે જણ ઝીયારત માટે કરબલા ગયા, અને રાત્રે રાહેતજાત ઓફીસમાં મજલીસોમાં પડવું રાત્રે મારાથી જવાતુ નહીં, ત્યાંવાળા રાતરે પડતા અને માતમ સારીરીતે કરતા હતા, સાત આઠ નયાઝ થઇ; નવમી રાતરે ભાવનગરથી હુસૈની ફોજના જવાનીયા બાવીસ જણ વરતેજ ગયા, અલમ મુબારક ઇમામવાડાના સહનમાં લાવીને નવહા પડવા અને બહુજ જોરશોરથી માતમ કરવા લાગ્યા તેમાં કેટલાંકે સાંકળથી માતમ કર્યું, અને શેઠ જમાલભાઇ બાબુલભાઇ વજીરના ફરઝંદ અકબરઅલીભાઇયે તો છરીથી માતમ કરવું શુરૂ કર્યું, ત્યાં કેટલાંકે હાથ પકડીને જબરાઇથી છરી લઇ લીધી: કેટલાંક જખમ છાતીમા થયા લોહી વેહવા લાગ્યું પણ ઘરે આવીને નહાયા કે કાંઇપણ જખમની નીશાની રહી નહિં, એ માતમ જોઇને ગામના સુન્ની આશરે પોણોસો જણ યાહુસેન કહીને કુદી પડી તેમણે પણ ખુબ માતમ

કર્યું, એ જવાનીયાએ રાત્રે બાર વાગે ભાવનગર આવીને મજલીસ કરીને વળી સારી પેઠે માતમ કર્યું, અફસોસ એ છે કે વરતેજનો ઇમામવાડો જીરણ થઇ ગયો છે. ભીંતો ફાટી ગઇ છે, ચારે તરફથી પડવાના આસાર દેખાયછે, મજલીસની બરકતથી ઉભો છે; પણ કોઇ વખત ઓચીંતો પડી જવાની પુરી ધાસ્તી છે, ત્યાંની જમાતમાં એ બનાવાનીતાકત નથી, બાહેર દેશાવરકે શેહરવાળા ચાર હજાર રૂપીયા મદદ કરે તો ઇમામવાડો નવો થાય, અને કયામતસુધી નામ બાકી રહે, મુંબઇવાળા એકાદ શેઠ ચારહજાર રૂપીયા આપવા રાજી થીએલા પણ સાંભળવા મુજબ વરતેજી કવીરાજનું નામ સાંભળીને ભડકી ગયા, પણ એ કવીરાજના મતને મળતું વરતેજમાં કોઇ નથી, તેમનું આખુ કુટુંબ પણ ઇસ્નાઅશરી છે, અને ત્રીસે ઘરમાં કોઈ ઇસમાઇલી નથી, માટે એ અઝીમ સવાબ ખાટવા કોઇ સખી નર બીડુ ઝડપે એવી અરજ છે, એ શીવાય ત્યાં ૨૦ બાળકો ૧૦ બાળકીઓ ઇલ્મ શીખે એવા છે, પણ મદરેસો નથી, હાલ હિદાયત ફંડ તરફથી મદરેસા ઘટાડવાનો વખત આવી પહોંચ્યો છે ત્યા કયાંથી વધારી શકાય? માટે કોઇ સાહેબ કે સાહેબો રૂ. ૩૫ માસીક આપે તો મદરેસો થાય, મેં તો મારી ફરજ બજાવી છે આઇન્દા અલ્લાહ રહમ કરે.

મહુવામાં ધારા મુજબ મજલીસો મરદો અને બાનુઓની જુદી જુદી ઘણે ઠેકાણે થતી હતી. તેમાં જનાબની દરગાહમાં આઠમી રાતરે આગ ઉપર માતમ થયું તે જોવા માટે હજારો હીંદુ મુસલમાન આવેલા, અને લગભગ તમામ અમલદારો પણ આવેલા એ જોઇને અજબ થયા, અને આ વરસે સોનાના બે અલમ ચડાવામાં આવ્યા; અને હ૦ ઇમામે હુસૈન અ૦ની લાશ પણ કાઢવામાં આવી તેથી માતમ અને રીક્કતનો પાર રહયો નહીં, અને અલમ મુબારક ધારા મુજબ નવહા પડતા અને માતમ કરતા શેહરમાં ફેરવવામાં આવ્યા હતા, દસમી રાતરે સાદાતોના તાજીયા નવહા પડતા અને માતમ કરતા ફેરવવામાં આવ્યા હતા, સુન્ની બાનુઓ પણ માતમ કરતી હતી. નવી મસજીદ તરફના સમાચાર નથી પણ ધારા મુજબ આગ ઉપર માતમ મજલીસો વીગેરે થયા હશે.

રાજુલામાં હમેશા સાત આઠ મજલીસો થતી હતી, મુલ્લા અલાદીનભાઇ હાજી ઇસમાઇલ અસરકારક ઉમદા નસીહત ભરેલી વાએઝ કરતા, અને નહીં સાંભળેલ બાબતો પણ તવારીખવીગ બયાન કરતા હતા, તમામ જમાત બહુજ પસંદ કરતી અને ખુશ થતી, અને રીક્કત પણ બહુજ સારી થતી હતી, અને બીજા બીરાદરો પણ મરસીયા નવહા પડતા હતા, વીરમગામથી શેઠ પીરભાઇ સીદીભાઇ આવેલા તેઓ મરસીયા બહુજ સારા પડતા હતા, આઠમી રાત્રે અલમ મુબારક ગામમાં નવહા અને માતમ પડતા ફેરવવામાં આવ્યા હતા, માતમના શોરથી ગામ ગાજી જતુ હતુ; વોહરા બીરાદરોએ પણ માતમ કરવામાં ભાગ લીધો હતો; અને આશુરાની રાતરે **આગ** ઊપર કેટલાકે માતમ કર્યું તે જોઇને લોકો હેરત પામી ગયા, બાર દીવસ સુધી સારી નયાઝો થઇ હતી; જમાતના આગેવાનો શેઠ જીવાભાઇ જસાભાઇ; શેઠ વીરજીભાઇ જસાભાઇ; શેઠ સાલેમોહમ્મદભાઇ રેમતલા, શેઠ શામજીભાઇ ધરમશીભાઇ વી૦ ઉમંગથી મજલીસોના કામમાં ભાગલેતાહતા.

એ લખાણ બોટાદવાળા કવી શેઠ વલ્લીભાઇ કેસવજીભાઇ રાજુલે ગયા હતા તે જોઇને લખીને દોહરો લખ્યો છે કે—

મોહર્રમ કરવા મન વધે=તો જરૂર રાજુલે જાય.
વલી નજરે દેખતા=બીજે મન નહીં થાય.

**અમદાવાદ**માં આ વર્ષે જનાબ હકીમ સય્યદ મોહમ્મદ હાશમસાહેબ વાએઝ કરવા ગયા હતા, બહુજ વખાણવા લાયક વાએઝ કરી, બીરાદરો બહુજ ખુશ થયા, અને ધારા મુજબ જમણ મજલીસો સારી રીતે થીએલ છે.

**વીરમગામ** સુલેહ થયા પછી નીયમસર દર જુમેરાત વીગેરે દીવસે મજલીસોથાયછે, મદરેસો પણ ચાલુ થયો છે. વીસ બાળકો લાભ લીયેછે, મોઅલ્લીમના પગારમાં મુંબઈથી મરહુમ શેઠ જમાલભાઇ હીરજીવાળા ફંડમાંથી તથા ભાવનગર મદરેસાફંડ તરફથી મદદ મળે છે. આ વરસે મોહર્રમ બહુજ ખુબી સાથે પસાર થયો છે, જનાબના મકાનમાં દીવસ અને રાતના મજલીસો થતી હમેશા નયાઝો થતી, અને જનાબના મકાનમાં અલમ મુબારકકાઢી માતમ કરવામાં આવ્યું હતું.

**નાંદુરી**માં હરરોજ ત્રણ મજલીસો થતી હતી, ન્યાજ તારીખ ત્રીજીથી હરરોજ થતાં હતા, તા. ૯ ની રાતના હ૦ અબ્બાસ" અ૦ના અલમ મુબારક શણગાર્યા હતા, તા૦ ૧૦ની રાતના અલમ મુબારકની સવારી ગામમાં માતમ સહીત નીકળી હતી; રાતના ત્રણ વાગ્યે ફરીને ઇમામવાડે પહોંચી હતી. મજલીસો માતમમાં મુલ્લા નઝરઅલી ગાંગજીભાઇ ગુંદરણાવાળાએ સારી કાળજી અને ખંતથી કામ લીધું હતું; આશુરાના દીવસના સર્વે નાના મોટાએ ફાકો રાખ્યો હતો. તેમજ અસરની વખતે શોહદાએ કરબલાની લાશોની કેટલીક શબીહો કાઢી હતી તે જોઇને કરબલાનો આબેહુબ વાકેઆ નઝરે તરી રહયો હતો, અને રીકકત બહુજ થઇ હતી. લી૦ નાંદુરી ખોજા શીઆહ ઇસનાઅશરી જમાત.
એશીવાય બીજા શહેર કે ગામના સમાચારમળ્યાનથી. **અલ્લાહતઆલા** એસર્વેને તથા દુન્યામાં જ્યાંજ્યાં અઝાદારોએ અઝાદારી કરી વીગેરેને અઝીમ સવાબ ઇનાયત ફરમાવેઆમીન.

## ❀ પરચુરણ બાબતો. ❀

**લખાણ** અબ્બાબુલ જીનાન તથા ગયબતે કુબ્રાના લેખક કરબલા, મશહદ વી૦ તરફ ઝીયારત માટે ગયા છે, તેથી હ૦ આવેથી મોકલેથી ચાલુ થશે. બીજાના બે ત્રણ લખાણ છે તે મવકે દાખલ થશે, જામનગર; મહુવાથી બોરડીંગ અને મદરેસા બાબે લખાણ, ખંભાતથીજનાબેખલીલસાહેબેમોકલેલમરસીયો, અ૦મો૦એડનથી રૂડીરાથીશેઠએસ.જે મુલ્લાણીએ મોકલેલ હીકાયત વીગેરે મોડા મળ્યા; તા. ૨૦ સુધીમાં માસીક તૈયાર કરી, સીવડાવી, પુઠા ચોડાવી સરનામાં ચોડી ૩૦ મી સુધીમાં પોસ્ટ કરવામાં આવેછે.

**માતમ**ના વીરોધી જ૦ જાફર હુસેન મીરઅલીહુસેન સાહેબ લખનવી મુંબઈ: આપે કુરઆન અને હદીસોથી ચીલ્લાઇને રોવું, અને માતમ કરવું ગુનાહનું કામછે વીગેરે આપની મરજી મુજબ સાબીત કરીને ગુજરાતીમાં મોહટી જાહેર ખબર છપાવીને વેંહચી; તેમાંની એક નકલ એક આનો ખરચીને [illegible] પણ મોકલી, તેના જવાબમાં અમોએ આપને બે આના ખર્ચીને પોણા [illegible] હુસેન અ૦ મોકલી છે તે વાંચી વાકેફ થશો. અને તાઅઝીયે દારોને [illegible], [illegible], ઝીનાખોરી, વ્યાજ, નાચ; ગાયન, નાટક, વીગેરેનો પીછો પકડીને તેમાં [illegible] છે તે જાહેર કરીને જાહેર ખબરો છપાવશો તો આપને અઝીમ સવાબ મળશે, અને ઘણા ઇસ્લામી એવા કામથી અટકશે!

# મશહદ તથા કરબલાથી કાફલા આવ્યા, અને ગયા.

## એક ઝાએરાએ જીવતા જન્નત જોવી અને વફાત.

**મશહદ** (ખુરાસાન)માં હઝરતે ઇમામે રઝા અ૦ની ઝીયારત કરવા જંગબારથી શેઠ હાજી મોહમ્મદ જાફરભાઇ હાજી શરીફભાઈ મશહદી, પોતાની માતાજી તથા મોહરદાર અને બચ્ચાઓ સહીત ગયા શાઅબાનમાં કરબલા ગયા, માહેરમઝાન ત્યાં કરીને તેહરાનને રસ્તે મશહદ ગયા, ત્યાં ઝીયારત કરીને એજ તેહરાનને રસ્તે પાછા કરબલા ગયા, અને મોહર્રમના બાર દીવસો ત્યાં પસાર કરીને મુંબઈ આવીને જંગબાર જશે.

**તથા** જંગબારથી શેઠહાજી રેમતલ્લાભાઇ અલારખ્યા તેજાણી મશહદી, શેઠ હાજી પીરમોહમ્મદ ભાઇ ચાંપસીભાઇ મશહદી, તથા મગદીશાવાળા સર ફાજલભાઇ હાશમભાઇમશહદી, એ સર્વે પણ કુટુંબ સહીત જંગબારથી મુંબઇ, મુંબઇથી બસરા, અને બસરેથી રેલમાં કરબલા વીગેરે ગયા, માહેરમઝાન ખતમ કરીને તા૦ ૯ શવ્વાલના કાઝેમેન અ૦થી બગદાદ થઇને રેલમાં કસરે શીરીન ગયા, ત્યાંથી ઘોડા ગાડીમાં બેસીને ૫૮ દીવસે મશહદ પહોંચ્યા, તેમાં ૫-દીવસ કીરમાનશાહ, ૫-દીવસ હમદાન, ૨-દીવસ એરાક, ૮-દીવસ માઅસુમાકુમ, ૧૦-દીવસ શાહ અબદુલ અઝીઝ સાહેબ, મળી એક માશ વચમાં ઝીયારતો અને આસાએશ માટે રોકાણા; બાકી ૨૮ દીવસ ગાડીમાં થયા, અને આરામથી પહોંચ્યા, અને મશહદમાં શેઠ હાજી પીરમોહમદભાઇ ચાંપસીભાઇ ૨૦ દીવસ રહીને ઘોડા ગાડીમાં બેસી દોઝદાબ રવાના થયા તે ૨૩ દીવસે દોઝદાબ પહોંચ્યા, અને શેઠ હાજી રેમતલાભાઇ, તથા શેઠ સરફાઝલભાઇ ૩૭ દીવસ મશહદમાં રહીને મોટરમાં રવાના થયા તે ૬-દીવસમાં દોઝદાબ શેઠ હાજી પીરમોહમદભાઇ પહોંચ્યા તેજ દીવસે પહોંચ્યા. ત્યાંથી રેલમાં કુવેટે થઇને કરાંચી જઇ બે દીવસ રહીને મુંબઇ આવ્યા, અને ત્યાંથી પોત પોતાને વતન રવાના થયા હશે.

**સદમાની** બીના દીલગીરી ભરી એકે શેઠ હાજી રેમતલાભાઇ અલારખ્યા તેજાણીની મોહરદાર જ્યારે ખુરાસાન મશહદમાં પહોંચ્યા અને હ૦ ઇમામે રઝા અ૦ના રોઝા મુબારકમાં જઇને ઝીયારત કરી, ત્યારે પોતાના શવહરને કહયું કે ત્રણ વખત કરબલા તરફની, તેમજ મક્કા મદીનામાં તમામ ઝીયારતો હજ કરી, પણ હ૦ ઇમામે ગરીબુલ ગુરબા ઇમામે રઝા અ૦નો રોઝો મુબારક એવો ગમે છે કે ત્યાંથી નીકળતા દીલ થતુ નથી, ત્યારે તેમના શહવરે કહયું ખરી વાત છે, એ મવલાનો રોઝો એવોજ છે, ઇન્શા અલ્લાહ આપણે બીજી વખત ઝીયારત માટે આવશું, એમ વાતો કરતા હતા અને ખુશીની

સાથે દીવસો પસાર કરતા હતા, એટલે સુધી કે ૩૪ દીવસ પસાર થયા બાદ તા૦ ૫-મા ઝીલહજના તેમની મહોરદારને તાવ આવ્યો, ડાકટરોની દવા લીધી, બીજે દીવસે તાવ ઉતરી ગયો; તેજ રાતના સ્વપ્નામાં જન્નતમાં મોતીના ઘર જોયા, અને આવાજ આવી કે એ ઝઇફા તને શું જોવે છે? જવાબ આપ્યો કે કોણ પુછે છે? મને કોઇ દેખાતુ નથી, ત્યારે આવાજ આવીકે હું તમારો મૌલા અમીરૂલ મોઅમેનીન છું. એ સાંભળીને ત્રણ ચીજની માંગણી કરી, ૧-મારો તથા મારા શવહરનો ખાતેમો બિલખયર થાય, ૨-મારી સકરાત આસાન થાય, ૩-હું વતન પહોંચીને બચ્ચાઓને મળું એમ તા. ૭ મી ઝીલહજના વાત કરી; અને રાતે આઠ વાગે જમીને બેઠા, ત્યાં સાડા આઠ વાગે ઠંડી લાગી, બુનુસ ઓઢાડયું, પાંચ મીનીટ પછી પુછયું કેમછે? કહયું કે હજુ ટાઢ છે; વળી પાંચ મીનીટ પછી પુછયું તો કહયું કે ઠીક છે, એમ કહીને પોતાનું મોઢું ઇમામ અ૦ના રોઝા મુબારક તરફ કરીને નાદેઅલી પડીને ઇમામોના નામ લેવા શુરૂ કર્યાં, જયાં આઠમાં ઇમામે રઝા અ૦નું મુબારક નામ લીધુ ત્યારે કહયું યા મવલા મદદ કરો, અને બીજા ઇમામોના નામ લઇને કહયું યાઅમીરલ મોઅમેનીન અદરીકની,અને તરતજ રૂહપરવાઝ કરીગઇ.

તા૦ ૮ મી ઝીલહજ જુમેરાતના ઇમામ અ૦ના હરમ પાસે સહેનમાં બારસો કરાન આપીને દફન કરી, "ઇન્નાલિલ્લાહે વઇન્ના એલયહ રાજેઉન." મરહુમા અહલેબયત અ૦ની મોહબ્બત ઘણીંજ ધરાવતી હતી, ચઉદ માઅ-સુમ અ૦ની ઝવ્વાર, હજથી ફારેગ, અવલાદ ૨૭ થઇ તેમાં બે હયાત છે, તે બન્ને ફરઝંદ મોટી ઊમરનાછે વઇવટ ચલાવેછે, ખુદા એ મરહુમાને જન્નતમાં આલી દરજા ઇનાયત ફરમાવે, શવહર તથા અવલાદ અને સગાવ્હાલાઓને સબર ઇનાયત કરે આમીન.

ગયા મોહર્રમની૧૭મી તારીખે મુંબઇથી ભાવનગરવાળા શેઠ અલીભાઈ બાબુલભાઇવજીર પોતાની મોહરદાર સહીત, તથા દખણહયદરાબાદવાળા શેઠ ઇનાયતુલ્લાહભાઇ વાલજીભાઇ પોતાની મોહરદાર સહીત, તથા મુંબઇવાળા શેઠ રમઝાનઅલીભાઈ મેગજીભાઇ પોતાની મોહરદાર સહીત, તથા શેઠફાજલભાઇ હાજી બંદાઅલી રામજીભાઇ પોતાની મહોરદારસહીત, તથા શેઠપ્યારઅલીભાઇ ફાજલભાઇ પોતાની મોહરદાર તથા પોતાની માતાજી સહીત, તથા શેઠઅલીમોહમ્મદભાઇ ફાજલભાઈ ચીનાઇ પોતાની મોહરદાર તથા સાસુ સહીત, તથા લખનઉથી એક જ૦ સૈય્યદ મોહમ્મદસાહેબ ઝીયારત જવા માટે મુંબઇ ગયા, ત્યાં જોગ નહીં થવાથી ગભરાણા, અને દોઆ કરવા લાગ્યા ત્યાં કોઇ ઇસ્માઇલી ખોજા બીરાદરે મજલીસ પડવા પુને મોકલ્યા, તેમનું પડવું ત્યાં પસંદઆવ્યું, આશુરા પછી પુછયું શુંહાજતછે? સય્યદસાહેબે કહયું કે દોઝદાબ રસ્તે ખુરાસાન જવું છે. રૂ૧૦૦૦ નો ખરચ છે, તરત ઇસમાઇલી બીરાદરોએ એટલી રકમ આપી, અને રએને ત્યાંથી કરબલા